પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2022-2024 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®

સાંધ્ય દૈનિક

શહેર આવૃત્તિ પાના: ૧૪
તા. ૧૧-૧૨-૨૦૨૩, સોમવાર
વર્ષ: ૧૨, અંક: ૨૩૭

94266 72303 @abtakmedia
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
www.abtakmedia.com @abtak.media

Price Rs. : 4 Address : RASHTRIYA SHALA RD, RAJKOT 0281- 246 1234, 2460 999 abataknews@gmail.com

સુવિચાર

આજે લોકો ભેગુ કરવા જીવે છે ને પહેલા લોકો ભેગુ રહેવા જીવતા હતા...





RAJMOTI
મારા ભરોસાનું તેલ, રાજમોતી સીંગતેલ
ઉત્પાદક : શ્રી રાજમોતી ઈન્ડસ્ટ્રીઝ, ભાવનગર રોડ, રાજકોટ.
શોપ નં 9 અને 10, ગ્રાઉન્ડ ફ્લોર, યશ કોમ્પ્લેક્ષ,
ઈસ્ટ ઝોન કોર્પોરેશન ઓફીસની સામે, ભાવનગર રોડ, રાજકોટ.
For Free Home Delivery Call : 0281 - 2703491 - 92 - 94 - 95 - 96 / 63525 26922 / 93280 41262 / 93165 26975
ડબલ ફિલ્ટર્ડ સીંગતેલ, રીફાઈન્ડ કપાસીયા તેલ, રીફાઈન્ડ સીંગતેલ
Most reputed brand in Groundnut Oil

તમારો ડબ્બો લઈને આવો અને મેળવો રૂ.૧૧૦ નો ચોખ્ખો ફાયદો




શેર બજારે ઈતિહાસ રચ્યો: સેન્સેક્સ પહેલીવાર ૭૦ હજારને પાર



લોકસભા ચૂંટણી પૂર્વે માયાવતીનો મોટો નિર્ણય: ભત્રીજા આકાશને બસપાની કમાન સોંપી

Coca-Cola

કોકાકોલા-ઈન્ડિયાની આલ્કોહોલ ક્ષેત્રમાં એન્ટ્રી: નવી પ્રોડક્ટનું પાયલોટ પરીક્ષણ શરૂ

paytm

પેટીએમ વૈશ્વિક પેમેન્ટ પ્લેટફોર્મ વિકસાવવા ગિફ્ટ સિટીમાં પ્રવેશશે



અંડર ૧૯ એશિયા કપમાં ભારતનો પાકિસ્તાન સામે આઠ વિકેટે પરાજય

# રાજકોટ સહિત સૌરાષ્ટ્રનો ૭૫% વિસ્તાર હવે સિંહોનું સત્તાવાર રીતે ઘર બનશે !!

## રાજકોટ શહેર, જસદણ, જેતપુર, બોટાદ અને ભાવનગર આસપાસના વિસ્તારોનો બૃહદ ગીર અભયારણ્યમાં થશે સમાવેશ

### સાવજોના વસવાટના વિસ્તરણની માંગણી હવે ૧૬ વર્ષ બાદ પૂર્ણ થશે

૧૬ વર્ષ બાદ આખરે લાંબા સમયથી પડતર માંગણીને ગંભીરતાથી લેવામાં આવી રહી છે. વરિષ્ઠ વન અધિકારીએ જણાવ્યું હતું કે, ગ્રેટર ગીરના વિસ્તરણની દરખાસ્તમાં સિંહોની અવરજવર વાળા તમામ સ્થળોનો સમાવેશ થાય છે.

**અબતક, અમદાવાદ**

સૌરાષ્ટ્રનો ત્રણ ચતુર્થાંશ વિસ્તાર એટલે કે ૭૫ ટકા વિસ્તાર હવે સત્તાવાર રીતે એશિયાટીક સિંહોનું ઘર બનવા જઈ રહ્યો છે.છેલ્લી ગણતરી મુજબ નોંધાયેલ ૬૭૪ ડાલામથ્થાઓ ટૂંક સમયમાં જ પોતાને માટે એક મોટો સંરક્ષિત વિસ્તાર ધરાવશે, જેમાં વન વિભાગે બૃહદ ગીર અભયારણ્યને અડીને આવેલા વિસ્તારોનો સમાવેશ કરીને, તેનું કદ હાલના ૧૦,૦૦૦ ચોરસ કિલોમીટરથી ત્રણ ગણો વધીને ૩૦,૦૦૦ ચોરસ કિમીના વિશાળ વિસ્તરણની દરખાસ્ત કરી છે.

આનો અર્થ એ થશે કે સિંહો માટે સલામત ઝોન હવે અમરેલી, મહુવા અને પાલિતાણાથી આગળ વધારવામાં આવશે અને નવા સ્થળોએ ફોરેસ્ટ પેટ્રોલિંગ ટીમો તૈનાત કરવામાં આવશે. સૂત્રોએ જણાવ્યું હતું કે સરકારને મંજૂરી માટે મોકલવામાં આવેલી દરખાસ્તમાં રાજકોટ શહેર, જસદણ, જેતપુર, બોટાદ અને ભાવનગરની આસપાસના વિસ્તારોનો સમાવેશ થાય છે.

મે ૨૦૦૭માં ગુજરાત સરકારે ગીર અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાનની સંરક્ષિત સીમાઓની બહારના વિસ્તારોને તેમની વસ્તીને ધ્યાનમાં લઈને સમાવવા માટે બૃહદ ગીરની વિભાવના જાહેર કરી. તે અમરેલીથી દરિયાકાંઠાના વિસ્તારો, શેત્રુંજી નદી વિસ્તાર, મહુવા અને પાલિતાણા સુધી વિસ્તરેલું હતું.

તાજેતરમાં, સિંહોની વસ્તી વધી રહી છે, આપણે તેમના માટે સંરક્ષિત વિસ્તારને વિસ્તારવાની અને તેમને નવા સ્થળોએ તૈનાત કરવા માટે જવાબદાર વન અધિકારીઓની કેડર બનાવવાની જરૂર છે. અત્યાર સુધી આ વિસ્તારોની દેખરેખ માત્ર વન્યજીવ વિભાગ દ્વારા જ કરવામાં આવતી હતી, પરંતુ નોટિફિકેશન જાહેર થયા બાદ સામાજિક વનીકરણ કર્મચારીઓને જવાબદાર બનાવવામાં આવશે. તેમને પેટ્રોલિંગ માટે તમામ જરૂરી સુવિધાઓ પણ મળશે,એક વરિષ્ઠ વન અધિકારીએ જણાવ્યું હતું.

અન્ય એક

(અનુ. આઠમા પાને)



### નવા વિસ્તારોમાં સંરક્ષણ અને જાગૃતિ અભિયાનો ચલાવાશે

ચીફ વાઈલ્ડલાઈફ વોર્ડન અને મુખ્ય વન સંરક્ષક (વન્યજીવન) નિત્યાનંદ શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, ગ્રેટર ગીરમાં નવા વિસ્તારો ઉમેરવાની દરખાસ્ત ઉચ્ચ સત્તાવાળાઓને મોકલવામાં આવી છે અને ટૂંક સમયમાં સૂચના અપેક્ષિત છે. ત્યારબાદ નવા વિસ્તારોમાં સ્થાનિક લોકોમાં સંરક્ષણ અને જાગૃતિ અભિયાન ચલાવવામાં આવશે.

### વન કર્મીઓને દર મહિને ૧૬૦૦ કિમીનું પેટ્રોલિંગ કરવું પડશે

ફોરેસ્ટરે દર મહિને ઓછામાં ઓછી ૧,૬૦૦ કિમીની મુસાફરી કરવી પડશે જ્યારે બીટ ગાર્ડે ૧,૨૦૦ કિમીની મુસાફરી કરવી પડશે. આ વ્યવસ્થા સુનિશ્ચિત કરશે કે તેઓ બે દિવસમાં ઓછામાં ઓછા એક વખત સમગ્ર સંરક્ષિત વિસ્તારમાં પેટ્રોલિંગ કરે.

### નવા વિસ્તારોમાં સિંહોની સુરક્ષા જાળવવામાં વન વિભાગ માટે અનેક પડકારો આવશે

બૃહદ ગીર અભયારણ્યનો વિસ્તાર વધતા વન વિભાગ માટે અનેક મોટા પડકારો પણ આવવાના છે. જેમાં સિંહોના આકસ્મિક મૃત્યુને રોકવા માટે નવા વિસ્તારોમાં ખુલ્લા કુવાઓની આસપાસ પેરાપેટ દિવાલો અથવા બેરિકેડ પણ સ્થાપિત કરવામાં આવશે. નવા વિસ્તારોમાં સિંહો ઉપર કોઈ જોખમ ન આવે તેની પણ તકેદારી રાખવી પડશે.

## બૃહદ ગીર અભયારણ્યનું કદ ૧૦,૦૦૦ ચોરસ કિમીથી વધારીને ૩૦,૦૦૦ ચોરસ કિમી સુધી કરવા સરકારમાં દરખાસ્ત

### કેન્દ્ર સરકારે લીધેલો નિર્ણય બંધારણીય: ચીફ જસ્ટિસ

# જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવાના કેન્દ્રના નિર્ણયને સુપ્રીમની મહોર

### કલમ ૩૭૦ની જોગવાઈઓને હટાવવાનો નિર્ણય જમ્મુ-કાશ્મીરના એકીકરણ માટે અત્યંત જરૂરી: સુપ્રીમ કોર્ટ

**અબતક, નવી દિલ્લી**

જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવાના મુદ્દે દેશની સર્વોચ્ચ અદાલતે પોતાનો ચુકાદો આપી દીધો છે. જયારે આખા વિશ્વની આ મુદ્દે મીટ મંડાઈ હતી ત્યારે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારના નિર્ણય પર મ્હોર મારી દીધી છે. જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબૂદ કરવાની કાયદેસરતાને પડકારતી અરજીઓ પર આજે સુપ્રીમ કોર્ટ પોતાનો ચુકાદો આપી રહી છે.(અનુ. આઠમા પાને)

### હવે જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણીનું કાઉન્ટ-ડાઉન: ૩૦ સપ્ટેમ્બર સુધી ચૂંટણી યોજી દેવા અદાલતનો આદેશ

કલમ ૩૭૦ અંગે સુપ્રીમ કોર્ટનો નિર્ણય આવી રહ્યો છે. સુપ્રીમ કોર્ટનું કહેવું છે કે કલમ ૩૭૦ની જોગવાઈ યુદ્ધ બાદ ઉભી થયેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને (અનુ. આઠમા પાને)

# સ્માર્ટ મીટરમાં દિવસે સસ્તી વીજળી મળશે, રાત્રે ચાર્જ વધુ હશે

### પીજીવીસીએલ દ્વારા ડિસેમ્બરના છેલ્લા સપ્તાહથી મીટર લગાવવાનું કામ શરૂ કરાશે, બે વર્ષમાં ૨૩ લાખથી વધુ મીટર લગાવવાનું લક્ષ્યાંક

**અબતક, રાજકોટ**

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ રાજ્યભરમાં ગ્રાહકોને ટૂંક સમયમાં જ સ્માર્ટ મીટરનો લાભ આપવા માટે કમર કસી રહ્યું છે. જેમાં ગ્રાહકોને દિવસ દરમિયાન સસ્તી વીજળીનો પણ લાભ અપાશે. જો કે રાત્રીના સમતે વીજળીના ચાર્જ દિવસના પ્રમાણમાં સસ્તા રાખવામાં આવશે.



જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં ક્યાં કેટલા મીટર લાગશે?

| | | | |
|---|---|---|---|
| રાજકોટ શહેર | ૧.૫૬લાખ | ભાવનગર | ૧.૮૨ લાખ |
| રાજકોટ ગ્રામ્ય | ૨.૫૯ લાખ | જામનગર | ૫.૩૨ લાખ |
| મોરબી | ૯૨ હજાર | અમરેલી | ૨.૫ લાખ |
| જૂનાગઢ | ૧.૭૨ લાખ | અંજાર | ૧.૦૯ લાખ |
| પોરબંદર | ૨.૦૨ લાખ | ભૂજ | ૧.૯૬ લાખ |

જીયુવીએનએલના એમડી જય પ્રકાશ શિવહરેએ જણાવ્યું હતું કે, કેન્દ્રીય માર્ગદર્શિકા મુજબ, (અનુ. આઠમા પાને)


Vibrant GUJARAT 2024
10-12 Jan
Gateway to the Future | 10th Global Summit

અમૃતકાળનું પહેલું વાઈબ્રન્ટ ગુજરાત
10મી આવૃત્તિ
20 વર્ષની સફળતા
30 દિવસ બાકી
મહાત્મા મંદિર કન્વેન્શન સેન્ટર, ગાંધીનગર, ગુજરાત | www.vibrantgujarat.com | vibrantgujarat | vibrant_gujarat

### જાણો વિશ્વના ટોપ ૧૦ જોખમી એરપોર્ટ વિશે

# નેપાળનું વિમાન મથક લુકલા વિશ્વનું સૌથી ખતરનાક એરપોર્ટ

## વિશ્વભરનાં ઘણા એરપોર્ટ તેના ટેકઓફ અને લેન્ડિંગના ટુકા એરીયા સાથે આસપાસનાં ભૂપ્રદેશ, પહાડો, જળાશયો સહિતના વિવિધ કારણે જોખમી બને છેઃ આપણાં દેશમાં દિલ્હી, મુંબઈ, બેંગ્લોર, હૈદરાબાદ જેવા એરપોર્ટ ખુબજ વ્યસ્ત એરપોર્ટ ગણાય છે

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

પ્લેનમાં હવાઈ સફરકરવાનાં રામોંચ અનેરો હોય છે, ઘણાને પ્લેન ટેકઓફ કે લેન્ડિંગ થાય ત્યારે ડર લાગતો હોય છે.એરપોર્ટ સંચાલનની વિવિધ વાતો,તેની વ્યવસ્થા, સુરક્ષા બાબતે ઘણી માહિતી આપણને ખબર હોતી નથી આપણે બે કલાક અગાઉ ચેકિંગ ટાઈમે પહોચીને બધી કાર્યવાહીમાંથી પસાર થઈને ફલાઈટમાં સફર કરતાં હોય છીએ.એરપોર્ટ ઉપર આવતા પ્લેના ઉતરાણ-ચઢાણ બાબતેએક શ્રેષ્ઠ વ્યવસ્થા કાર્યરત હોય છે. ખાલી પ્લેનનાં સ્ટે માટે પણ અલાયદી વ્યવસ્થા રાખી હોય છે. એરપોર્ટ આસપાસનું વાતાવરણ, ભૂપ્રદેશ, તેનોરનવે વિગેરેનું આયોજન શ્રેષ્ઠ હોવાથી અકસ્માત થવાનો ભય નહિવત હોય છે. વિશ્વની સૌથી મોટી અર્થ વ્યવસ્થા વાળા આપણાં દેશ ભારતમાં ઘણા એરપોર્ટ ખુબજ વ્યવસ્ત હોય છે. એરપોર્ટમાં ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ એમ બે વિભાગ હોય છે.

વિશ્વના ઘણા એરપોર્ટ તેના આસપાસનાં ભૂપ્રદેશ અને પહાડો, ખીણો, જળાશયોને કારણે ટેક ઓફ અને લેન્ડિંગ જેવી અગત્યની બાબતોમાં જોખમી ગણાય છે.

બસ રેલવે ન જઈ શકે ત્યાં હવાઈ મુસાફરી સુગમતા વાળી હોવાથી લોકોની તે પ્રથમ પસંદગી છે. આજે આ લેખમાં વિશ્વના ખતરનાક એરપોર્ટ વિશે વાત કરવી છે.

સફેદ બરફની ચાદર જેવા એરપોર્ટ ઉપર પ્લેન લેન્ડિંગ કે ટેકઓફ થાય ત્યારે નજારો આકર્ષક લાગતોહોય છે,તો પર્વતોમાંથી કોતરીને બનાવેલો રનવે સાંકડી ખીણા વચ્ચેથી પ્લેન ઉતરે કે ચડે ત્યારે મુસાફરના શ્વાસ થંભી જતાં હોય છે. કેટલાક એરપોર્ટ વારંવાર ખરાબ હવામાન, ઉંચી ઉંચાઈને કારણે અસુરક્ષીત હોય છે.




### આ છે, વિશ્વના સૌથી ખતરનાક એરપોર્ટ

**લુકલા એરપોર્ટ (તેનઝિંગ હિલેરી એરપોર્ટ) નેપાળ**

માઉન્ટ એવરેસ્ટ હાઈટના પ્રારંભિક બિંદુ તરીકે સેવા આપતાં આ એરપોર્ટ તેના લેન્ડિંગ અને ટેક ઓફ સાથે તે છેલ્લા ૨૦ વ ર્ષથી જોખમી એરપોર્ટના ક્રમાંકમાં પ્રથમ સ્થાને આવે છે.અહી વારંવાર ખરાબ હવામાન અને વાદળ છાયુ હવામાન હોવાથી પાયલોટની કસોટી થાય છે. એવરેસ્ટ પર ચડતા પહેલા આ એરપોર્ટ અંતિમ પડાવ છે. ઉતરાણ કરે, કે ચઢાણ વખતે પ્લેનને સતત ચાલુ જ રાખવું પડે છે. આ એરપોર્ટ દરેક જોખમનો સામનો કરે છે. પવર્ત માળા ઉપર હોવાથી પ્લેન ને ધીમુ પાડવામાં પણ મુશ્કેલી થાય છે. પહેલા લુકલા અને હવે તેનું તેનુ મિંગ હિલેરી એરપોર્ટ રાખેલ છે.

**બારા ઈન્ટરનેશનલ એરપોર્ટ સ્કોટલેન્ડ**

સ્કોટલેન્ડમાં બારા દ્વિપના ઉતરીય છે ડે આવેલું આ એરપોર્ટ તેનુ ટુંકા રનવેથી જાણીતું છે. તે વિશ્વનું એકમાત્ર એરપોર્ટ છે, જે બીચનો રનવે તરીકે ઉપયોગ કરે છૈ,અહી ત્રણ રનવે છે, પણ બધાજ ભરતી વખતેડુબી જાય છે. ભારે પવનો અને ભરતીનાં સમયેકે રાત્રીનાં સમયે આ એરપોર્ટનો ઉપયોગ કરી શકાતો નથી.

**ટોનકોન્ટિન ઈન્ટરનેશનલ એરપોર્ટ-હોન્ડુરાસ**

વિશ્વનું બીજા નંબરનું વ્યસ્ત એરપોર્ટ તેના પર્વતીય ભૂપ્રદેશથી ઘેરાયેલું છે. પાયલોટસ માટે નેવીગેટ કરવા માટે વિશ્વનુ સૌથી મુશ્કેલ એરપોર્ટમાનું એક છે. રનવે છેતરામણો અને મુશ્કેલ નેવીગેશનથી ભરેલો છે,ટુંકો રને પ્રતિકુળ હવામાનમાં જીવલેણ બની શકે છે.

**પ્રિન્સેસ જુલિયાના ઈન્ટરનેશનલ એરપોર્ટ-સેન્ટમાર્ટીન, કેરેબિયન ટાપુઓ**

આ એરપોર્ટ માર્ટિન ટાપુ પરનું પ્રાથમિક પરિવહન કેન્દ્ર છે, નાના ટાપુઓ માટે મુખ્ય આઉટલેટ તરીકે પણ સેવા આપે છે. તેના ટુકા રનવે કારણે ચિંતાનું કારણ હોવા છતાં, વ્યસ્ત એરપોર્ટ છે. નજીકનાં ભીડવાલા બીચ ઉપરથી પ્લેન પસાર થાય ત્યારે લોકોનું આકર્ષણ બને છે. જેટએન્જિનનો તીવ્ર અવાજ બીચ પર રેલાય જાય છે.

**પારો એરપોર્ટ -ભૂતાન**

હિમાલયમા ભૂતાનમાં પારો નદીના કિનારે ઉંડી ખીણમાં આવેલું છે તે ઘણા પર્વતીય શિખરોથી ઘેરાયેલું છે. આ વિસ્તારઅત્યંત ક્રોસ વિન્ડ હોવાથી વિમાનને માર્ગદર્શન આપવા કોઈ રડાર નથી ઉંચી ઉંચાઈ અને કઠોર ભૂ પ્રદેશ હોવાથી મુશ્કેલ અને ખતરનાક છે. આ એરપોર્ટ પર ઉતરાણ કરવા માત્ર આઠ પાયલોટ પ્રમાણીત છે.

**કૌર્ચેવેલ એરપોર્ટ-ફ્રાન્સ**

આ એરપોર્ટનો રનવે માત્ર ૧૬૬૨ ફૂટનો અત્યંત ટુકો છે. તે મોટા પહાડો વચ્ચે ઘેરાયેલો છે. અહી માત્ર નાના વિમાનો ઉતરી શકે તેવી વ્યવસ્થા છે. ત્યાં કોઈ લેન્ડિંગ પ્રક્રિયાઓકે સાધનો નથી, રનવે ઉપરની તરફ ઢોળાય છે, જેના પર ઉતરવું જોખમકારણક છે પ્રતિકુળ હવામાનમાં તે પાયલોટને દેખાતુ પણ ન હોવાથી સમસ્યા વધી જાય છે.

### કોઝિકોડ એરપોર્ટ,કેરળ, સિમલા એરપોર્ટ, જમ્મુ એરપોર્ટ, કુલ્લુ-મનાલી એરપોર્ટ અને લક્ષદ્વીપ એરપોર્ટ પ્લેન ટેકઓફ અને લેન્ડિંગ માટે મુશ્કેલી ભર્યા છેઃ સાઉદી અરેબીયાના દમ્મામાં આવેલ એરપોર્ટ ૩૦૦ ચોરસમાઈલનું વિશ્વનું સૌથી મોટું એરપોર્ટ

**કંસાઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ-જાપાન**

આ એરપોર્ટ જાપાનના ગ્રેટરઓસાકા નજીકનું મુખ્ય એરપોર્ટ છે, તે ઓસાકા ખાડીમાં એક કૃત્રિમ ટાપુપર આવેલું છે. એટલે કે તેની રનવે પટ્ટી પણ ઘેરાયેલી છે. આ એરપોર્ટ કુદરતી આફતો,ચક્રવાત, ધરતીકંપ વખતે સંવેદનશીલ બનાવે છે. કયારેક તો દરિયાની સપાટી વધવાને કારણે એરપોર્ટ સંપૂર્ણ ડુબી જવાનો ભય લાગે છે.

**જી બ્રાલ્ટર ઈન્ટરનેશનલ એરપોર્ટ-બ્રિટીશ ઓવરસીઝ ટેરિટંરી**

બ્રિટીશ વિદેશી પ્રદેશમાં સ્થિત એરપોર્ટનો રનવે એક જુદો જ છે, કારણ કે તે વિસ્તારના મુખ્ય રસ્તાઓમાંથી તે રનવેને છેદે છે,એટલે કે જયારે પ્લેન ઉડે ત્યારે લોકોએ શેરીપાર કરવા રાહ જોવી પડે છે. વાહન હિલચાલને નિયંત્રિત કરવા ટ્રાફીક સિગ્નલ પણ છે. રન વે આવી સિસ્ટમમાં વિશ્વમાં એકમાત્ર આ એરપોર્ટ ઉપર છે, ગાડી માટે જેમ ફાટક હોય તેમ રનવેમાં પણ ફાટક પ્રથાને કારણે તેવિશ્વમાં જોખમી એરપોર્ટના ૮માં ક્રમે આવે છે.

**સ્વાલબાર્ડ એરપોર્ટ-નોર્વે**

આ નોર્વેજીયન એરપોર્ટ વિશ્વના સૌથી ઉંચા સ્થળે આવેલું એરપોર્ટ છે, અને ખાસ વાત એ છે કે,તેનો રનવે બરફ પર બનેલો છે, જેને કારણે તે વિશ્વનું સૌથી ખતરનાક એરપોર્ટ ગણાય છે, ઉંચા પહાડો પર આવેલ એરપોર્ટ નિયમિત પણે ખરાબ હવામાનનો સામનો કરતું જોવા મળે છે, આ એરપોર્ટ નોર્વેના ઈતિહાસમાં સૌથી ખરાબ પ્લેન ક્રેસ કે અકસ્માતનું સ્થળ પર ગણાતું હતુ.

**જુઆન્ચો ઈ-વરૌસ્કોન એરપોર્ટ-સાબા, ડચ કેરેબિયન આઈલેન્ડ**

દુનિયાના એરપોર્ટમાંથી સૌથી નાનો ૧૩૧૨ ફૂટનો રનવે ધરાવતું એરપોર્ટ ટાપુ પર આવેલું છે. રનવેનાં બંને છેડે ખડકો પર પડતા હોવાથી જે સમુદ્રને માર્ગ આપે છે.અહી મોટા એરક્રાફટને લેન્ડિંગની મંજુરી નથી ઘણીવાર નાના વિમાનો પણ લેન્ડિંગ વખતે મુશ્કેલીઉભી થતા પ્લેન દરિયામાં સમાઈ જાય છે.

### ઉંચા પર્વતો ઉપર આવેલા ટુંકા રનવેથી લઈને ઉંડા સમુદ્રના પાણીથી ઘેરાયેલા એરપોર્ટ પર ઉતરવા અને ઉડવાની તકલીફને કારણે ડરામણા છેઃ પાયલોટને પર્વતમાં કોતરવામાં આવેલા રન વે કે સાંકડી ખીણમાંથી દેખાતા રનવે પર ઉતરાણ કરવું ઘણું કઠીન છે

## ઈડીયટ વ્યુ

- સંજય કોરીયા




## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૧-૧૨-૨૦૨૩ સોમવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ સાંસદનું શિયાળુ સત્ર
૦૨:૦૦ થી ૦૨:૩૦ સમાચાર
૦૨:૩૦ થી ૦૫:૦૦ સાંસદનું શિયાળુ સત્ર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (રંગ રંગીલા ગુજ્જુભાઈ )
૦૭:૦૦ થી ૦૭:૩૦ મનુ મોજીલો
૦૭:૩૦ થી ૦૮:૦૦ ચાય પે ચર્ચા (ડાયાબિટીસ)
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૦૯:૩૦ સમાચાર
૦૯:૩૦ થી ૧૨:૦૦ કલાકુંભ
**તારીખ ૧૨-૧૨-૨૦૨૩ મંગળવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ હનુમાનકથા (પૂ.હરિપ્રકાશ સ્વામી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ મોટિવેશનલ સ્પીચ

## ગોંડલઃ વેપારી આગેવાને માંગેલ માહિતી ૧૫ દિમાં પુરી કરવા પાલીકાને કમિશ્નરનો આદેશ

**અબતક, હરેશ ગણોદીયા, ગોંડલઃ** ગોંડલ ગ્રેટર ચેમ્બર્સ ઉપ પ્રમુખ અને વેપારી આગેવાનએ શહેરમાં થયેલા ડીમોલેશન અંગે જાહેર માહિતી અધિકારનો ઉપયોગ કરી વિગતો માંગવામા આવી હતી જે સમયમર્યાદા માં પુરી ન પાડતાં પ્રાદેશિક કમિશ્નરને અપીલ કરવામાં આવતાં ૧૫ દિવસોમાં જરૂરી માહિતી પૂરી પાડવા હુકમ કરતાં ફરી પાલિકા કચેરીમાં ચર્ચામાં આવી છે. ગોંડલના વેપારી આગેવાન ગૌ સેવક અને ગ્રેટર ચેમ્બર્સ ઉપ પ્રમુખ જયકરભાઈ જીવરાજાણી દ્વારા પાલિકા કચેરી દ્વારા કરવામાં આવેલ ડીમોલેશન દરમિયાન ચીફ ઓફીસર તથા નગર પાલિકા સ્ટાફની મનમાની અને પ્રમાણીક પણે ફરજ ન બજાવતાં ગત.તા.૩૦/૫ ના રોજ જરૂરી માહિતી માંગવામા આવેલ હતી જે સમયમર્યાદામાં પૂરી પાડવામાં ન આવતાં સી.એમ.ઓ. તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ સહિતને રજૂઆત કરવામાં આવી હતી ત્યારે મામલતદાર દ્વારા મૌખિક સુચના પાલિકા કચેરીને આપી હતી.

## અબતક પંચાગ

**તા.૧૨-૧૨-૨૦૨૩ મંગળવાર**

| | |
|---|---|
| **વિક્રમ સંવત** | ૨૦૮૦ **શાલીવાહન શકિ**: ૧૯૪૫ |
| **ખ્રિસ્તી સંવત** | ૨૦૨૩ |
| **તિથી** | કારતક વદ અમાસ,દશ અમાસ વિછુડો |
| **નશ્રત્ર** | અનુરાધા |
| **યોગ** | ધૃતિ **કરણઃ** અતુષ્પાદ |
| **સુર્યોદય** | ૭.૧૭ **સુર્યાસ્તઃ** ૬.૦૫ |
| **ચંદ્ર રાશી** | વૃશ્ચિક |
| **રાશિ અક્ષર** | ન,ય |
| **દિશાશૂળ** | ઉત્તર દિશાતરફ |
| **રાહુકાળ** | બપોર ૩ થી ૪.૩૦ |
| **દિવસનાચોઘડીયા** | રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ |
| **રાત્રીનાચોઘડીયા** | કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ |
| **અભિજીત મુહૂર્ત** | બપોરે ૧૨.૧૮ થી ૧.૦૧ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૨૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | | ૫ | ૪ | | | | |
| | | | ૨ | ૮ | | ૫ | | |
| | | | | | | | ૩ | ૮ |
| ૪ | | ૩ | ૬ | | | | | |
| ૨ | | | | | | | | ૭ |
| | ૧ | | ૯ | | | | | |
| | | ૪ | | | | ૩ | ૨ | |
| ૯ | | ૬ | | ૫ | ૨ | | | ૪ |
| ૩ | | | ૭ | ૯ | | | ૫ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૨૮ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૩ | ૨ | ૧ | ૫ | ૭ | ૯ | ૬ | ૪ |
| ૪ | ૭ | ૬ | ૨ | ૩ | ૯ | ૫ | ૧ | ૮ |
| ૧ | ૫ | ૯ | ૮ | ૬ | ૪ | ૨ | ૩ | ૭ |
| ૨ | ૪ | ૩ | ૭ | ૯ | ૫ | ૬ | ૮ | ૧ |
| ૫ | ૬ | ૮ | ૪ | ૧ | ૩ | ૭ | ૨ | ૯ |
| ૭ | ૯ | ૧ | ૬ | ૨ | ૮ | ૪ | ૫ | ૩ |
| ૩ | ૧ | ૪ | ૫ | ૭ | ૬ | ૮ | ૯ | ૨ |
| ૯ | ૮ | ૫ | ૩ | ૪ | ૨ | ૧ | ૭ | ૬ |
| ૬ | ૨ | ૭ | ૯ | ૮ | ૧ | ૩ | ૪ | ૫ |

## રાજકોટ માર્કેટ યાર્ડ

### શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| લીંબુ | ૩૯૫ | ૪૦૦ | ૮૦૦ |
| બટેટા | ૩૨૫૦ | ૧૩૦ | ૫૦૦ |
| ટમેટા | ૧૨૩૦ | ૧૬૦ | ૪૦૦ |
| સુરણ | ૮૬ | ૫૦૦ | ૮૦૦ |
| કોથમરી | ૨૯૮ | ૧૦૦ | ૨૩૦ |
| મુળા | ૬૫ | ૨૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૩૯૨ | ૩૨૦ | ૬૧૦ |
| કોબીજ | ૪૮૫ | ૧૬૦ | ૨૪૦ |
| ફલાવર | ૩૬૫ | ૩૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૧૮૬ | ૬૫૦ | ૯૫૦ |
| ગુવાર | ૨૯૩ | ૭૦૦ | ૧૧૦૦ |
| ચોળાસીંગ | ૯૨ | ૪૦૦ | ૭૨૦ |
| વાલોળ | ૭૫ | ૫૦૦ | ૮૦૦ |
| ટીંડોળા | ૮૯ | ૪૦૦ | ૭૦૦ |
| દુધી | ૩૮૦ | ૨૦૦ | ૫૦૦ |
| કારેલા | ૨૭૫ | ૨૫૦ | ૪૫૦ |
| સરગવો | ૫૬ | ૫૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૨૮૬ | ૮૫૦ | ૧૨૦૦ |
| પરવર | ૮૨ | ૫૦૦ | ૯૦૦ |
| કાકડી | ૯૫ | ૪૦૦ | ૮૦૦ |
| ગાજર | ૨૯૪ | ૨૦૦ | ૫૦૦ |
| વટાણા | ૧૪૫ | ૩૫૦ | ૬૫૦ |
| તુવેરસીંગ | ૧૨૩ | ૫૦૦ | ૮૦૦ |
| ગલકા | ૯૨ | ૪૦૦ | ૭૦૦ |
| બીટ | ૧૩૫ | ૧૫૦ | ૨૫૦ |
| મેથી | ૧૪૭ | ૨૦૦ | ૪૦૦ |
| વાલ | ૭૬ | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૧૫૬ | ૨૦૦ | ૪૮૦ |
| આદુ | ૧૯૬ | ૧૫૦૦ | ૧૮૦૦ |
| ચણા લીલા | ૧૮૯ | ૨૦૦ | ૫૦૦ |
| મરચા લીલા | ૪૮૬ | ૩૫૦ | ૬૮૦ |
| હળદર લીલી | ૫૭ | ૬૦૦ | ૧૦૦૦ |
| લસણ લીલું | ૭૪ | ૨૪૦૦ | ૨૯૦૦ |
| મકાઈ લીલી | ૨૯૩ | ૧૨૦ | ૨૬૦ |

### અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૧૦૦૦ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ઘઉં લોકવન | ૩૭૫ | ૫૨૮ | ૫૮૪ |
| ઘઉં ટુકડા | ૨૯૫૦ | ૫૪૨ | ૬૪૬ |
| જુવાર સફેદ | ૧૦૦ | ૮૦૦ | ૧૧૫૦ |
| બાજરી | ૧૨૦ | ૩૯૫ | ૫૪૦ |
| તુવેર | ૨૦૦ | ૧૬૦૦ | ૨૨૯૦ |
| ચણા પીળા | ૩૮૦ | ૧૦૨૦ | ૧૧૫૦ |
| ચણા સફેદ | ૮૦ | ૧૮૫૦ | ૨૮૫૦ |
| અડદ | ૬૫૦ | ૧૬૦૦ | ૧૯૫૫ |
| મગ | ૬૨૦ | ૧૩૫૦ | ૨૧૦૦ |
| વાલ દેશી | ૧૫ | ૨૪૦૦ | ૩૮૦૦ |
| ચોળી | ૫૦ | ૨૯૪૦ | ૩૩૦૦ |
| મઠ | ૪૫૦ | ૧૧૫૦ | ૧૪૩૪ |
| વટાણા | ૨૦ | ૧૦૦૦ | ૧૨૫૦ |
| સીંગદાણા | ૬૦ | ૧૭૪૦ | ૧૭૯૦ |
| મગફળી જાડી | ૮૦૦૦ | ૧૧૩૦ | ૧૪૭૪ |
| મગફળી જીણી | ૯૫૦૦ | ૧૧૦૦ | ૧૩૧૫ |
| તલી | ૨૮૦ | ૨૬૫૦ | ૩૨૩૪ |
| સુરજમુખી | ૪ | ૬૩૦ | ૬૭૫ |
| એરંડા | ૨૫૦ | ૧૦૮૦ | ૧૧૬૩ |
| અજમો | ૮ | ૧૮૦૦ | ૩૦૦૦ |
| સોયાબીન | ૧૫૦૦ | ૯૨૦ | ૯૫૮ |
| સીંગફાડા | ૧૩૦૦ | ૧૨૨૦ | ૧૭૩૫ |
| કાળા તલ | ૨૦૦ | ૩૦૧૧ | ૩૨૬૮ |
| લસણ | ૧૧૦૦ | ૨૧૫૦ | ૩૬૦૧ |
| ધાણા | ૧૮૦ | ૧૧૦૦ | ૧૫૦૦ |
| મરચા સુકા | ૦ | ૧૭૦૦ | ૩૯૦૦ |
| ધાણી | ૭૦ | ૧૧૭૫ | ૧૫૬૮ |
| વરીયાળી | ૧ | ૧૪૦૦ | ૧૭૫૦ |
| જીરૂ | ૧૮૦ | ૬૫૦૦ | ૭૮૦૦ |
| રાય | ૨૩૦ | ૧૧૭૫ | ૧૪૧૧ |
| મેથી | ૭૦ | ૧૦૧૮ | ૧૩૫૦ |
| કલોંજી | ૫૦ | ૩૧૫૦ | ૩૨૫૦ |
| રાયડો | ૧૦૦ | ૯૮૪ | ૧૦૩૦ |
| રજકાનું બી | ૧૫ | ૨૯૦૦ | ૩૭૫૦ |
| ગુવારનું બી | ૮૦ | ૧૦૧૦ | ૧૦૪૪ |

## આજનું રાશિફળ

**તા.૧૧.૧૨.૨૦૨૩ સોમવાર, સંવંત ૨૦૮૦, કારતક વદ તેરસ, વિશાખા નક્ષત્ર, સુકર્મા યોગ, વિષ્ટિ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ વૃશ્ચિક (ન,ય) રહેશે.**

**મેષ (અ,લ,ઈ) :** નજીકના ક્ષેત્રો માં મધ્યમ રહે પરંતુ દૂર દેશ થી સારા સમાચાર મળે,આગળ વધવાની તક મળે.

**વૃષભ (બ,વ,ઉ) :** જાહેરજીવનમાં સારું રહે,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય,નવા મિત્રો બનાવી શકો,શુભ દિન.


**મિથુન (ક,છ,ઘ) :** તબિયતની કાળજી લેવી,ખાવા-પીવા માં ખ્યાલ રાખવો પડે,જીવન પદ્ધતિમાં ફેરફાર કરવા પડે .

**કર્ક (ડ,હ):** પ્રણયમાર્ગે આગળ વધી શકો,પ્રિયપાત્ર થી મુલાકાત થાય,મનની વાત વ્યક્ત કરી શકો , આનંદદાયક દિવસ .

**સિંહ (મ,ટ) :** જમીન મકાન વાહન સુખ સારું રહે,પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય કરી શકો, દિવસ લાભદાયક રહે.

**કન્યા (પ ,ઠ,ણ) :** મિત્રોની મદદ થી કાર્ય થાય, ભાઈ ભાંડુ સુખ સારું રહે,પરિવાર સાથે આનંદ કરી શકો.

**તુલા (ર,ત) :** તમારા સૌમ્ય વાણી વર્તન થી કાર્ય સિદ્ધ થાય,એકધારા પ્રયત્નોથી સફળતા મળે, આગળ વધી શકો .



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**વૃશ્ચિક (ન,ય) :** નોકરી ધંધો શોધતા મિત્રો માટે શુભ દિન, કામકાજમાં સફળતા મળે,દિવસ પ્રગતિકારક અને શુભ રહે.

**ધન (ધ,ભ,ફ,ઢ):** કામકાજ માં નુકસાની ના જાય એ જોવું,ભાગીદારીમાં સંભાળવું, નવા સાહસ માં કાળજી રાખવી. મધ્યમ દિવસ.

**મકર (ખ,જ) :** સગા સ્નેહી મિત્રો થી સારું રહે,લેખન વાંચન મંથન થી આનંદ મળે.રચનાત્મક કાર્ય કરી શકો.

**કુંભ (ગ ,સ,શ) :** વેપારીવર્ગ ને સારું રહે,સ્ત્રી વર્ગ માટે પણ દિવસ ઉત્સાહજનક રહે. નોકરિયાતવર્ગે સમજી ને ચાલવું.

**મીન (દ,ચ,ઝ,થ):** ધ્યાન યોગ મૌન થી લાભ થાય,ધાર્મિક કાર્ય માં સહભાગી થઈ શકો.આધ્યાત્મિક ચિંતન થાય, પવિત્ર વ્યક્તિને મળી શકો.

## બાવન વર્ષથી પારદર્શક વહિવટ અને હકારાત્મક અભિગમ ધરાવતી

# વેરાવળ મર્કન્ટાઈલ કો.ઓ.બેંકની ૧૩મી હવેલી શાખાનો શુભારંભ



### પૂ.ગોસ્વામી માધવરાયજી મહારાજના વરદ્ હસ્તે દિપ પ્રાગટ્ય વેળાએ ધારાસભ્ય ભગવાનભાઈ બારડ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિ

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

શ્રી લાડલેશ લાલજી તથા ગોવર્ધનનાથપ્રભુના ચરણોમાં, પુજયપાદ્ ગોસ્વામી માધવરાયજી મહારાજ દ્વારા કીર્તન મંડળીના સંગાથે ધી વેરાવળ મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેન્કની ૧૩મી હવેલી શાખાનો તાજેતરમાં શુભારંભ કરવામાં આવેલ. શોપ નં. જી/૧-૪, શ્રીજી હાઈટ્સ, ગોવર્ધનનાથજી હવેલી સામે, શ્રીપાલ ક્રોસીંગ, વેરાવળ ખાતે શરૂ થઈ રહેલ શાખાના શુભારંભ પ્રસંગે તાલાળા વિસ્તારના ધારાસભ્ય ભગવાનભાઈ બારડ, ગુજરાત રાજ્યના પૂર્વ કેબિનેટ મંત્રી જસાભાઈ બારડ, ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી ઝવેરીભાઈ ઠકરાર, સાગરપુત્ર ફાઉન્ડેશનના પટેલ દામજીભાઈ ફોફંડી, સંયુક્ત ખારવા માછીમાર બોટ એસોસીએશનના પ્રમુખ તુલસીભાઈ ગોહેલ તથા કારોબારી સભ્ય પિયુષભાઈ ફોફંડી, ગોવિંદભાઈ કુહાડા, ગોવિંદભાઈ ભવાની, મનસુખભાઈ સુયાણી, ખારવા સમાજના પટેલ જીતુભાઈ કુહાડા, ધી વેરાવળ પીપલ્સ કો-ઓપ. બેન્કના ચેરમેન પ્રકાશભાઈ તન્ના, જોઈન્ટ એમ.ડી. ચિરાગભાઈ કારીયા તથા ડીરેક્ટર રમેશભાઈ ગંગદેવ, ભારતીબેન ચંદ્રાણી, જયકરભાઈ ચોટાઈ, અશોકભાઈ ગદા, ગિરીશભાઈ ઠકરાર, ડો.વિજયભાઈ ચોટાઈ, ડો.રાજુભાઈ ક્રીષ્નાણી, એડવોકેટ કનુભાઈ જોષી, નાનુભાઈ ગોહેલ, રીટાબેન ટાંક, રમેશભાઈ ચોપડકર તેમજ વેરાવળ શહેર તથા પ્રભાસ પાટણ વિસ્તારના નામાંકિત અને પ્રતિષ્ઠીત ઉદ્યોગપતિઓ, ડોક્ટરો, એડવોકેટસ, વ્યાપારીઓ, તમામ જ્ઞાતિઓના આગેવાનો, પ્રીન્ટ તથા ઈલેક્ટ્રોનિક મીડીયાના પત્રકારોઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

૫૨ વર્ષથી બેન્કીંગ ક્ષેત્રે અવિરત સેવા આપતી અને બહોળો ગ્રાહક વર્ગ ધરાવતી ધી વેરાવળ મર્કન્ટાઈલ કો-ઓપ. બેન્કની હવેલી શાખાના ઉદઘાટન પ્રસંગે બેન્કના ચેરમેન નવીનભાઈ શાહ, વાઈસ ચેરમેન ભાવનાબેન શાહ, ડીરેક્ટર ડો.રાજેશ દોમડીયા, દિનેશભાઈ મોદી, મિતેશ શાહ, ડો.નીમીષાબેન માખણસા, બિન્દુબેન ચંદ્રાણી, આનંદ પારેખ, ડો.રામભાઈ સોલંકી, સુરેશભાઈ કપાણી, જીતેન્દ્રભાઈ મહેતા, દેવભાઈ નાથાણી, કલ્પેશકુમાર ભાવસાર, નયનભાઈ ચોપડા, ડો.મુકેશ ઠુંમર, ડો.સુમતિલાલ હેમાણી, અજીતસીંહ જાદવ, સંજય થડેશ્વર, કું. મનાલી કામદાર તેમજ બોર્ડ ઓફ મેનેજમેન્ટ સભ્ય તેજસ પંડયા ભૂતપૂર્વ ડીરેક્ટર પ્રદિપભાઈ શાહ, જીતુભાઈ હેમાણી, કેતનભાઈ ચંદ્રાણી, અરજણભાઈ ચાવડા તથા સી.ઈ.ઓ. અતુલ શાહ ઉપસ્થિત રહેલ.

ધી વેરાવળ મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેન્ક પારદર્શક વહીવટ, હકારાત્મક અભિગમ, પ્રોફેશનલ મેનેજમેન્ટ અને કર્મચારીઓના ટીમવર્કના સુંદર સમન્વય થકી બેન્કના ગ્રાહકો અને સભાસદોનો અતૂટ વિશ્વાસ ધરાવે છે. વ્યાપાર-વ્યવસાયના વિકાસ માટે ધીરાણની વિવિધ યોજનાઓ સહિતની અનેક ગ્રાહકલક્ષી સેવાઓના કારણે બેન્ક ઉત્તરોત્તર પ્રગતિ સાધી રહેલ છે. બેન્કની હવેલી શાખા પ્રારંભ થતાં આ વિસ્તારના લોકેને તેમના બેન્કીંગ વ્યવહારમાં ખૂબ જ સરળતા રહેશે.

# લખનૌના બારાબંકી યાર્ડ રિમોડલિંગના કારણે રાજકોટ ડિવિઝનની ટ્રેનોને અસર

**અબતક, રાજકોટ**

૨૦૨૩ ઉત્તર રેલવેના લખનૌ ડિવિઝનમાં સ્થિત બારાબંકી યાર્ડના રિમોડલિંગના કામને કારણે રેલ ટ્રાફિકને અસર થશે. રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી અસરગ્રસ્ત ટ્રેનોમાં ઓખા-ગોરખપુર એક્સપ્રેસ ૧૭., ૨૪, ૩૧, ૭ જાન્યુઆરી અને ૧૪ જાન્યુઆરી ના રોજ રદ રહેશે.

ગોરખપુર-ઓખા એક્સપ્રેસ ૧૪, ૨૧, ૨૮, ૦૪.જાન્યુઆરી અને ૧૧જાન્યુઆરીના રોજ રદ રહેશે.

તથા ઓખા-ગુવાહાટી એક્સપ્રેસ ૧૫, ૨૨, ૨૯, ૫.જાન્યુઆરી અને ૧૨જાન્યુઆરીના રોજ અને ટ્રેન નંબર ૧૫૬૩૬ ગુવાહાટી-ઓખા એક્સપ્રેસ ૧૮., ૨૫, ૧જાન્યુઆરી અને ૮જાન્યુઆરી સુધી આંશિક રીતે ડાયવર્ટ કરેલા રૂટ વાયા કાનપુર સેન્ટ્રલ, પ્રયાગરાજ, મિર્ઝાપુર અને પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંકશન થઈને ચાલશે.

જે સ્ટેશનો પર આ ટ્રેનો નહીં જાય તેમાં લખનૌ, અયોધ્યા કેન્ટ, અકબરપુર અને વારાણસીનો સમાવેશ થાય છે.

ગાંધીધામ-કામાખ્યા એક્સપ્રેસ ૧૬, ૨૩, ૩૦, ૬ જાન્યુઆરી અને ૧૩જાન્યુઆરીના રોજ અને ટ્રેન નં. ૧૫૬૬૮ કામાખ્યા એક્સપ્રેસ ૨૦ , ૨૭ . ૨૩, ૩ જાન્યુઆરી અને ૧૦ જાન્યુઆરી સુધી આંશિક રીતે ડાયવર્ટ કરેલા રૂટ વાયા કાનપુર સેન્ટ્રલ, પ્રયાગરાજ, મિર્ઝાપુર અને પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંકશન થઈને ચાલશે. જેસ્ટેશનો પર આ ટ્રેનો નહીં જાય તેમાં લખનૌ, અયોધ્યા કેન્ટ અને વારાણસીનો સમાવેશ થાય છે.

પોરબંદર-મુઝફ્ફરપુર મોતીહારી એક્સપ્રેસ ૧૪, ૧૫, ૨૧, ૨૨, ૨૮, ૨૯, ૪. જાન્યુઆરી, ૫. જાન્યુઆરી, ૧૧જાન્યુઆરી અને ૧૨ જાન્યુઆરી નારોજ અને ટ્રેન નંબર ૧૯૨૭૦ મુઝફ્ફરપુર-પોરબંદર એક્સપ્રેસ ૧૭ , ૧૮ , ૨૪ , ૨૫.૧૨.૨૦૨૩, ૩૧ , ૧જાન્યુઆરી , ૭ જાન્યુઆરી, ૮ જાન્યુઆરી અને ૧૪ જાન્યુઆરી નારોજ,આંશિક રીતે ડાયવર્ટ કરેલા રૂટ વાયા બુઢવલ, સીતાપુર શહેર અને શાહજહાંપુર થઈને ચાલશે. જે સ્ટેશનો પર આ ટ્રેનો નહીં જાય તેમાં લખનૌનો સમાવેશ થાય છે.

માર્ગ માં રેગ્યુલેટ (મોડી થનાર) ટ્રેનોઃ

૧૦ના રોજ ઓખાથી દોડતી ટ્રેન ઓખા-ગોરખપુર એક્સપ્રેસ ૧ કલાક અને ૩૦ મિનિટ માટે રેગ્યુલેટ કરવામાં આવશે.

# ચોટીલાના ધરમપૂરના ભાજપના સ્નેહમિલનમાં કેબીનેટ મંત્રી કુંવરજીભાઈએ આપ્યું 'માર્ગદર્શન'



**અબતક, રણજીતસિંહ ધાંધલ,ચોટીલા**

ચોટીલાના ધરમપુર ગામમાં ભાજપના આગેવાનો દ્વારા સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યના કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયા ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન તેમણે ચોબારી ગામે તળાવનું ખાતમુહૂર્ત કર્યું હતું. સર્વ જ્ઞાતિજનોના યોજાયેલા સ્નેહમિલન કાર્યક્રમમાં સંતો, મહંતો તેમજ જિલ્લા અને તાલુકા પંચાયતના સભ્યો, આસપાસના અનેક ગામોના સરપંચો, પૂર્વ મંત્રીઓ, જુદા જુદા સમાજના આગેવાનો અને મોટી સંખ્યામાં મહિલાઓ સહિત લોકો હાજર રહ્યા હતા. જો કે ચોટીલાના ધારાસભ્ય શામજી ચૌહાણ, જિલ્લા ભાજપ પ્રમુખ સહિત સ્થાનિક ભાજપ સંગઠનના આગેવાનો હાજર ન રહેતાં અનેક તર્ક વિતર્ક થઈ રહ્યા છે. સ્થાનિક ભાજપનો જૂથવાદ કાર્યક્રમ મારફતે સામે આવ્યાની ચર્ચાઓ થઈ રહી છે. કાર્યક્રમના આયોજક અને કોળી સમાજના યુવા આગેવાને જણાવ્યું કે કાર્યક્રમને નિષ્ફળ બનાવવા માટે કેટલાક લોકો દ્વારા પ્રયાસ કરવામાં આવ્યા હતા, પરંતુ દરેક સમાજના લોકો કાર્યક્રમમાં હાજર રહેતાં તેમના મનસૂબા સફળ ન થયા. ત્યારે આ લોકો કોણ હતા તે પણ સવાલ થાય છે. કાર્યક્રમના આયોજકો દ્વારા ચોટીલા અને આસપાસના વિસ્તારમાં વિકાસના ઘણા બાકી કામો પૂરા કરવા માટે કેબિનેટ મંત્રીને રજૂઆત કરવામાં આવી હતી. જે પૂરા કરવાની કુંવરજી બાવળિયાએ ખાતરી આપી છે. કાર્યક્રમ દરમિયાન મંત્રી કુંવરજી બાવળિયાએ સ્થાનિક પ્રતિનિધિઓને લોકોની રજૂઆતો સાંભળવા માટે સમય ફાળવવા ટકોર પણ કરી. તેમણે કહ્યું કે સ્થાનિક લોકોની રજૂઆતો સાંભળીને સરકારને ધ્યાને મૂકવાની જવાબદારી સ્થાનિક પ્રતિનિધિઓની છે. તો લોકસભાની ચૂંટણી સુરેન્દ્રનગરથી લડવાની વાત અંગે કુંવરજી બાવળિયાએ જણાવ્યું કે તેઓ લોકસભાની ચૂંટણી નથી લડવાના. તેમજ આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે આંબાભાઈ ઓળકીયા. રોહિત ડેરવાળીયા. ધીરૂભાઈ ઓળકીયા એ જહેમત ઉઠાવી હતી.

### સમગ્ર વિસ્તારના વિકાસને વેગવાન બનાવાશે

# ગુજરાત હાઈકોર્ટમાં મનિષાબેન શાહ અને મિતેશકુમાર અમીનની એડિશનલ એડવોકેટ જનરલ તરીકે નિમણૂક



**અબતક-રાજકોટ**

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવ વ્રત દ્વારા ગુજરાત હાઈકોર્ટ એડિશનલ એક એડવોકેટ જનરલ તરીકે મનીષા લવ કુમાર શાહ અને મિતેશ અમીન ની નિમણૂક કરવામાં આવી છે આ અંગે ગુજરાત રાજ્યના કાયદા વિભાગ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું મનીષા લવ કુમાર શાહ ગુજરાતના પ્રથમ મહિલા એડિશનલ એડવોકેટ જનરલ બન્યા છે.

જ્યારે મિતેશ અમીન અને મનીષા શાહ સરકારી એડવોકેટ તરીકે ગુજરાત હાઈકોર્ટમાં પબ્લિક પ્રોસિપ્યુટર અને સરકારી પ્રિડર તરીકે ફરજ બજાવતા હતા વર્તમાન સમયમાં દેશમાં આવેલી તમામ હાઈકોર્ટમાં ફક્ત ગુજરાત હાઈકોર્ટમાં જ મહિલા ચીફ જજ સેવા આપી રહ્યા છે અને એડવોકેટ જનરલ તરીકે કમલ ત્રિવેદી કાર્યરત છે

**મનીષા લવકુમાર શાહ :** એ મુંબઈની એલિફન્ટ કોલેજમાંથી પોલિટિકલ સાયન્સમાં ગ્રેજ્યુએશન કર્યું છે મુંબઈ યુનિવર્સિટીમાં પોસ્ટ ગ્રેજ્યુએશનમાં તેમનો બીજો નંબર આવ્યો હતો તેમણે અમદાવાદની પ્રખ્યાત એલએ શાહ લોકોને જમાથી ૧૯૦૩ માં એલએલબી ની ડીગ્રી મેળવી હત તેમણે કે એચ કાજી ફરમથી ૧૯૯૩ માં વકીલાતની શરૂઆત કરી હતી તે ગવર્મેન્ટ ફીડર એડિશનલ પબ્લિક પ્રોસિટર કેન્દ્ર સરકારના સિનિયર સ્ટેન્ડિંગ કાઉન્સિલ તરીકે સેવા આપી ચૂક્યા છે આ ઉપરાંત તેમણે ગુજરાત હાઈકોર્ટમાં પ્રથમ મહિલા સરકારી પ્રિડર તરીકે નું બહુમાન મેળવ્યું છે અને ગુજરાત હાઈકોર્ટના સિનિયર મહિલા વકીલ ની માન્યતા મેળવનાર બીજા મહિલા બન્યા છે

**મિતેશભાઈ અમીનઃ** મિતેશ અમીને ૧૯૮૪માં સિવિલ કોર્ટમાંથી વકીલાતની શરૂ કરી હતી. ૧૯૯૦માં તેમણે સેશન કોર્ટમાં પ્રેક્ટિસ શરૂ કરી હતી જ્યારે ૨૦૦૧ માં હાઈકોર્ટમાં એન્ટ્રી થઈ હતી તેમને કુલ ૩૯ વર્ષનો વકીલાતનો અનુભવ છે અને ક્રિમિનલ કેસોમાં વિશેષતા ધરાવે છે તે માણેકલાલ નાણાવટી લોકોને અમદાવાદમાં પાર્ટ ટાઈમ પ્રોફેસર તરીકે પણ સેવા આપતા હતા

# ધ્રાંગધ્રા એસ.એસ.પી.જૈન કોલેજ ખાતે મહર્ષિ દયાનંદ સરસ્વતીની ૨૦૦મી જન્મ જયંતિ ઉજવાય



**અબતક,સલીમ ઘાંચી, ધાંગધ્રા**

ધ્રાંગધ્રા એસ.એસ.પી.જૈન કોલેજ ખાતે આર્ય સમાજ મદિર,ધ્રાંગધ્રા ના આર્ય ઘનશ્યામભાઈ ચાવડા દ્વારા મહર્ષિ દયાનંદ સરસ્વતી ૨૦૦ મી જન્મ જયંતિ નિમિતે કોલેજના વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને મહર્ષિજીના જીવન,કવન,ભારત સમાજોત્થાન અને યોગ,વેદ અને યજ્ઞનું મહત્વ અને ઉપયોગીતા વિષે મનનીય પ્રવચન આપવામાં આવ્યું.આ એક દિવસીય યોગ અને આરોગ્ય શિબિર માં મહેમાનોને આવકારતા કોલેજના આચાર્ય ડો.પ્રતીક દવે દ્વારા સ્વામીજીનું વિશ્વ મશાલચી તરીકે નું પ્રદાન,યોગનું મહત્વ અને આર્ય સમાજની વિવિધ પ્રવૃત્તિ ઓની માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી. ચાવડાજી દ્વારા વિસ્તૃત રીતે સ્વામી દયાનંદ દ્વારા અંધ શ્રધ્ધા નિવારણ,મૂર્તિ પૂજા વિરોધ,વિધવા પુનઃલગ્ન,વેદ અને યજ્ઞનું મહત્વ અને વેદ તરફ પાછા ફરવું જેવી બાબતો ને ઉગ્રતા પૂર્વક વિશ્વ ફલક પર સ્વામી વિવેકાનંદ પહેલા મુકવાનું શ્રેય મહર્ષિ દયાનંદ સરસ્વતીને જાય છે.


## અબતકને જન્મદિવસે હાર્દિક શુભેચ્છા



**વિપુલભાઈ કાચેલા**

સરપંચશ્રી ગ્રામ પંચાયત ખાખરીયા

તા.બાબરા જી.અમરેલી


# વાંકાનેરઃ એલ.કે. સંઘવી વિદ્યાલયમાં સમરસતા દિનની ઉજવણી



**અબતક, લતીશે ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેરમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ વાંકાનેર શાખા દ્વારા ભારતના બંધારણીય ઘડવૈયા ભારત રત્નથી સન્માનીત ડો. બાબા સાહેબ આંબેડકર ના મહા પરિ નિર્વાણ દિવસ નીમીતે વાંકાનેરની વિદ્યાભારતી સંચાલીત કે.કે. શાહ તેમજ એલ.કે. સંઘવી વિદ્યાલયના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ હર્ષભેર લાભ લીધેલ હતો. શાળાઓમાં ત્રણસોથી વધુ વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ રહી હતી. આ તકે વાંકાનેર સીટી પોલીસ ઈન્સ્પે. પી.ડી. સોલંકી, ગાયત્રી શકિતપીઠના મહંત પુ. અશ્વીનબાપુ રાવલ, સામાજીક

# સુત્રાપાડામાં પોલિયો બુથનો શુભારંભ કરાવતા પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડ



**અબતક,રામસિંહ મોરી. સુત્રાપાડા**

ભારત સરકાર દ્વારા પોલિયો નાબુદી ના ભાગરુપે સુત્રાપાડા મુકામે પોલિયો બુથ નો શુભારંભ પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડ દ્વારા કરવામાં આવ્યું હતુ. ' દો બુંદ જિંદગી કે' ના સૂત્ર ને સાર્થક કરવા અને દેશભર માંથી પોલિયો ને સદંતર નાબૂદ કરવા સુત્રાપાડા મુકામે નગરપાલિકા હોલ માં બાળકોને બે ટીપા પોલિયોના પીવડાવી પૂર્વ મંત્રી જશાભાઈ બારડે પોલિયો બુથ નો શુભારંભ કરાવેલ હતો તેમજ ૦ થી ૫ વર્ષના તમામ બાળકો ને પોલિયો ના ટીપા તેમના વાલી પીવડાવે અને ભારત સરકારના આ સફળ આયોજનમાં સહકાર આપી પોતાના બાળકોને આ ગંભીર બીમારી થી બચાવે તેવી અપીલ જશાભાઈ બારડે વ્યક્ત કરેલ હતી.સુત્રાપાડા નગર પાલિકા વિસ્તાર માં ૧૩ બુથ બનાવવા માં આવીયા, જેમાં સુપરવાઈઝ અશોકભાઈ વાઘેલા, રામસિંહભાઈ ઝાલા, આશાવર્કર બહેનો દ્વારા ૨૧૦૦ બાળકો ને પોલિયો ના ટીપા આપી ૧૦૦ ટકા લક્ષયાંક પૂરો કરવા માં આવશે

# ધ્રોલ શહેર ભાજપ મહામંત્રી હિરેન કોટેચાનો આજે જન્મ દિવસ



ધ્રોલ શહેર ભાજપ ના સનીષ્ઠ સતત દોડતા શાંત સરળ સદાય હસમુખા કાર્યકર્તાઓ સાથે લાગણી સતત તાલમેલ જાળવતા ખંભે ખંભો મીલાવી ને ચાલતા સૌને સાથે લઈ ને ચાલતા બહોળુ મિત્રો વર્તુળ વર્ગ ધરાવતા સેવાભાવી નાનામા નાના માણસો ના કામ કરવા તત્પર હાકલ કરો ને હાજર એવા હિરેન કોટેચા ( જય જલારામ ) ને જન્મ દિવસ ની ખુબ ખુબ શુભકામનાઓ માટે મોઃ મો ૯૮૭૯૩ ૮૬૫૨૪, ૭૦૧૬૯ ૦૦૫૩૩


**પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન**

**OHE ફેરફાર કામ**

ટેન્ડર નોટીસ નં. [illegible]/2023-2024/21 તા.04-12-2023. ટેન્ડર નં. [illegible]-2023-24-21 (1) કામનું નામ: રાજકોટ ડિવિઝનના [illegible] સ્ટેશન ખાતે 12m FOB ની [illegible] OHE ફેરફાર કામ. (2) અંદાજીત ખર્ચ: ₹ 24,58,140.04/- (3) અર્નેસ્ટ મની: ₹ 49,200/- (4) ઓનલાઈન [illegible] તારીખ અને સમય: તા.02-01-2024 ના 15:00 કલાક સુધી. (5) ઓફીસનું સરનામું: ડિવિઝનલ રેલવે મેનેજર ([illegible]), પશ્ચિમ રેલવે, [illegible], રાજકોટ-360 001. વેબસાઈટ વિગત: www.ireps.gov.in

RJT-120

અમને લાઈક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન**

**પાર્કિંગ અને પે એન્ડ યુઝ શૌચાલયના સંચાલન અને જાળવણી માટે કોન્ટ્રાક્ટ**

ટેન્ડર નોટિસ નં. RJTPARKK17 & RJTPAYUSE18

[illegible]

| અનુ. નં. | લોટ નં./કિંમતી | વિગત | ઓક્શન તારીખ અને સમય | કોન્ટ્રાક્ટ સમયગાળો |
| --- | --- | --- | --- | --- |
| AA/1 | PARKING-RJT-OKHA-MX-12-22-1 (પાર્કિંગ-[illegible]) | ઓખા [illegible] | 20-12-2023 11:00-11:30 | 1096 દિવસ |
| AA/2 | PARKING-RJT-DWK-MX-13-22-1 (પાર્કિંગ-[illegible]) | દ્વારકા [illegible] | 20-12-2023 11:00-11:40 | 1096 દિવસ |
| AA/1 | PnU-RJT-OKHA-Toi-3-22-3 (પે એન્ડ યુઝ-[illegible]) | ઓખા [illegible] | 20-12-2023 11:00-11:30 | 1096 દિવસ |
| AA/2 | PnU-RJT-JAM-Toi-5-22-3 (પે એન્ડ યુઝ-[illegible]) | જામનગર [illegible] | 20-12-2023 11:00-11:40 | 1096 દિવસ |
| AA/3 | PnU-RJT-BKNG-Toi-6-22-2 (પે એન્ડ યુઝ-[illegible]) | [illegible] | 20-12-2023 11:00-11:50 | 1096 દિવસ |
| AA/4 | PnU-RJT-SUNR-Toi-7-22-2 (પે એન્ડ યુઝ-[illegible]) | સુરેન્દ્રનગર [illegible] | 20-12-2023 11:00-12:00 | 1096 દિવસ |
| AA/5 | PnU-RJT-RJT-Toi-1-23-1 (પે એન્ડ યુઝ-[illegible]) | રાજકોટ [illegible] | 20-12-2023 11:00-12:10 | 1096 દિવસ |

RJT-122

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



**જામનગર મહાનગરપાલિકા**

**:: ટેન્ડર નિવિદા ::**

જામનગર મહાનગરપાલિકાની સીવીલ / ગાર્ડન શાખા દ્વારા નીચેના કામ માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે, જેની વધુ વિગત માટે જામનગર મહાનગરપાલિકાની વેબસાઈટ https://jmc.nprocure.com જોવા મળી શકશે. આ ટેન્ડર્સ તા. ૧૧/૧૨/૨૦૨૩ થી ઓનલાઈન મુકવામાં આવનાર છે.

| ક્રમ | કામનું નામ | અંદાજીત ખર્ચ (રૂ. લાખમાં) |
| --- | --- | --- |
| ૧ | જામનગર મહાનગરપાલિકા ધ્વારા ડેવલોપ કરવામાં આવેલ હાપા, લાલવાડી, સંગમ બાગ, દાદા-દાદી ગાર્ડન, વિરલબાગ ગાર્ડનમાં ઓપરેશન તથા મેઈનટેનન્સનું કામ | ૧૯.૯૨ |

કમિશ્નર

જામનગર મહાનગરપાલિકા

નં. જેએમસી/સીવીલ/ ૯૦ /૨૩-૨૪, તા. ૦૯/૧૨/૨૦૨૩



**જાહેર નોટિશ**

રાજકોટના મહે. પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ સાહેબ
સમક્ષ, રાજકોટ
કેવીયેટ અ. નં. ૪૩૦ સને ૨૦૨૩

રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટ .................... અરજદાર
વિરૂધ્ધ
કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા .................... સામાવાળા


અરજદારના એડવોકેટ : આશિષ વાય. શાહ

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, રાજકોટ મહાનગરપાલિકાના જુદા જુદા સંવર્ગો/શાખાના ભરતીના નિયમોમાં સુધારો કરવા અંગેની દરખાસ્તો મોકલવામાં આવેલ હતી. જે અંગે જનરલ બોર્ડના ઠરાવ નં. ૧૧૪ તાઃ ૨૦/૧૧/૨૦૨૩ થી જનરલ બોર્ડની મંજુરી મળેલ છે. જે વિગતે મહેકમ શાખા દ્વારા આગામી સમયમાં સદરહુ વિવિધ જગ્યાઓ ભરવા અંગેની કાર્યવાહીઓ હાથ ધરવામાં આવનાર છે. સદર કાર્યવાહી અન્વયે રાજકોટ મહાનગરપાલિકા સામે કોઈપણ કાયમી કે કામચલાઉ મનાઈહુકમની માંગણી કરે તો રાજકોટ મહાનગરપાલિકાને પ્રથમ સાંભળવા માટે અને ત્યારબાદ હુકમ ફરમાવવા માટે આ અદાલતમાં જાહેર કેવીયેટ રજુ કરેલ છે, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

આજ તા. ૦૭ ડીસેમ્બર, ૨૦૨૩ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યુ.

હુકમથી
(સહી)
(જે.જે.ચાવડા)
રજીસ્ટ્રાર
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ કોર્ટ, રાજકોટ

# વિશ્વ કલ્યાણાર્થે વિરાટ વાજપેય મહાસોમ યજ્ઞમાં આજે સાંજે નંદ મહોત્સવ







## દરરોજ સવારે ૯ થી રાત્રે ૮ યજ્ઞનું અનુષ્ઠાન તથા પરિક્રમા રૂટ ૨૪ કલાક ખુલ્લા રખાયા

**અબતક, રાજકોટ**

રાજકોટ ખાતે ચાલી રહેલ વિરાટ વાજપેય મહાસોમ યજ્ઞના પ્રથમ દિવસે અગ્નિમંથન દ્વારા વેદોના મંત્રોચાર સાથે અગ્નિ પ્રજ્વલિત કરી યજ્ઞનો પ્રારંભ કરવામાં આવેલ હતો. દિવસ દરમિયાન વિવિધ અનુષ્ઠાનો પદ્મશ્રી, પદ્મવી ભૂષણશ્રી ગોકુલોત્સવજી મહારાજ તેમજ સોમયજ્ઞ સમ્રાટ યજ્ઞાચાર્ય વ્રજોત્સવજી મહોદય દ્વારા કરવામાં આવેલ હતા. યજ્ઞના પ્રથમ દિવસે રાજ્યના કૃષિમંત્રી અને રાજકોટ શહેરના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલ ધારાસભ્ય દર્શિતાબેન શાહ પ્રદેશ મહિલા મોરચાના અધ્યક્ષ દીપિકાબેન સરડવા આશીર્વાદ લેવા માટે ઉપસ્થિત રહ્યા હતા. અને રાત્રે દાંડિયા -રાસની રમઝટ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ આયોજિત થયેલ હતો.

સવારે ૯:૦૦ થી રાત્રે ૮:૦૦ વાગ્યા સુધી વિરાટ વાજપેય સોમ યજ્ઞ અને વિષ્ણુ ગોપાલ યજ્ઞનું અનુષ્ઠાન કરવામાં આવે છે અન વિશ્વના કલ્યાણ માટે આયોજિત મહાયજ્ઞની પરિક્રમા ભાવિકો ૨૪ કલાક કરી શકે છે ૨૪ કલાક પરિક્રમા રૂટ ખુલ્લા રાખવામાં આવેલ છે આજના બીજા દિવસે સાંજે ૭:૦૦ કલાકે તુલસી વિવાહ મનોરથ ના દર્શન કાર્યક્રમ રાખેલ છે મુખ્ય મનોરથી નીતિનભાઈ પ્રભુદાસભાઈ પારેખ પરિવાર સાથે સોમ યજ્ઞ કમિટીના પ્રમુખ અશોકભાઈ ઝિંઝુવાડીયા (રાધિકાજ્વેલર્સ), અરવિંદભાઈ પાટડીયા સંયોજક હિતેશભાઈ પોપટ (મોટલ ધી વિલેજ ગ્રુપ) તથા અંતુભાઈ સોની, માર્ગદર્શક ગોવિંદભાઈ પટેલ, રાજેશભાઈ પોબારું, ગુણવંતભાઈ ડેલાવાળા, કલ્પેશભાઈ પલાણ, મુકેશભાઈ જવેરી તેમજ અન્ય મહાનુભાવો હાજરીથી પ્રસંગ શોભાયમાન થયેલ હતો. પ્રેસ મીડિયા કમિટીના વિજયભાઈ કારીયા, હરેશભાઈ જોશી, વિશાલભાઈ માંડલીયા, પરેશભાઈ જનાણી, વિનયકારી આ વ્યવસ્થા સંભાળી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ૧૦૦૦ રાજસુ યજ્ઞથી એક અશ્વમેઘ યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે એવા ૧૦૦૦ અશ્વમેધ યજ્ઞ કરવાથી એક સોમયજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે સોમયજ્ઞની એક પરિક્રમા કરવા માત્રથી આપણ ને ૧૦૮ પરિક્રમાનું ફળ પ્રાપ્ત થાય છે. તેથી સોમયજ્ઞ અને વિષ્ણુ ગોપાલ મહાયજ્ઞમાં બેસવાનું અનેરુ મહત્વ છું. આ ઉપરાંત પુજય

(અનુ. આઠમા પાને)

# કોઈનું ખરાબ ન જોવું, ન બોલવું, ન સાંભળવું તે આત્માને જાણવા માટે જરૂરી છે: ધીરગુરૂદેવ

## પુણ્યનગરી પુનામાં પૂ.ધીરગુરૂદેવને ચાતુર્માસ વિનંતી: દાનની ગંગોત્રીથી ઉમંગોત્સવ



**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર સ્થાનકવાસી જૈન સંઘ, જૈનભવનના આંગણે પૂ. ધીરગુરુદેવનું તા.૯ ના પદાર્પણથી ધર્મોત્સાહ છવાયો હતો. પૂ. નયનાજી મ.સ., આદિ તથા શ્રમણ સંઘના સાદવીરત્ના પૂ. દર્શનપ્રભાજી, પૂ. અનુપમાજી મ.સ., પૂ. સૌરવ સુધાજી મ.સ. ઠાણા-૧૧ ના પધારવાથી ચતુર્વિધ સંઘનું મિલન થયેલ. મંગલ પ્રવેશ બાદ નવકારશી અને વ્યાખ્યાન યોજાયેલ.

પૂ. જિનેશ્વરાજી મ.સ. એ ગુરુ સ્વાગત ગીત બાદ આત્માને જાણવા માટે જીવનમાં 'ધીરજ' ની જરુરીયાત અંગે અને પૂ. સૌરભ સુધાજીએ ઈન્દોરમાં સ્થવીરા પૂ. રમણીકકુંવરજી મ.સ.ના ઉપાશ્રય નિર્માણમા પૂ. ગુરુદેવના ઉપકારને સ્મૃતિમાં લાવી ઉદારતાને બિરદાવી હતી.

પૂ. ગુરુદેવે ધર્મસભાને સંબોધતા જણાવેલ કે, આત્માને જાણવા મનની શુધ્ધિ માટે કોઈનું ખરાબ ન જોવું, ન બોલવું અને પરનિંદા ન સાંભળવી વધુમાં ઉમેર્યુ હતું કે, કોઈના દુ:ખી દુ:ખી થવું તે પણ આત્મવત સર્વભુતેસુ સૂત્રને ચરિતાર્થ કરવામાં ઉપયોગી બને છે.

જૈન ભવનમાં શ્રીપાક ગૃહ નિર્માણ યોજનામાં ૧ લાખ ૮ હજારની યોજનામાં ૮ દાતાઓ જોડાયા હતા. સાતાકારી પાટમાં ૧૭ ભાવિકોએ અને જીવદયા

(અનુ. આઠમા પાને)

# ધર્મેન્દ્રસિંહજી કોલેજ ખાતે મહારક્તદાન કેમ્પ અને રક્તતુલામાં હાજરી આપતાં મંત્રી કુંવરજીભાઈ બાવળીયા





**અબતક, રાજકોટ**

રાજકોટના જરૂરિયાતમંદોને તેમજ બ્લડ બેન્કોને પૂરતું રક્ત ઉપલબ્ધ થાય તેવા હેતુથી ધર્મેન્દ્રસિંહજી કોલેજના મેદાન ખાતે મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.


આ રક્તદાન કેમ્પમાં પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા એ જીવન બચાવી શકાય તેવા રક્તનું દાન આપનાર રક્તદાતાઓ તેમજ આયોજકોને ઉમદા હેતુથી આયોજિત કરાયેલ કાર્યક્રમ માટે બિરદાવ્યા હતા તેમજ રક્તદાતાઓ અને તેમના પરિવારજનોનું સ્વાસ્થ્ય સારું રહે અને લોકોને શુભ પ્રસંગે આવા સમાજોપયોગી આયોજનો કરવાની પ્રેરણા મળે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

આ રક્તદાન કેમ્પમાં મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ સમાજના અગ્રણીઓ સાથે રક્ત તુલામાં ભાગ લઈ લોકોને રક્તદાન કરવા માટે પ્રેરણા આપી હતી. આ કાર્યક્રમમાં મંત્રીને દાન કરાયેલ રક્તથી તોલવામાં આવ્યા હતાં. સમાજ અગ્રણી ભુપતભાઈ ડાભીને પણ દાન કરેલ રક્તથી તોલવામાં આવ્યા હતાં.

આ પ્રસંગે રક્તદાન, થેલેસેમિયા ચેકીંગ જાગૃતિ તેમજ વ્યસનમુક્તિ અંગે વક્તવ્ય પણ આપવામાં આવ્યું હતું. અગ્રણી વિનોદભાઈ નાગાણી દ્વારા પોતાના ૫૪માં જન્મદિવસ નિમિત્તે સમાજસેવા અર્થે આયોજિત આ રક્તદાન કેમ્પમાં વિવિધ બ્લડ બેંકોએ ભાગ લીધો હતો તેમજ દિવસભરમાં લગભગ ૫૦૦થી વધુ લોકોએ રક્તદાન કર્યું હતું. પૂર્વમંત્રી ગોવિંદભાઈ પટેલ તેમજ ધારાસભ્ય દર્શિતાબેન શાહ તેમજ અન્ય સામાજિક અને રાજકીય અગ્રણીઓએ પણ આ રક્તદાન કેમ્પની મુલાકાત લીધી હતી.

# અભિલાપ ટોકસ સીઝનમાં બાળ કેળવણી - શિક્ષણ સંસ્કૃતિ આરોગ્ય ટેકનોલોજી વિષયે મહાનુભાવોએ કર્યો 'પરામર્શ'





**અબતક, રાજકોટ**

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પાઠયપુસ્તકોના અધ્યયન શિક્ષણની સાથે સાહિત્ય સ્પોર્ટસ, શિક્ષણ આરોગ્ય અને ટેકનીકલ વિષયો પર ખાસ ઘડતર આપવામાં સ્વામીનારાયણ ગુરુકુળ ઈન્ટરનેશનલ સ્કુલની વિષેષ ગણના થાય છે.

રાજકોટની પ્રતિષ્ઠિત સ્વામિનારાયણ ગુરુકુલ ઈન્ટરનેશનલ સ્કૂલ શૈક્ષણિક સ્તરને ઉત્તરોત્તર ઊંચુ લાવવા માટે શિક્ષણ ક્ષેત્રના તમામ પાસાઓને સ્પર્શતા લોકોના વિચારો અને જ્ઞાનશક્તિની સમૃધ્ધિ માટે સદાય તત્પર રહે છે. તાજેતરમાં સ્વામિનારાયણ ગુરુકુલ ઈન્ટરનેશનલ સ્કૂલ અને ઈંગ્લિશ લેંગ્વેજ ટીચર્સ એસોસિ. ઓફ ઈન્ડિયા રાજકોટ સેન્ટ્રલ ચેપ્ટરના સંયુકત ઉપક્રમે ઢેબર રોડ સ્થિત ખાતે બે-દિવસીય અભિલાપ ટોક્સ સીઝન ૦૨ નું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં વિવિધ ક્ષેત્રના ૧૮ થી વધુ નામાંકિત વકતાઓએ સાહિત્ય, શિક્ષણ પદ્ધતિ, સ્પોર્ટ્સ, આરોગ્ય, તકનીક, અને વિજ્ઞાન જેવા વિષયો ઉપર પોતાના વિચારો રજુ કરી માર્ગદર્શન આપ્યું હતું.

સ્વામિનારાયણ ગુરુકુલના સંતઓ, શૈક્ષણિક નિયામક શ્રીકાંત તન્ના અને મિનુ જસદણવાલાના હસ્તે દિપ પ્રાગટયથી કરવામાં આવી હતી. શ્રીકાંત તન્નાએ ઉપસ્થિત સર્વે અતિથીઓ, વક્તાઓ અને સહભાગીઓનું સ્વાગત કર્યું હતું. અભિલાપ ટોક્સના પ્રથમ દિવસે મિનું જસદણવાલા એ કાવ્ય અને સાહિત્ય વિશે છણાવટ કરી હતી તેમજ રવિ જાદવે પોતાના ૭૦૦ થી વધુ મેરેથોનના અનુભવો અંગે જણાવ્યું હતું. ડો. કેતન પિઠડિયા દ્વારા જી.બી શો દ્વારા લીખીત પિગ્મેલીયન પુસ્તકમાં દર્શાવવામાં આવેલ આધુનિક મહિલાઓના વ્યવહારીક પરિવર્તનના ખ્યાલ અંગે સમજ આપી હતી. પ્રો. બિંદીયા ચૌહાણ દ્વારા શું આર્ટીફિશ્યલ ઈન્ટેલીજન્સ માનવ કાર્યની જગ્યા લઈ શકશે? આ વિષયના અનુસંધાનમાં ચર્ચા કરી હતી. ડો. વિશાલ વારીયા એ વર્ગખંડમાં રમુજની ભાવના કેળવવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. ચૈતન્ય કરાથિયાએ ગુનાની શોધમાં ફોરેન્સિક સાયન્સની ભુમિકા અંગે સમજ આપી હતી. પ્રો. ધવલ અનડકટે ભારતીય પૌરાણિક કથાઓમાં સમાયેલા ભાવાર્થો રજુ કર્યા હતા. તૈયબ કપાસી એ ઓફેલિયાના રંગો વિષય ઉપર પોતાનું મંતવ્ય આપ્યું હતું. જ્યારે માનસી કક્કડ દ્વારા શિક્ષણની પધ્ધતીઓ ની ચર્ચા કરી હતી.

આ ઈવેન્ટના બીજા દિવસે હાર્દિક વલ્લભદાસ મજેઠીયા દ્વારા

(અનુ. આઠમા પાને)

### શાલીભદ્ર જૈન સ્થાનકવાસી સંઘ દ્વારા

# છ.શા.વિરાણી બહેરા મૂંગા શાળાના બાળકોને લેપટોપ-સિલાઈ મશીન વિતરણ



**અબતક, રાજકોટ**

રાજકોટમાં શાલીભદ્ર જૈન સ્થાનકવાસી દ્વારા દિવ્યાંગ રોજગાર યોજના અંતર્ગત બીનાબેન અજયભાઈ શેઠ દ્વારા છ.શા. વિરાણી મુક બધિર શાળાના મુક બધિર બાળકોને ૧૦ આધુનિક લેપટોપ, ૨૫ સિલાઈ મશીન, ૧ ડિજિટલ કેનન કેમેરો આપવામાં આવ્યો. આ સુંદર પ્રસંગે શાળાના માનદ મંત્રી નરેન્દ્રભાઈ દવે, શાળાના ટ્રસ્ટી તેમજ જેમના પુરુષાર્થને કારણે શક્ય બન્યું છે તેવા હરેશભાઈ વોરા, ટ્રસ્ટી પ્રવીણભાઈ ધોળકિયા, પ્રશાંતભાઈ વોરા, રાજેશભાઈ વિરાણી, શાળાના હિતેચ્છું એવા દાતા ઉમેશભાઈ દફતરી, પંકજભાઈ મુછાળા આ કાર્યક્રમમાં પોતાનો કિંમતી સમય ફાળવીને ઉપસ્થિત રહ્યા હતા તેમજ શાળાના આચાર્ય કશ્યપભાઈ પંચોલી દ્વારા કાર્યક્રમો સંચાલન કરવામાં આવ્યું હતુ તેમજ હિતેષભાઈ પરમાર દ્વારા સાઈન લેંગ્વેજથી બાળકોને સમજાવ્યું હતું. આ શુભ પ્રસંગે મંત્રી નરેન્દ્રભાઈ દવે તેમજ હરેશભાઈ વોરા બાળકોને હજુ પણ વધુ મહેનત કરીને બીજા બધા બાળકો આ અવસરમાં જોડાઈ લાભ મેળવે તેમજ જે બાળકોને તે બીજા બાળકો સાથે શેર કરીને પોતાના તેમજ બીજાના જ્ઞાનમાં વધારો કરે તેવા સુંદર વિચારો જ આપ્યા હતા. આ સમયની સુંદર તસવીરો.

### શિક્ષણ સમિતિની શાળાઓમાં

# વિદ્યાર્થીઓના ઉજવળ ભવિષ્ય માટે રજાના દિવસે પણ શિક્ષણ કાર્યમાં જોડાતા શિક્ષકો



**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા લેવાતી ગખખજ(ગફશિંક્ષફહ ળયફક્ષત ળયશિ તભવજ્ઞહફતિવશા) ની પરીક્ષા કે જેમાં ધોરણ ૮ ના બાળકો મેરીટમા સ્થાન મેળવે એટલે તેમને આગળના શિક્ષણ માટે સકોલરશિપ સરકાર દ્વારા આપવામા આવતી હોય છે આ પરીક્ષાની તૈયારી કરાવવા માટે શિક્ષણ સમિતિના શાસનાધિકારી - કિરીટસિંહ પરમાર દ્વારા એક જુંબેશ ના સ્વરુપે શિક્ષકોને સ્વેચ્છાએ જોડાવા અપિલ કરવામા આવેલ.. જેમા ઘણા શિક્ષકોએ રવિવારે પણ આ સેવાયજ્ઞમા જોડાયા..તેમજ સમિતિની ૨૫ થી વધુ શાળાના બાળકો ભણવા માટે જોડાયા. આજથી શરુઆત થઈ જે આગળ જતાં તમામ શાળાના બાળકો પરીક્ષાની તૈયારી માટે જોડાશે

આ સમગ્ર કામગીરી ના નોડલ

(અનુ. આઠમા પાને)

# 'ગરબા'ને યુનેસ્કો દ્વારા 'અમૂર્ત સાંસ્કૃતિક વારસા' તરીકે પસંદગીને આવકારતો ભાજપ મહિલા મોરચો

## મહિલા મોરચાના વોર્ડના પ્રમુખ, મહામંત્રી, શહેર કારોબારી સહિતની ટીમને અભિનંદન પાઠવતા ડો. દિપીકાબેન સરડવા

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કેન્દ્ર સરકારની ધુંરા સંભાળી છે ત્યારથી ભારતનો વિશ્વમાં ડંકો વાગ્યો છે અને દેશ વિદેશમાં ભારતની સાંસ્કૃતિક વારસાને વિશ્વમાં ઉજાગર કરીછે. ત્યારે ગુજરાતનું તેમજ દેશનું ગૌરવ વિશ્વમાં વધે તેવા સતત પ્રયત્નો કરતાં રહે છે ત્યારે ગુજરાત રાજયનું નૃત્ય ગરબાને યુનેસ્કોમાં અમૂર્ત સાંસ્કૃતિક વારસા તરીકે મોકલવામાં આવેલ હતું. જેને યુનેસ્કો દ્વારા ગરબા નૃત્યની અમૂર્ત સાંસ્કૃતિક વારસા તરીકે



પસંદગી થઈ હતી. આ અવસરને વધાવવા માટે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ તેમજ પ્રદેશ ભાજપ મહિલા મોરચાના પ્રમુખ દિપીકાબેન સરડવા,શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયા, મહામંત્રી કિરણબેન હરસોડા, દેવિકાબેન રાવલની આગેવાનીમાં વડાપ્રધાન

નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યક્ત કરવાં મહિલા મોરચાની બહેનો દ્વારા ભાજપ કમલમ કાર્યાલય ખાતે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે કેબીનેટ મંત્રી અને ધારાસભ્ય

(અનુ. આઠમા પાને)

# ગોંડલના તત્કાલિન ડેપ્યુટી કલેકટરે ગેરરીતી આચરી દસ્તાવેજ રદ કર્યાના એન્જલ ડેવલોપર્સના આક્ષેપ

## ફારગતિ દસ્તાવેજ ન હોવા છતાં ગામ નમુના નંબર ૨ની એન્ટ્રી રદ કરી ૧૬૦૦ વારના પ્લોટનો માલિકી હકક છીનવી લીધાની ગાંધીનગર વિજિલન્સ કમિશનરને રાવ

**અબતક,રાજકોટ**

ગોંડલના ગુંદાળા ચોકડી પાસે હાઈવે ટચની કરોડોની કિંમતની જમીન અંગે એન્જલ ડેવલોપર્સના ભાગીદારોની ૨૦૧૪માં ૪૦૦૦ વાર પ્લોટના થયેલા ગામ નમુના નંબર ૨ની એન્ટ્રી ગોંડલના ડેપ્યુટી કલેકટરે એન્જલ ડેવલોપર્સના ફારગતિ દસ્તાવેજ વિના જ અને કોર્ટમાં કેસ પેન્ડીગ હોવા છતાં એન્જલ ડેવલોપર્સની માલિકી હક્ક ડુબાડવા ગામ નમુના નંબર ૨ની એન્ટ્રી ૨દ કરી જમીનના મુળ માલિકની તરફેણમાં કરેલા હુકમ પાછળ ગેરરીતી થયાના આક્ષેપ સાથે એન્જલ ડેવલોપર્સના ભાગીદાર ચંદ્રેશભાઈ પ્રવિણભાઈ મહેતાએ ગાંધીનગર ચીફ વિઝીલન્સ કમિશનરને લેખિત ફરિયાદ કરી ગોંડલના તત્કાલિન ડેપ્યુટી કલેકટરની અપ્રમાણસરની મિલકત અંગે તપાસ કરવા માગ કરી છે.

ગોંડલના ભીમજીભાઈ જીવરાજભાઈ વૈષ્ણવ અને રાજકોટના નાના મવા રોડ પર હરીદ્વાર હાઈટસમાં રહેતા ચંદ્રેશભાઈ પ્રવિણભાઈ મહેતાએ ૨૦૧૪માં ગોંડલના ગુંદાળા બ્રીજ પાસેની હાઈવે ટચની ૪૦૦૦ વાર જમીન ડેવલોપ કરવા માટે એન્જલ ડેવલોપર્સથી ભાગીદારી શરુ કરી હતી. ભીમજીભાઈ વેષ્ણવની જમીન અંગેનો તે તે સમયે ૧૧ હજાર ભાવ નક્કી કરી ડેપ્યુટી કલેકટરમાં ૨૦૧૪માં ગામ નમુના નંબર ૨માં એન્જલ ડેવલોર્પસના ભાગીદારોની એન્ટ્રી કરાવી હતી. જેથી ભીમજીભાઈની જમીનની માલિકી હક્ક એન્જલ ડેવલોર્પસના થયા હતા. બંને ભાગીદારોએ ૪૦૦૦ વાર પૈકી ૨૬૦૦ વાર જમીનનું વેચાણ કરી તેનો હિસાબ પુરો કરી નાખ્યો હતો. બાકી રહેલી ૧૬૦૦ વાર જમીન અંગે ભીમજીભાઈ વૈષ્ણવે ગામ નમુના નંબર ૨માં એન્ટ્રી ફરી પોતાના નામે કરવા માટે કરેલી અરજી અંગે ગત તા.૧૯-૭-૨૩ના રોજ તે સમયના ડેપ્યુટી કલેકટર રાજેશ આલ દ્વારા સુનાવણી માટે જાણ કરી હતી. ગામ નમુના નંબર ૨ની એન્જલ ડેવલોપર્સની એન્ટ્રી રદ કરવા માટે તેનું ફારગતિ દસ્તાવેજ ન હોવા છતાં અને કોર્ટમાં કેસ પેન્ડીગ હોવા છતાં ડેપ્યુટી કલેકટર રાજેશ આલે એક જ મુદતમાં એન્ડલ ડેવલોપર્સની એન્ટ્રી રદ કરી નાખી ગેર રીતી આચરી હોવાનું એન્જલ ડેવલોપર્સના ભાગીદાર ચંદ્રેશભાઈ મહેતા દ્વારા આક્ષેપ કરી ગાંધીનગર ચીફ વિઝીલન્સ કમિશનર સંગીતા સિંઘને લેખિત ફરિયાદ આપી ડેપ્યુટી કલેકટર રાજેશ આલની અપ્રમાણસરની મિલકત અંગેની તપાસ કરવા માગ કરી છે.

એન્જલ ડેવલોપર્સના ભાગીદાર ચંદ્રેશભાઈ મહેતાએ ચીફ વિઝીલન્સ ઉપરાંત મુખ્ય મંત્રી, અધિક મુખ્ય સચિવ, અધિક મુખ્ય સચિવ ગૃહ વિભાગ, ગૃહ મંત્રી, ગાંધીનગર એન્ટી કરપ્શન બ્યુરો અને રાજકોટ જિલ્લા કલેકટરને ફરિયાદની કોપી મોકલી ન્યાયની માગ કરી છે.

# રૈયા રોડ પર એસબીઆઈ બેન્કના બે એટીએમમાં ચોરીનો પ્રયાસ

## એટીએમના શટર તોડી રૂા.૬૦ હજારનું નુકસાન કર્યાનો નોંધાતો ગુનો

**અબતક,રાજકોટ**

રૈયા રોડ પર સદગુરુ કોમ્પેલક્ષ સામે એસબીઆઈ અને રૈયા ચોકડી પાસે ગણેશ સેલ્સ એજન્સી પાસે આવેલા એસબીઆઈ બેન્કના એટીએમના શટર તોડી તસ્કરોએ ચોરીનો પ્રયાસ કર્યો હતો પરંતુ તસ્કરોથી એટીએમ તુટયુ ન હતુ.બંને એટીએમમાં અંદાજે રૂા.૬૦ હજારનું નુકસાન થયાની ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ જ્યુબીલી નજીક આવેલા ગુરુપ્રસાદ એપાર્ટમેન્ટમાં રહેતા એસબીઆઈ મેઈન બ્રાન્ચના કેશ ઓફિસર હસમુખભાઈ ગુલાબભાઈ પટેલે ગાંધીગ્રામ પોલીસમાં રૈયા રોડ પર સદગુરુ કોમ્પ્લેક્ષ સામેના અને રૈયા ચોકડી પાસે ગણેશ સેલ્સ એજન્સી પાસેના એટીએમ મશીનમાં તસ્કરોએ તોડફોડ કરી ચોરીનો પ્રયાસ કરી બંને એટીએમમાં અંદાજે રૂા.૬૦ હજારનું નુકસાન થયાનું ફરિયાદમાં જણાવ્યું છે.

એસબીઆઈ બેન્કના એટીએમમાં કેશ મેઈન્ટન કરવાનું કામ કરતા વિશાલભાઈ આહિર અને દિવ્યેશભાઈના ધ્યાને એટીએમ મશીનમાં તોડફોડ થયાનું આવતા તેઓએ જાણ કરતા સદગુરુ કોમ્પ્લેક્ષ સામેના એટીએમ મશીનમાં તસ્કરોએ રૂા.૪૫ હજારનું અને રૈયા ચોકડી પાસે ગણેશ સેલ્સ એજન્સી પાસેના એટીએમમાં રૂા.૧૫ હજારનું નુકસાન કર્યાનું પરંતુ રોકડ રકમની ચોરી ન થયાનું ફરિયાદમાં જણાવ્યું છે.

# ગોકુલ હોસ્પિટલના ૨૨ વર્ષીય ડોકટર અવિનાશ વૈષ્ણવનું હાર્ટ એટેકથી મોત

## હોસ્પિટલમાં નાઈટ ડયુટી કરી ઘરે આવેલ, બપોરે મને ન ઉઠાડતા તેમ કહી સવારે ૯ વાગ્યે સુતા બાદ સાંજે ૭ વાગ્યે પિતા ગોરધનભાઈ ઉઠાડવા ગયા પણ ન ઉઠતા હોસ્પિટલે ખસેડાયા

**અબતક, રાજકોટ**

રાજકોટની ગોકુલ હોસ્પિટલના ૨૨ વર્ષીય ડોકટર અવિનાશ વૈષ્ણવનું હાર્ટ એટેકથી મોત થયું છે. નાની વયે હૃદય રોગના હુમલાથી મોત થતા હોસ્પિટલ સ્ટાફ અને શોકની કાલીમાં છવાઈ હતી.

આ અંગે મળતી વિગત મુજબ રાજકોટના મોરબી રોડ પર ડી.કે. ધારાસ એવન્યુમાં રહેતા ડો. અવિનાશ ગોરધનભાઈ વૈષ્ણવ (ઉ.વ.૨૨) રાજકોટની ગોકુલ હોસ્પિટલમાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા. તેઓ શાપર ખાતે આરોગ્ય કેન્દ્રમાં ઈન્ટરનશીપ પણ કરતા હતા. ગોકુલ હોસ્પિટલમાં મુખ્યત્વે નાઈટ ડયુટી રહેતી હોવાથજી શનિવારે રાત્રે નાઈટ ડયુટી કરી ગઈકાલે સવારે ૯ વાગ્યે ઘેર આવ્યા હતા. ઘરે આવી હવે બપોરે મને ન ઉઠાડતા તેમ કહી ને સુઈ ગયા હતા. સાંજે ૭ વાગ્યે તેમને પિતા ગોરધનભાઈ ઉઠાડવા જતા ઉઠતા ન હોવાથી બેભાન થઈ ગયાનો ખ્યાલ આવતા



પરિવારજનો દ્વારા તુરંત તેઓને ગોકુલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં ફરજ પરના ડોકટરે ત્કાલ સારવાર કરી ડો. અવિનાશનું હૃદય ફરી ધબકતું કરવા મથામણ કરી હતી. પરંતુ ડોકટર અવિનાશે દમ તોડી દીધો. તેઓને મૃત જાહેર કરાતા હોસ્પિટલ સ્ટાફ સ્તબ્ધ થઈ ગયો હતો.

જયારે પરિવારમાં કલ્પાંત છવાયો હતો. મૃતકના પિતાના જણાવ્યા મુજબ ડો. અવિનાશ બે ભાઈમાં નાના હતા. આયુર્વેદ સારવારની બી.એ. એમ.એસ. ડીગ્રી મેળવ્યા બાદ તેઓ ગોકુલ હોસ્પિટલમાં મેડીકલ ઓફીસર તરીકે નોકરી કરતા તેમને કોઈ બિમારી ન હોતી.

પિતાએ પોલીસને આપેલ નિવેદન મુજબ ડો. અવિનાશને નખમાં પણ રોગ નહોતો. છતાં અચાનક આ રીતે મૃત્યુ થતા મૃતદેહ પીએમ અથૃે ખસેડાયો હતો. પ્રાથમિક તારણ મુજબ હાર્ટ એટેકથી મોત થયાનું તબીબોનું માનવું છે.

# મેગા લોક અદાલતમાં અકસ્માત વળતરમાં રૂ. ૧૪.૭૮ કરોડનું વળતર મંજૂર

## ૪૯૦૭૬ પૈકી ૨૨૮૭૨ કેસનો નિકાલઃ ચેક રિટર્ન કેસમાં ૧૬.૩૮ કરોડની રકમનું સમાધાન

**અબતક,રાજકોટ**

રાજકોટ જિલ્લા મથકે અને તાલુકા મથકોએ તમામ કોર્ટમાં યોજાયેલી વર્ષ ૨૦૨૩ની છેલ્લી રાષ્ટ્રીય મેગા લોક-અદાલતમાં મૂકવામાં આવેલા ૪૯૦૭૬ જેટલા સમાધાનયોગ્ય કેસો મૂકવામાં આવ્યા હતા. જેમાં પૈકી ૨૨૮૭૨ જેટલા કેસોમાં સમાધાન સાધવામાં સફળતા મળી હતી, તે દરમિયાન પણ અકસ્માત વળતરના કેસોમાં કરોડો રૂપિયાનો વળતર મંજૂર કરાયું હતું.

રાષ્ટ્રીય કાનૂની સેવા સતા મંડળ, ન્યુ દીલ્હી ના આદેશ મુજબ સમગ્ર રાષ્ટ્ર લેવલે અને તેના ભાગરૂપે ગુજરાત રાજય કાનૂની સેવા સતામંડળ. અમદાવાદના ઉપક્રમે હાઈકોર્ટના ચીફ જસ્ટીસ સુનીતા અગ્રવાલ, એકઝીકયુટીવ ચેરમેન અંજારીયા, ગુજરાત રાજય કાનૂની સેવા સતા મંડળના મેમ્બર સેકેટરી આર.એ. ત્રીવેદી અને જિલ્લા કાનૂની સેવા સતા મંડળ, જોલ્લા ન્યાયાલય રાજકોટ ના ચેરમેન અને પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ આર.ટી.વચ્છાણી માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ આજ રોજ તા. ૯/૧૨/૨૦૨૩ મેગા લોક અદાલતાનુ ઉદ્દઘાટન જે.ડી.સુથાર, (ઈ/ચા ચેરમેન, જીલ્લા કાનૂની સેવાસતા મંડળ, રાજકોટ), પી.જે.ચોધરી (પ્રિન્સીપાલ સીની.સીવલ જજ), એચ.એન.નંદાણીયા ( સેક્રેટરી, જીલ્લા કાનૂની સેવા સતા મંડળ, રાજકોટ) અને રાજકોટ બાર ના પ્રમુખ અને સેકેટરી દવારા દીપ પાગટય કરી લોક અદાલતનું ઉદવાટન કરવામા આવ્યું હતું. જેમા તમામ જયુડીશ્યલ ઓફીસર્સ, કોર્ટના સ્ટાફ મિત્રો, બારના સભ્યો, એમએસીપી બારના સભ્યો, ઈન્સ કંપનીના અધીકારીઓ,બેંકના અધીકારીઓ હાજર રહેલા હતા. રાજકોટ જીલ્લાની તમામ અદાલતોમાં મેગા લોક અદાલતમાં

વિવિધ પ્રકારના પેન્ડીંગ કેસો તથા પ્રિ- લીટીગેશન કેસો મળી કુલ-૪૯૦૭૬ કેસો હાથ પર લેવામાં આવેલા. જેમાંથી મોટર અકસ્માત વળતરના કુલ-૩૫૪ કેસોનો સમાધાન રાહે નીકાલ કર્યા હતા. જેમા રૂમ. ૧૪૭૮૩૧૦૦૦ જેટલી

રકમનુ સમાધાન કરવામાં આવ્યું હતું. તેમજ ચેક રીર્ટનાના કુલ-૩૦૧૮ કેસોનો નિકાલ કરી જેમા રૂ. ૧૬૩૮૮૬૦૮૭ જેટલી રકમનું સમાધાન થયેલ તેમજ લગ્ન વીષયક તકરારર અંગેના -૧૯૯ કેસોમાં સમાન રાહે નીકાલ થયેલ. વધુમા આજ રોજ પ્રિ લીટીગેશન તથા ઈ-મેમો સાથેના કેસો કુલ-૧૪૦૩૬ કેસોનો પ્રિ-લીટીગેશનનમાં નીકાલ થયેલ છે જેમાં કુલ રૂમ. ૨૬૩૩૮૯૯૦/- જેટલી સ્કમનુ સમાધાન થયેલ. આમ આજના દીવસે આ તમામ કેસો મળી કુલ-૪૬૬૯ પેન્ડીંગ કેસો તથા પ્રિ લીટીગેશન કેસો કુલ ૧૪૦૩૬ કેસોનો નીકાલ થયેલ છે. આમ, આજ રોજ યોજાયેલ લોક અદાલતમાં પણકારો તરફથી ઘાણ સારો પ્રતિસાદ મળેલ છે. મોટી સંખ્યામાં કેસીનો નીકાલ થયેલ છે. જેથી ભવિષ્યમા યોજનાર લોક અદાલતોમાં પક્ષકારોને સહિય ભાગ લેવા જાનુરોધ છે.

વધુમા સ્પેશીયલ સીટીંગમાં કુલ-૪૦૨૫કેસીનો નીકાલ થયેલ છે. આમ, આજ રોજ લોક અદાલતના દીવસે કુલ-૪૬૬૯ પેન્ડીંગ કેસીની, પ્રિ-લીટીગેશનના ૧૪૦૩૬કેસો તથા સ્પેશીયલ સીટીંગના કુલ ૪૦૨૫ તથા ફેમીલો કોર્ટના કુલ-૧૪૨ કેસોનો નિકાલ થયેલ છે. આમ આજરોજ લોક અદાલતમાં કુલઃ- ૨૨૮૭૨ કેસોની નીકાલ થયો છે.

# ગોંડલમાં રાજકોટના વેપારીના મકાનમાંથી રૂ.૧.૭૬ લાખના ઘરેણા અને રોકડની ચોરી

## માતાના ગોઠણના ઓપરેશનની સારવારમાં વ્યસ્ત પરિવારના મકાનમાં તસ્કરોએ હાથફેરો કર્યો

**અબતક,રાજકોટ**

ગોંડલના વર્ધમાનનગરમાં રહેતા અને રાજકોટમાં સત્ય વિજય આઈસ્ક્રીમ પાસે રોયલ કાર ડેકોરા નામનો શો રુમ ધરાવતા વેપારી પરિવાર માતાના ગોઠણના ઓપરેશનની સારવારમાં વ્યસ્ત હતા તે દરમિયાન તસ્કરોએ બંધ રુમના તાળા તોડી ૧૩ તોલા સોનાના ઘરેણા અને રોકડ મળી રુા.૧.૭૬ લાખની મતાનો હાથફેરો કરી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ વર્ધમાનનગરમાં રહેતા નિકુંજભાઈ રતિલાલ વેકરીયાએ પોતાના નાના ભાઈ પ્રસાંતભાઈના બંધ રુમમાંથી તસ્કરો રુા.૧.૫૬ લાખની કિંમતના ૧૩ તોલા સોનાના ઘરેણા અને રુા.૨૦ હજાર રોકડા મળી રુા.૧.૭૬ લાખની મત્તાની ચોરી થયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. નિકુંજભાઈ વેકીરાયાની માતા કોકીલાબેનના ગોંડલની ક્રિષ્ના હોસ્પિટલમાં ગોઠણનું ઓપરેશન કરાવવામાં પરિવાર વ્યસ્ત હતો તે દરમિયાન નાના ભાઈ પ્રસાંતના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી તિજોરીમાંથી સોનાના ઘરેણા અને રોકડ મળી રુા.૧.૭૬ લાખની મત્તા ચોરી ગયાનું ફરિયાદમાં જણાવ્યું છે. ગોંડલ બી ડિવિઝન પીએસઆઈ જે.એલ.ઝાલા સહિતના સ્ટાફે તપાસ હાથધરી છે.

# મોરબીના ખેડૂતને રાજકોટના મહાઠગે રૂા.૭૮.૬૧ લાખનો ચૂનો ચોપડ્યો

## ખેડૂતને સસ્તામાં મોબાઈલ, ફ્લેટ, કાર, પુત્રને એપલ કંપનીમાં નોકરીની લાલચ આપી ઠગાઈ આચરી

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

માળીયા(મી)ના લક્ષ્મીવાસ ગામના ખેડૂત સાથે મૂળ રાજકોટનો રહેવાસી અને હાલ મોરબી મોબાઈલ શોપમાં નોકરી કરતા શખ્સે સસ્તામાં મોબાઈલ, ફ્લેટ, કાર તેમજ ખેડૂતને રાજકોટ ખાતે કપડાના શો રૂમમાં ભાગીદારી તથા ખેડૂતના દીકરાને એપલ કંપનીમાં નોકરી અપાવી દેવાની લાલચ આપી કુલ રૂ.૭૮.૬૧ લાખની ઠગાઈ કરી હતી. તદુપરાંત આર.બી.આઈ. અને ઈન્કમટેક્ષના બનાવટી લોગો વાળા દસ્તાવેજી પુરાવા બનાવી તેની પતાવટમાં પણ ખેડૂત પાસેથી લાખો રૂપિયાની છેતરપિંડી કરી સમગ્ર ઠગાઈને અંજામ આપ્યો હતો.

ઉપરોક્ત ઠગાઈ કેસની પ્રાપ્ત માહિતી અનુસાર મોરબી જીલ્લાના માળીયા(મી) તાલુકાના લક્ષ્મીવાસ ગામના ખેડૂત મનસુખભાઈ છગનભાઈ કાવરે આરોપી હર્ષ દિનેશભાઈ દવે રહે. રાજકોટ, બેડીનાકા પાસે સોની બજાર કરશનજી મુલચનજીવાળી શેરી વિરુદ્ધ મોરબી એ ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું હતું કે લક્ષ્મીવાસ ગામે રહેતા ખેડૂત મનસુખભાઈની ખેતીની ૧૬ વીઘા જમીન વેચાણ કર્યાની સારી આવેલ રકમમાંથી પોતાના દીકરા માટે નોકરી ધંધાનું અને મોરબીમાં ફ્લેટ લેવાનું આયોજન કરતા હોય તે દરમિયાન મનસુખભાઈની દીકરીના સંપર્કમા આરોપી મહાઠગ હર્ષ દવે આવેલ હતો

અને આરોપીએ પોતે મુંબઈ એપ કંપનીમાં જોબ કરતો હોય તે નોકરી છોડી દઈ હાલ મોરબીના શનાળા રોડ ઉપર આવેલ જય ટેલિકોમમાં સેલ્સ મેનેજર તરીકે નોકરી કરુ છું અને એકબીજાના મોબાઈલ નંબરની આપ-લે કરી મોબાઈલ ફોન ઉપર તેમજ વોટ્સઅપમાં મેસેજથી વાતચીત કરતા શરુ થયા હતા.

તે બાદ આરોપી હર્ષ દવે દ્વારા પોતાની માયાજાળ પાથરવાનું ચાલુ કરી આરોપી હર્ષ દિનેશભાઈ દવેની નિયતમા ખોટ હોય મીઠીમીઠી વાતો કરી ખેડૂત મનસુખભાઈ તથા તેમની દીકરી તથા દીકરાનો વિશ્વાસ કેળવી સસ્તા ભાવે આઈ.ફોન અપાવી દેવાના બહાને તથા ખેડૂતના દીકરાને એપલ કંપનીમા નોકરી અપાવી દેવાના બહાને તથા ખેડૂતને સસ્તા ભાવે મોરબી ધુનડા રોડ પર ફ્લોરા-૧૧ એપાર્ટમેન્ટમાં સસ્તામા ફ્લેટ અપાવી દેવાની વાત કરી ૪૮ લાખ રૂપિયા કટકે કટકે રોકડા, પોતાના બેંક ખાતા, આરટીજીએસ દ્વારા ઉપરોક્ત ફ્લેટની રકમના બહાને લઈ લીધા હતા.

ત્યારબાદ વધુ રૂપિયાની લાલચે ફરી આ મહાઠગે વધુ એક યોજના બનાવી હતી, જેમાં ફ્લેટની કિ.રૂ. ૬૩ લાખ છે પણ તમારા તરફથી રૂ. ૪૮ લાખ ટ્રાન્સફર થયેલ છે તેનો આર.બી.આઈ ખુલાશો પુછે છે તેવો કોઈ અન્ય વ્યક્તિ પાસે ફોન કરાવી તેની પતાવટ કરવી પડશે તેવુ બહાનુ કરી, તેમજ ફરિ. સાથે છેતરપીંડી કરવા અને નીકળે તેટલા વધારે રૂપિયા પડાવવાના આશયથી ઈન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટનુ ચીહ્ન કોમ્પ્યુટર પર એડીટીંગ કરી બનાવી ઈન્કમટેક્ષ વિભાગના સીક્કા વાળી ખોટી નોટીસ બનાવી, ખોટો દસ્તાવેજ બનાવી ફરિ.ને વોટસએપ મારફતે મોકલી તે નોટીસ ફાઈલ કરાવવી પડશે તેનો વહિવટ કરવો પડશે તેવુ બહાનુ કરી તેમજ આરોપીએ આર.બી.આઈ.ના સાહેબે મને પકડી લીધેલ છે તેની પતાવટના રૂપીયા આપવા પડશે તેવુ બ્હાનુ કરી તેમજ ક્રેટા કારના ગુગલ પરથી ફોટાઓ ડાઉનલોડ કરી તે ફોટા ફરિ.ને વોટસએપથી મોકલી આ કાર સસ્તામા અપાવી દેવાની લાલચ આપી તેમજ આરોપીએ પોતાની માતા બીમાર છે. એવા જુદાજુદા બ્હાના કરી, ખેડૂત પાસેથી કુલ રૂ. ૭૮,૬૧,૦૦૦/- મેળવી લઈ પોતાના અંગત ફાયદા સારૂ આ રકમ વાપરી નાખી ઓળવી જઈ વિશ્વાસઘાત-છેતરપીંડી કર્યાની ફરિયાદ મોરબી એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવતા પોલીસે સમગ્ર બનાવ મામલે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# અબતકને જન્મદિવસે હાર્દિક શુભેચ્છા



**વિપુલભાઈ કાચેલા**

સરપંચશ્રી ગ્રામ પંચાયત ખાખરીયા
તા.બાબરા જી.અમરેલી

# નવાગામના લાપતા યુવકનો ઝેર પી આપઘાત

## હત્યા થયાનો પરિવારજનોનો આક્ષેપ

**અબતક, રાજકોટ**

શહેરના નવાગામમાં રંગીલા સોસાયટીમા રહેતા અને તા.૬ ના રોજ ઘેર થી નિકળ્યા બાદ લાપતા થયેલા યુવકનો માલીયાસણ પાસેના રીંગ રોડ પરથી મૃતદેહ મળી આવતા પરીવારે હત્યાનો આક્ષેપ સાથે લાશ સ્વીકારવાનો ઈનકાર કરતા પોલીસે સમજાવી મામલો થાળે પાડતા પરીવારે લાશ સ્વીકાર હતી.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ માલીયાસણ પાસેના રીંગ રોડ પર ખાડામાંથી યુવકનો મૃતદેહ મળી આવતા પીએસઆઈ પરમાર સહીતે તપાસ કરતા મૃતક યુવાન નવાગામે રહેતો ધનશ્યામ છગનભાઈ મેર (ઉ.૩૨) હોવાનુ અને તે પાનની દુકાન ચલાવતો હોવાનુ અને બે ભાઈમાં માટો અને તેને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હોવાનુ અને તેના પિતા મંડપ સવીસનુ કામ કરતા હોવાનુ તેમજ યુવક બે દિવસ ઘેરથી રાત્રીના નિકળ્યા બાદ લાપતા થતા તેના પરીવારે તેની શોધખોળ કરી જાણ કરી હતી. દરમ્યાન પોલીસે યુવકના મૃતદેહનુ ફોરેન્સીક પોસ્ટ મોર્ટમ કરાવતા યુવકે ઝેરી દવા પીધી હોવાનુ બહાર આવ્યું હતુ.


**પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન**

**OHE [illegible]**

[illegible] નોટીસ નં. [illegible]/2023-2024/21 તા.04-12-2023. [illegible]-2023-24-21 (1) [illegible] 12m FOB [illegible] OHE [illegible] (2) [illegible] ₹ 24,58,140.04/- (3) [illegible] ₹ 49,200/- (4) [illegible] તા.02-01-2024 ના 15:00 [illegible] (5) [illegible] પશ્ચિમ રેલવે, [illegible] રાજકોટ-360 001. [illegible] www.ireps.gov.in

RJT-120

[illegible] facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન**

પાર્કિંગ અને પે એન્ડ યુઝ [illegible] સંચાલન અને જાળવણી માટે કોન્ટ્રાક્ટ

[illegible] નં. RJTPARKK17 & RJTPAYUSE18

[illegible]

| અનુ. નં. | લોટ નં./કેટેગરી | વિગત | ઓપનિંગ તારીખ અને સમય | કોન્ટ્રાક્ટ સમયગાળો |
| --- | --- | --- | --- | --- |
| AA/1 | PARKING-RJT-OKHA-MX-12-22-1 (પાર્કિંગ-[illegible]) | ઓખા [illegible] | 20-12-2023 11:00-11:30 | 1096 દિવસ |
| AA/2 | PARKING-RJT-DWK-MX-13-22-1 (પાર્કિંગ-[illegible]) | દ્વારકા [illegible] | 20-12-2023 11:00-11:40 | 1096 દિવસ |
| AA/1 | PnU-RJT-OKHA-Toi-3-22-3 (પે એન્ડ યુઝ-ટોઈલેટ) | ઓખા [illegible] | 20-12-2023 11:00-11:30 | 1096 દિવસ |
| AA/2 | PnU-RJT-JAM-Toi-5-22-3 (પે એન્ડ યુઝ-ટોઈલેટ) | જામનગર [illegible] | 20-12-2023 11:00-11:40 | 1096 દિવસ |
| AA/3 | PnU-RJT-BKNG-Toi-6-22-2 (પે એન્ડ યુઝ-ટોઈલેટ) | [illegible] | 20-12-2023 11:00-11:50 | 1096 દિવસ |
| AA/4 | PnU-RJT-SUNR-Toi-7-22-2 (પે એન્ડ યુઝ-ટોઈલેટ) | [illegible] | 20-12-2023 11:00-12:00 | 1096 દિવસ |
| AA/5 | PnU-RJT-RJT-Toi-1-23-1 (પે એન્ડ યુઝ-ટોઈલેટ) | રાજકોટ [illegible] | 20-12-2023 11:00-12:10 | 1096 દિવસ |

RJT-122

[illegible] facebook.com/WesternRly • [illegible] twitter.com/WesternRly



**જામનગર મહાનગરપાલિકા**

**:: ટેન્ડર નિવિદા ::**

જામનગર મહાનગરપાલિકાની સીવીલ / ગાર્ડન શાખા દ્વારા નીચેના કામ માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે, જેની વધુ વિગત માટે જામનગર મહાનગરપાલિકાની વેબસાઈટ https://jmc.nprocure.com જોવા મળી શકશે. આ ટેન્ડર્સ તા........૧૧/૧૨/૨૦૨૩........ થી ઓનલાઈન મુકવામાં આવનાર છે.

| ક્રમ | કામનું નામ | અંદાજીત ખર્ચ (રૂા. લાખમાં) |
| --- | --- | --- |
| ૧ | જામનગર મહાનગરપાલિકા ધ્વારા ડેવલોપ કરવામાં આવેલ હાપા, લાલવાડી, સંગમ બાગ, દાદા-દાદી ગાર્ડન, વિરલબાગ ગાર્ડનના ઓપરેશન તથા મેઈનટેનન્સનું કામ | ૧૯.૯૨ |

કમિશનર
જામનગર મહાનગરપાલિકા

નં. જેએમસી/સીવીલ/ ૯૦ /૨૩-૨૪, તા. ૦૯/૧૨/૨૦૨૩



**જાહેર નોટિસ**

રાજકોટના મહે. પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ સાહેબ
સમક્ષ, રાજકોટ

કેવીયેટ અ. નં. ૪૩૦ સને ૨૦૨૩

રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટ ........................ અરજદાર

વિરૂધ્ધ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા .................. સામાવાળા

અરજદારના એડવોકેટ : આશિષ વાય. શાહ

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, રાજકોટ મહાનગરપાલિકાના જુદા જુદા સંવર્ગો/શાખાના ભરતીના નિયમોમાં સુધારો કરવા અંગેની દરખાસ્તો મોકલવામાં આવેલ હતી. જે અંગે જનરલ બોર્ડના ઠરાવ નં. ૧૧૪ તાઃ ૨૦/૧૧/૨૦૨૩ થી જનરલ બોર્ડની મંજુરી મળેલ છે. જે વિગતે મહેકમ શાખા દ્વારા આગામી સમયમાં સદરહુ વિવિધ જગ્યાઓ ભરવા અંગેની કાર્યવાહીઓ હાથ ધરવામાં આવનાર છે. સદર કાર્યવાહી અન્વયે રાજકોટ મહાનગરપાલિકા સામે કોઈપણ કાયમી કે કામચલાઉ મનાઈહુકમની માંગણી કરે તો રાજકોટ મહાનગરપાલિકાને પ્રથમ સાંભળવા માટે અને ત્યારબાદ હુકમ ફરમાવવા માટે આ અદાલતમાં જાહેર કેવીયેટ રજુ કરેલ છે, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

આજ તા. ૦૭ ડીસેમ્બર, ૨૦૨૩ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યુ.

હુકમથી
(સહી)
(જે.જે.ચાવડા)
રજીસ્ટ્રાર
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ કોર્ટ, રાજકોટ

તંત્રી લેખ

# લાભ મેળવવા ગરીબ બનવાની હોડ

## ખોટા માણસોના લીધે જ સાચા જરૂરિયાતમંદો વંચિત રહી જાય છે, સરકારી લાભ મેળવવામાં પ્રામાણિકતા ક્યારે આવશે ?

અત્યારે સરકારી લાભ મેળવવા ગરીબ બનવાની હોડ જામી છે. ખોટા માણસોના લીધે જ સાચા જરૂરિયાતમંદો વંચિત રહી જાય છે. ત્યારે સવાલ એ થાય છે કે સરકારી લાભ મેળવવામાં પ્રામાણિકતા ક્યારે આવશે ?

કેન્દ્ર સરકારે જ સ્વિકાર્યુ છે કે, ગુજરાતમાં સાડા છ કરોડોની વસ્તી પૈકી એક કરોડ લોકો તો ગરીબ અવસ્થામાં જીવન વ્યતિત કરી રહ્યા છે. વિકાસની હરણફાળ ભરતાં ગુજરાતમાં જાણે ગરીબીએ ડેરાતંબુ તાણ્યા છે. રાજ્યમાં શહેરો કરતાં ગામડાઓમાં ચાર ગણાં ગરીબો છે. મહત્વની વાત એ છે કે, ગરીબોના કલ્યાણ-ઉત્કર્ષની અનેક યોજના અમલમાં છે તેમ છતાંય ગુજરાતમાં ગરીબીનુ બિહામણુ ચિત્ર યથાવત રહ્યું છે. જો કે આ ચિત્ર સરકારી ચોપડે છે.

ગરીબીમાં ગુજરાત દેશમાં ૧૪મા ક્રમે રહ્યું છે. ગામડામાં રોજ ૨૬ રૂપિયા અને શહેરમાં રોજ ૩૨ રૂપિયા પણ ખર્ચી શકે નહી તેને ગરીબી રેખા હેઠળની વ્યક્તિ ગણવામાં આવે છે. આ સામાન્ય ખર્ચ કરવા ય સક્ષમ નથી તેવી વ્યક્તિઓની ગુજરાતમાં ઘણી મોટી સંખ્યા છે. લોકસભામાં ખુદ કેન્દ્ર સરકારે જણાવ્યું કે, ગુજરાતમાં કુલ મળીને ૧.૦૨ કરોડ લોકો ગરીબી રેખા હેઠળ જીવી રહ્યા છે. ટૂંકમાં, ગુજરાતમાં ૧૬.૬૩ ટકા લોકો ગરીબ છે.

કેન્દ્ર સરકારના રિપોર્ટ મુજબ, ગુજરાતમાં શહેરોમાં ૧૦.૧૪ ટકા ગરીબી છે એટલે કે, ૨૬.૮૮ લોકો ગરીબી અવસ્થામાં છે જ્યારે ગામડાઓમાં તો શહેરોની સરખામણીમાં ચાર ગણી વધુ ગરીબી છે. ગામડાઓમાં ગરીબોની સંખ્યા ૭૫.૩૫ લાખ સુધી પહોંચી છે. એટલે કે, ૨૧.૫૪ ટકા ગ્રામ્ય વસ્તી ગરીબ છે. નીતિ આયોગના બહુઆયામી સૂચકાંક-૨૦૨૩ના મતે, ગરીબીમાં ગુજરાત દેશમાં ૧૪માં ક્રમે છે. આ ઉપરાંત દાહોદ સૌથી ગરીબ જીલ્લો છે જ્યાં ૩૮.૨૭ ટકા લોકો ગરીબી અવસ્થામાં જીવન ગાળી રહ્યા છે. આ ઉપરાંત ડાંગ, છોટાઉદેપુર, નર્મદા અને બનાસકાંઠા પણ ગરીબ જિલ્લા છે.

હવે ગરીબીમાં રહેવુ નથી તેવા સૂત્ર સાથે દર વર્ષે ગુજરાત સરકાર ગરીબ કલ્યાણ મેળા યોજે છે. એટલુ જ નહી, કરોડોનું આંધણ કરે છે આમ છતાંય ગરીબો યથાવત છે. આજે પણ ગુજરાતમાં ૧ કરોડ વસ્તી મફત અનાજ મેળવીને પેટનો ખાડો પૂરો કરે છે. મજૂરી કરીને જીવનનિર્વાહ પુરુ કરે છે.

જો કે સમગ્ર અહેવાલના ઊંડાણમાં જઈએ તો મોટાભાગના આંકડાઓ સરકારી ચોપડે ખોટા છે. અનેક વાહનો અને રોજના અઢળક ખર્ચા થતા હોય તેવા પરિવારો પણ સરકારી ચોપડે ગરીબ થઈને બેઠા છે. લોકો સરકારી લાભ મેળવવા ગરીબ થઈને બેઠા છે. ખાસ કરીને રેશનકાર્ડમાં અનાજ વિતરણનો લાભ લેતા પરિવારોનો આંકડો ચોંકાવનારો છે. પૂરતા પ્રમાણમાં આવક હોવા છતાં લાખો લોકો ખોટી રીતે ગરીબ બની મફત અનાજનો લાભ લ્યે છે. વાસ્તવિકતા એ છે કે જે લોકો ખોટી રીતે સરકારી લાભ લઈ રહ્યા છે તે જે હકીકતમાં ગરીબ છે તેનો હક્ક લઈ રહ્યા છે. ખોટા લાભાર્થીઓના કારણે જ સાચા ગરીબોની પરિસ્થિતિ હજુ પણ દયનિય છે.

# જલારામ મંદિર ચરખડી ખાતે ગુરૂવારે દંતયજ્ઞ બત્રીસી કેમ્પ

અબતક, રાજકોટ

જલારામ મંદિર ગ્રીનફર્ડ લંડન યુ.કે. અને જલારામ મંદિર ચરખડી દ્વારા ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટના સંયુકત ઉપક્રમે ગુરુવારે નિઃશુલ્ક દંત યજ્ઞ અને દાંતની બત્રીસીના કેમ્પ ૧૦ થી ૧૨.૩૦ દરમ્યાન જલારામ મંદિર ચરખડી ખાતે રાખેલ છે. જલારામ મંદિર ગ્રીનફર્ડ ના ધીરુભાઈ અને જયશ્રીબેન શાહ અને પરિવારએ આર્થિક સહયોગ કરેલ છે. આ કેમ્પમાં રાજકોટના દાંત ના રોગોના નિષ્ણાંત ડો. જયસુખભાઈ મકવાણા અને સહયોગી ડો. સંજય અગ્રાવત, ડો. કાજલ ગઢવી, ડો. હર્ષિદા વસાવા, ડો. કીતી આમેટા મોનિકા ભટ્ટ અને જાગૃતિ ચૌહાણ, રાજુભાઈ વરિયા સેવા આપશે. ડેન્ટલ કેમ્પમાં દાંતના રોગોનું નિદાન કરી જેમા હાલતા દુઃખતા દાંત જાલંધર બંધ યોગ વડે કાઢી અપાશે.

વધુ વિગત માટે વિજયભાઈ માવાણી મો. નં. ૯૯૧૩૯ ૪૯૯૯૬ તથા મોનિકા ભટ્ટ મો. નં. ૯૪૦૯૭ ૭૩૬૭૪ પર સંપર્ક કરવા એક યાદીમાં જણાવાયું છે.

# જનકલ્યાણ ટ્રસ્ટ જાગૃતિ અભિયાનમાં ૪૧૭મુ ચક્ષુદાન

અબતક, રાજકોટ

રાજુભાઈ ભિખુભાઈ ગણાત્રાનું અવસાન થતાં તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન કરેલ છે. જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી આ અંગદાન, ત્વચાદાન, ચક્ષુદાન, દેહદાન, જાગૃતિ અભિયાનમાં કુલ ૪૧૭ મુ ચક્ષુદાન થયેલ છે. સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન દેહદાન માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન, ઉમેશ મહેતા મો. નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ નો સંપર્ક કરવા જણાવાયું છે.


# માખાવડમાં શનિવારે ચામુંડા માતાજીના નવરંગ માંડવાનો 'ધર્મોત્સવ'

## 'અબતક'ની મુલાકાતમાં આયોજકોએ રાઠોડ, વાણંદ સમાજના ભાવિકોએ ધર્મોત્સવનું આપ્યું 'ઈજન'



અબતક, રાજકોટ

સૌરાષ્ટ્રભરમાં વસતા રાઠોડ પરિવાર અને વાણંદ સમાજના કુળદેવી ચામુંડા માતાજીના ધામ લોધીકાના માખાવડમાં શનિવારે ૧૬ ડીસે. માતાજીના ચોવીસ કલાકના નવરંગ માંડવાનું આયોજન કરવામાં આવ્યું છે.



'અબતક' ની મુલાકાતમાં આયોજનના આગેવાન યોગેશભાઈ રાઠોડ, રમેશભાઈ રાઠોડ, નિલેશભાઈ રાઠોડ, અક્ષયભાઈ રાઠોડ, રાજેશભાઈ રાઠોડ, રાજભાઈ ધામેલીયા, દિપકભાઈ રાઠોડે કાર્યક્રમની વિગતો આપી જ્ઞાતિજનોને ધર્મલાભ લેવા ઈજન આપ્યું છે.

રાઠોડ પરિવાર તથા વાણંદ સમાજ દ્વારા ચામુંડા માતાજીનો ચોવીસ કલાકનો નવરંગો માંડવાનું તા. ૧૬ ને શનિવારના રોજ આયોજન કરવામાં આવેલ છે. સવારે શુભ ચોઘડીયે થાંભલી રોપણ અને માતાજીના સામૈયા બપોરના ૩ કલાકે રાખેલ છે. સમગ્ર માખાવડ ગામનો ધુવાણબંધ જમણવાર સાંજે ૬ વાગે રાખેલ છે. કરના રાવળદેવ દાસબાપુ તથા રાખડીબંધ ભુવા મિલનભાઈ રાઠોડ, પઢિયાર ભુવા, અક્ષયભાઈ રાઠોડ તથા ડાક કલાકાર સંદિપભાઈ સોઢા દ્વારા માતાજીના દર્શન તથા મહાપ્રસાદનો લાભ લેવા ઈજજન પાઠવ્યું છે.

આ ધાર્મિક કાર્યક્રમના મિલનભાઈ રાઠોડ, યોગેશભાઈ રાઠોડ, રમેશભાઈ રાઠોડ, નિલેશભાઈ રાઠોડ, અક્ષયભાઈ રાઠોડ, રાજેશભાઈ રાઠોડ તેમજ મીડીયા ઈન્ચાર્જ રાજ ધામેલીયા વગેરે પોતાનું સેવાદાન આપેલ દિપકભાઈ રાઠોડ જહેમત ઉઠાવી રહ્યા છે.


# રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના તૃતિય સર સંઘ ચાલક બાળાસાહેબ દેવરસની જન્મજયંતિ

અબતક, રાજકોટ

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ એક પ્રશિક્ષણ શિબિરમાં સંઘ શિક્ષણ વર્ગ ૧૯૭૩ માં પુનામાં આયોજન થયેલું હતું ત્યારે પ.પૂ.સંઘચાલક ગુરુજી ઉભા થઈને એક રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ નો પરિચય દીધો હતો તે દિવસે બૌદ્ધિક આપવાના હતા

ગુરુજીને કીધું કે તમારા માંથી કોઈએ ડોક્ટર હેડગેવારજીને નથી જોયા, તો આપણે બાલાસાહેબ દેવરસને જોઈ લઈ તો આપણી સામે ડો. હેડગેવાર ઊભા હોય તેવુ દેખાશે. આંધ્ર પ્રદેશના આદિલાબાદ જિલ્લાની ગોદાવરી નદીના કાંઠે વેસલુ ચેન્નુર ગામે દેવરસ કુટુંબ રહેતું ત્યારબાદ નાગપુરનાં રાજા ભોસલેએ તેમની વિદ્વતા જોઈને આ દેવરસ કુટુંબને નાગપુરમાં આશ્રય આપ્યો. દત્તાત્રેય (ભૈયાજી) જે કારંજ ખાતે રહેવા આવ્યા હતા અને તેમને નવ સંતાન થયા જેમા ચાર દિકરા અને પાંચ દિકરી માતા પાર્વતીબાઈને ત્યાં બાળાસાહેબ દેવરસ આઠમાં અને ભાઉરાવ દેવરસ નવમાં શાલિવાહક રાહે ૧૮૩૭ માગસર સુદ-પને સવારે પાંચ કલાકે (૧૧,ડીસેમ્બર) ૧૯૧૫ના જન્મ થયો. દિકરાનું નામ મધુકર રાખવામાં આવ્યું નાનપણથી ઉત્તમ આરોગ્ય, ગોરોવાન, હસમુખ બાળક બધાને જ તેડવું ગમે રમાડવું ગમે, આમ નાનપણથી 'બાળ'' મધુકરનું નામ રૂઢ થયું. ઘરમાં નાનપણથી સામુહીક જીવન ,દેશભક્તિ સંસ્કાર સાથે માતા પાર્વતીનું અનંત પ્રેમ અને માતાજીના પ્રગતિશિલ વિચારોએ તેમના

દેશભકિતના કાર્યમાં પણ જોડાણા અને ત્યારે જંગલ સત્યાગ્રહ વખતે અકોલાની જેલમાં રહ્યા અને જુલાઈ ૧૯૩૫માં નાગપુરમાં મહા વિદ્યાલયમાં પ્રવેશ



મેળવ્યો હતો. પૂ. ડોકટરસાહેબનો આગ્રહ હતો સ્વયંસેવકોએ ખૂબ ભણવું જોઈએ. આમ, બાળાસાહેબે વકીલાતની પણ ઉપાધી મેળવેલ. આમ ૨૧ વર્ષ સુધી પૂ. બાળાસાહેબ પુરા ભારતનો અખંડ પ્રવાસ કરી અનેક પ્રશ્નો જેવા કે, વર્ણ વ્યવસ્થા, જાતિવ્યવસ્થા અસંગતા જવી જ જોઈએ અને અસ્પૃશ્યતા ભુલ જ છે અને અસ્પૃશ્યતા તો જવી જ જોઈએ તેવુ સ્પષ્ટ માનતા હતા. આમ પુરા રાંઘ પરિવારમાં કામમાં પુરી દ્રષ્ટિ રાખી સંઘ ઉપર આવેલ પ્રતિબંધમાં સ્વયંસેવકને પુરૂ માર્ગદશન,પરીવારની ચિંતા વગેરે જેલમાં હોવા છતા નાની-પાની બાબતોનું ધ્યાન આપી એક આદર્શ નેતૃત્વનો પરીચય આપ્યો અને સંઘના લાખો સ્વયંસેવકો જયારે જેલમાં હતા ત્યારે પણ શાંતિથી ''સત્યાગ્રહ હારા આગળ ધપો'' એક આદર્શ સત્યાગ્રહ દ્વાર! શકિતના દર્શન કરાવી અને ''આ ધૈર્યની કસોટી અને જ્ઞાન તંતુઓનું યુધ્ધ'' અને કટોકટી ઉઠી છતા પણ રાગદ્વેશ નહી અને ''ભૂલો અને ક્ષમાકરો' અખંડ ભારતના કામમાં લાગીજાવ આમ પાછો સંઘ માટે પૂરા ભારતમાં પ્રવાહ શરૂ કર્યો. ગામ ૧૯૩૮ થી ૧૯૯૦માં અખંડ પ્રવાહ આજે પણ સ્વયંસેવકોને યાદ છે.

# સ્કેનિયા ઈન્ડિયાએ ખાણકામને વેગવાન બનાવવા પીપીએસ મોટર્સ સાથે હાથ મિલાવ્યા

અબતક, રાજકોટ

સ્કેનિયા કોમર્શિયલ વ્હીકલ પ્રાઈવેટ લિમિટેડ પીપીએસ મોટર્સ સાથે તેની એકસકલુઝિવ પાર્ટનરશિપની જાહેરાત કરે છે અને તેમને ભારતમાં સ્કેનિયાના માઈનિંગ ટીપર્સ માટે એકમાત્ર પ્રતિનિધિ તરીકે નિયુક્ત કરે છે. આ સહયોગ વેચાણ અને સેવા કામગીરી માટે ભારતભરના કવરેજની ખાતરી કરે છે. સ્કેનિયા ઈન્ડિયા હંમેશા ટેક્નોલોજી દ્વારા સંચાલિત અને નવીનતા દ્વારા સંચાલિત ટકાઉ ટ્રાન્સપોર્ટેશન સોલ્યુશન્સ લાવવામાં વિશ્વાસ રાખે છે. કંપની ખાણના નિર્ણાયક મુદ્દાઓને શોધીને, વિશ્લેષણ કરીને અને સતત ઓપ્ટિમાઈઝ કરીને અનુરૂપ સોલ્યુશન્સ પ્રદાન કરે છે જે ઉચ્ચ ઉપલબ્ધતા, વધુ ઉત્પાદકતા અને વધુ સારી ગ્રાહક નફાકારકતા તરફ દોરી જાય છે. આ નવો સહયોગ ભારતમાં નેટવર્ક વિસ્તરણ અને એડવાન્સ્ડ કસ્ટમર સપોર્ટ પ્રત્યે સ્કેનિયાની ખાતરીનો પુરાવો છે.

આ નવા સહયોગ વિશે સ્કેનિયા કોમર્શિયલ વ્હીકલ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર જોહાન પી શ્લિટરે જણાવ્યું હતું કે,પીપીએસ મોટર્સ સાથેના તાજેતરના કરાર દ્વારા અમે ભારતમાં અમારા માઈનિંગ ટિપર્સ સેગમેન્ટ પર કેન્દ્રિત પ્રભાવશાળી જોડાણનો પાયો નાખ્યો છે. અમારી અદ્યતન ટેકનોલોજીનો લાભ લઈને , અમે ભારતના નેટ ઝીરો એમિશન લક્ષ્ય સુધી પહોંચવાના પ્રયાસોમાં નોંધપાત્ર યોગદાન આપવા માટે આશાવાદી છીએ.

આ ભાગીદારી વિશે પીપીએસ મોટર્સના મેનેજિંગ ડિરેક્ટર રાજીવ સંઘવીએ જણાવ્યું હતું કે, અમે ભારતમાં તેમના માઈનિંગ ટ્રક બિઝનેસ માટે તેમના વિશિષ્ટ વિતરક તરીકે સ્કેનિયા સાથે ભાગીદારી કરીને ખુશ છીએ. સ્કેનિયા પ્રોડક્ટ્સ અને સેવાઓ પર ગ્રાહકોએ જે પ્રતિભાવ અને વિશ્વાસ દર્શાવ્યો છે તે જબરજસ્ત રહ્યો છે. અમે અમારા સંભવિત અને વર્તમાન ગ્રાહકો સાથે સતત સંપર્કમાં રહીએ છીએ જેથી તેઓ વાહનના સમગ્ર જીવનકાળ દરમિયાન સાઈટ પર પ્રોડક્ટ્સ અને સર્વિસીઝની કસ્ટમાઈઝ્ડ ઈકોસિસ્ટમ પ્રદાન કરવા માટે તેમની જરૂરિયાતોને સમજવામાં મદદ કરી શકે

# ૬ જાન્યુ.થી અદાણી બ્લુ કલબ લીગ ફુટબોલ ટુર્નામેન્ટનો પ્રારંભ

અબતક, રાજકોટ

ઓલ ઈન્ડિયા ફુટબોલ ફેડરેશન દ્વારા રાજકોટ ખાતે ગુજરાત સ્ટેટ ફુટબોલ એસો. તથા રાજકોટ ડિસ્ટ્રીકટ ફુટબોલ એસો. દ્વારા અદાણી બ્લુ કલબ ફુટબોલ ટુર્નામેન્ટનું આયોજન (યુ-૮, યુ-૧૦, યુ-૧૨) ભાઈઓ-બહેનો માટે તન્ના સ્પોર્ટસ એકેડમી ખાતે તા. ૬ જાન્યુઆરીથી તા. ૨૫ ફેબુઆરી થી તા. ૨ જાન્યુઆરી સુધીમાં ભાગ લેવા ઈચ્છતી ટીમોએ રોહીત બુંદેલા મો. નં. ૯૪૦૯૩ ૦૩૪૯૪, અમીત શિયાળીયા મો. નં. ૯૦૩૩૦ ૪૦૪૪૪, જયેશ કનોજીયા મો. નં. ૯૪૨૯૨ ૯૯૧૯૦ અને અજય ભટ્ટ મો. નં. ૯૮૭૯૫ ૭૭૯૯૪ પર સંપર્ક કરી રજીસ્ટ્રેશન કરાવવું.

આ ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે પ્રમુખ ગુણુભાઈ ડેલાવાળાની આગેવાની હેઠળ રાજકોટ ડિસ્ટ્રીકટ ફુટબોલ એસો. ના હોદેદારો સર્વે ડી.વી. મહેતા, મુકેશ બુંદેલા, બી.કે. જાડેજા, રોહિત બુંદેલા, વગેરે સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

# કોંગ્રેસના નેતાઓએ કરેલા ભ્રષ્ટાચાર સામે શહેર ભાજપ દ્વારા વિરોધ પ્રદર્શન

અબતક, રાજકોટ




વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને ભારતની જનતાએ તેમના ઉપર વિશ્વાસ મુકીને જે રીતે તેમને કેન્દ્ર સરકારની સત્તા સંભાળવાની જવાબદારી સોંપી છે ત્યારથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જનતાના ઋણ ચુકવવા માટે કટીબધ્ધ થયાં છે તે દેશની પ્રજાની સુખાકારીમાં વધારો કરવા માંગે છે અને દેશને ભ્રષ્ટાચાર મુક્ત કરવા માગે છે ભારતને એક સ્વચ્છ, વિકાસશીલ દેશ બનાવી પ્રજાના પૈસા સામાન્ય જનતામાં સચવાય અને તેઓ દરેક ક્ષેત્રે સધ્ધર બને તેવા પ્રયત્નો કરે છે. આ સમયે કોંગ્રેસ દેશના દરેક વિકાસમાં અડચણ ઉભી કરે છે જેથી કોંગ્રેસ સરકારના નેતાઓ દ્વારા થયેલા ભ્રષ્ટાચાર, કમીશન લેવું, પ્રજાના પૈસાને લુંટી લેવા સહિતની ગેરંટી કોંગ્રેસ સરકારના નેતાઓ આપી શકે તેવા પ્રયત્નો કરવામાં આવે છે. ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ભારતને ભ્રષ્ટાચાર મુક્ત કરવાની ગેરંટી લીધી છે કે ભ્રષ્ટાચારને જડમુળથી ખતમ કરવા માટે કટિબધ્ધ છે. કોંગ્રેસ નેતાઓએ જનતા પાસેથી પૈસા લૂંટી લીધા છે તે પૈસા બેઈમાનીઓ પાસેથી વસુલ કરવાની ગેરંટી લીધી છે. જે મુજબ ઝારખંડના નેતા અને રાજયસભાના કોંગ્રેસ નેતા સાંસદના ઠેકાણેથી આયકર વિભાગ દ્વારા ૨૦૦ કરોડ રૂપિયા રોકડા પકડવામાં આવ્યા છે તે સમગ્ર બાબત ભારત દેશની પ્રજા કોંગ્રેસ નેતાઓને જાણે તે માટે રાજકોટ શહેર ભાજપ દ્વારા બહુમાળી ભવન ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવેલ હતું, આ તકે શહેર પ્રભારી પ્રકાશભાઈ સોની, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, ડો.દર્શિતાબેન શાહ સહિતના બહોળી સંખ્યામાં ભાજપ કાર્યકતાઓ ઉપસ્થિત રહયા હતા.

# દિલ્હી ખાતે ખેલો ઈન્ડિયા પેર ગેમ્સમાં રાજકોટના ૪ દિવ્યાંગ ખેલાડીઓની પસંદગી

અબતક, રાજકોટ

યુનિટ વિકલાંગ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૧૫ વર્ષથી સતત દિવ્યાંગોમાં રહેલી રમત ગમતની પ્રતિભાને બહાર લાવીને તેમને ક્ષેત્રીય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફલક પર પહોચાડવાની કામગીરી કરે છે. તેમ જ પેરાલિમ્પિક કમીટી ઓફ રાજકોટ અને મોરબી જીલ્લા તરીકે ફરજ નિભાવે છે.

દિલ્હીમાં પ્રથમ વખત ખેલો ઈન્ડિયા પેરા ગેમ્સનું આયોજન શરુ થયેલ છે. જેમાં ગુજરાતમાંથી ૯૫ જેટલા પેરા ખેલાડીઓ ભાગ લેતા જોવા મળશે. આ ગેમ્પમાં રાજકોટ સંસ્થાના ૨ પેરા ખેલાડીઓ પાવર લિફટીંગ અને ૨ પેસ ખેલાડીઓ ટેબલ ટેનીસ ગેમ્સમાં સિલેકટ થયા છે. સંસ્થાના ઈન્ટરનેશનલ લેવલના ખેલાડી રામ બાભવા જે તાજેતરમાં જ એશીયન ગેમ્પ રમીને આવેલ છે.

તેઓ અને નેશનલ પ્લેયર પ્રભા શિયાળ પેરા પાવર લિફિંગમાં પોતાનું કૌવત બતાવશે. પેરા ટેબલ ટેનીશ ગેમ્પમાં સંસ્થાના મનિષા ખખ્ખર અને દવની શાહ પોતાની પ્રતિભા દર્શાવશે. આ બન્ને ખેલાડીઓ પણ નેશનલ લેવલ પર ટેબલ ટેનીશમાં મેડલ મેળવી ચુકેલ છે.

વધુમાં સઁસ્થાના પ્રમુખ શૈલેશભાઈ પંડયાએ ઉમેયુ હતું કે, રાજકોટના દિવ્યાંગો રમતગમત ક્ષેત્રે હંમેશા અગ્રેસર રહ્યા છે. અત્યાર સુધીમાં સંસ્થાના દિવ્યાંગોએ ૩૩ નેશનલ મેડલ પ્રાપ્ત કરેલ છે.

# પ્રગટ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા વિકલાંગોને કરાવાશે હરિદ્વારનો પ્રવાસ

## હરિદ્વાર ગંગા કિનારે ભાગવત સપ્તાહનું આયોજન

## 'અબતક' ની શુભેચ્છા મુલાકાતે પ્રગટ ચેરીટેબલ ટ્રસ્ટની ટીમ

અબતક, રાજકોટ

નિઃસ્વાર્થ ભાવે વિવિધ માનવ સેવા ક્યિ પ્રવૃતિ કરતી સંસ્થા પ્રગટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રાજકોટમાં પ્રથમ વખત આામી ચૈત્ર માસમાં તા. ૩-૫-૨૪ થી ૧૨-૫-૨૪ સુધી રાજકોટ શહેરમાં વસતા નિરાધાર, નિઃસહાય અપંગ (વિકલાંગ) લોકોના પિતૃઓના મોક્ષાર્થે હરીદ્વાર ગંગા કિનારે સપ્તાહનું આયોજન કરવામાં આવેલ છે. આ ભાગવત સપ્તાહમાં સામેલ થનાર અપંગ (વિકલાંગ) લોકો પાસેથી એક પણ પૈસો ફી લેવામાં આવશે. તેઓને વિનામૂલ્યે હરીદ્વાર ભાગવત સપ્તાહમાં લઈ જવામાં આવશે.

આ ભાગવત સપ્તાહના મુખ્ય યજમાન પદે ચંદ્રિકાબેન નાનજીભાઈ જોશી તથા ભરતભાઈ લાખાણી પરિવારના પિતૃ મોક્ષાર્થે



તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

સ્વ. નાનજીભાઈ જીવનભાઈ જોશી, સ્વ. વિજયભાઈ નાનજીભાઈ જોશી તથા સ્વ. રમેશભાઈ નાનજીભાઈ જોશી તથા સ્વ. શારદાબેન ભરતભાઈ લાખાણી તથા સ્વ. ધર્મેશભાઈ ભરતભાઈ લાખાણીના સ્મરણાર્થે હરિદ્વાર ગંગા કિનારે ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવેલ છે.

'અબતક' ની શુભેચ્છા મુલાકાતે જગદીશભાઈ ભટ્ટે જણાવ્યું હતું કે, આ યાત્રામાં સામેલ થનાર અપંગ (વિકલાંગ) લોકોને રાજકોટથી ટ્રેન દ્વારા સ્લીપર કલાસમાં લઈ જવામાં આવશે. સવારે ચા, પાણી નાસ્તો બપોરે ભોજન તથા રાત્રીના શુધ્ધ કાઠીયાવાડી ભોજન આપવામાં આવશે. એક રુમમાં ચાર વ્યક્તિએટેચ સંડાસ બાથરુમમાં ઉતારો આપવામાં આવશે. આ યાત્રામાં સામેલ થવા માટે અપંગ (વિકલાંગ) લોકોએ અપંગ (વિકલાંગ) દાખલાની ઝેરોક્ષ તથા આધાર કાર્ડની ઝેરોક્ષ એક ફોટો સાથે લઈ સંસ્થાના કાર્યાલય પ્રગટ ચેરીટેબલ ટ્રસ્ટ, લક્ષ્મીવાડી ૯/અ પ્રગટ હનુમાનજી મંદિર, મીલપરા મેઈન રોડ ઉપર સવારે ૧૦ થી ૧૨ અને સાંજે ૫ થી ૮ સુધીમાં મેળવી લેવા. આ યાત્રામાં મર્યાદિત સંખ્યામાં લોકોને લઈ જવાના હોય તો વહેલા તે પહેલાના ધોરણે ફોર્મ વિતરણ કરવામાં આવશે.

આ યાત્રાના ફોર્મનું વિતરણ તા. ૧૦-૧૨ થી શરુ કરવામાં આવશે. અને ફોર્મ ભરીને તા. ૨૫-૧૨ સુધીમાં કાર્યાલય ઉપર પરત જમા કરાવાના રહેશે.

આ માનવ સેવા કાર્યમાં સંસ્થાના પુજાબેન ભટ્ટ:, જયાબેન વાઘેલા, કિર્તબેન પાનસુરીયા, જૈમિલ પંડયા, દેવાંગ ભટ્ટ, પાર્થ દવે, ચિંતત રાચ્છ, પાવન શિશાંગીયા, પ્રિયાંશ ગોહેલ, પરેશ ગોહેલ, બીપીન ગોહેલ, બચુબાપા માખેલા, વગેરે સેવા આપી રહ્યા છે. વધુ માહીતી માટે સંસ્થાના પ્રમુખ જગદીશભાઈ ભટ્ટ મો. નં. ૯૯૨૫૦ ૧૭૮૮૮ નો સંપર્ક કરવા વિનંતી 'અબતક' ની શુભેચ્છા મુલાકાત જગદીશભાઈ ભટ્ટ અને ભરતભાઈ લાખાણી, ચિતારાજ ઉપસ્થિત રહ્યા હતા.


# આરડીએનપી પ્લસ સંસ્થા દ્વારા માનવ અધિકાર દિનની ઉજવણી

અબતક, રાજકોટ

(રાજકોટ ડીસ્ટ્રીકટ નેટવર્ક ઓફ પીપલ લીવીંગ વિથ એચ.આઈ.વી./એઈડ્સ) સંગઠનની સ્થાપના ૩ માર્ચ ૨૦૦૫ના રોજ એચ.આઈ.વી. પોઝીટીવ લોકો દ્વારા સમગ્ર રાજકોટ જીલ્લામાં એચ.આઈ.વી. સાથે જીવતા લોકોના લાભાર્થે કરવામાં આવી. જેનો મુખ્ય ધ્યેય રાજકોટ જીલ્લામાં એચ.આઈ.વી./એઈડ્સ સાથે જીવતા લોકો માટે એક એવુ સક્ષમ અને સાનુકુળ વાતાવરણ ઉભુ કરવું કે જ્યાં કોઈપણ જાતના ભેદભાવ વગર સારવાર તથા સંભાળ અને દવાઓ મળી રહે તેમજ તેમના માનવ અધિકારોનું રક્ષણ થાય ત્યારે આરડીએનપી સંસ્થાની વાર્ષિક સાધારણ સભા અને માનવ અધિકાર દિવસ યોજાયેલ જેમાં ૭૨ મેમ્બરો હાજર રહેલ. સભાની શરૂઆત દીપ પ્રાગટ્ય તેમજ પ્રાર્થનાથી કરવામાં આવેલ. ત્યાબાદ સંસ્થાનાં પ્રમુખ જગદીશભાઈ પટેલ દ્વારા આવેલ સભ્યોનું સ્વાગત કરવામાં આવેલ. બોર્ડ મેમ્બરનું પુષ્પ ગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવેલ. તેમજ ધર્મેશભાઈ એંધાણી (મંત્રી) દ્વારા વાર્ષિક રીપોર્ટનું વાંચન અને ફાઈનાન્સ અહેવાલનું વાંચન મધુબેન વડગામા (ખજાનચી) દ્વારા કરવામાં આવેલ અને તમામ સભ્યોની સંમતિ લેવામાં આવેલ અને સાથે સાથે ''માનવ અધિકાર દિવસ'' ઉજવવામાં આવ્યો.

# તમામ રજિસ્ટ્રાર કચેરીઓમાં સર્વર ઠપ્પ, કામગીરી ખોરવાય

## કચેરીમાં સવારથી મોટી સંખ્યામાં અરજદારોના જમાવડા, કલાકો રાહ જોયા બાદ પરત ફરવું પડ્યું : ભારે દેકારો





તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લા સહિત રાજ્યની તમામ સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં આજે સર્વર ઠપ્પ થઈ જતા કામગીરી બંધ રહી છે. જેને પગલે દસ્તાવેજના કામ માટે આવેલ અરજદારોને કલાકો સુધી રાહ જોયા બાદ પરત ફરવું પડ્યું હતું.

રાજકોટ જિલ્લાની ૧૮ સહિત રાજ્યની ૨૬૦ જેટલી સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં આજે કામગીરી બંધ રહી છે. સૂત્રોના જણાવ્યા મુજબ સર્વર ઠપ્પ થઈ ગયું હોય દસ્તાવેજની કામગીરી થઈ શકી નથી. રાજકોટ જિલ્લાની તમામ સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં આજે અગાઉથી નક્કી થયેલા સ્લોટ મુજબ અરજદારોનો પ્રવાહ ચાલુ રહ્યો હતો. કદાચ સર્વર ઠીક થઈ જાય અને કામગીરી પુનઃશરૂ થાય તેવી આશાએ કલાકો સુધી અરજદારોએ કચેરીમાં પડાવ નાખ્યા હતા. પણ બપોર સુધી સર્વરની સમસ્યામાં કોઈ સોલ્યુશન ન આવતા અંતે અરજદારોને પરત ફરવાનો વારો આવ્યો હતો. આ કારણે અનેક કચેરીઓમાં ભારે દેકારો પણ બોલી ગયો હતો.

# કોર્પોરેશનના કોન્ટ્રાક્ટ બેઈઝ ડ્રાઈવરોની હડતાળ પર ઉતરી જવાની ચીમકી

## સરકારના નિયમ મુજબ વેતન મળતું ન હોવાના કારણે ૮૧ ડ્રાઈવરોએ કરી પદાધિકારીઓ અને અધિકારીઓને રજૂઆત

**અબતક, રાજકોટ**

કોર્પોરેશનના ૮૧ કોન્ટ્રાક્ટ બેઈઝ ડ્રાઈવરોએ પગાર પ્રશ્ને હડતાળ પર ઉતરી જવાની ચીમકી આપી છે. સરકારના નિયમ મુજબ વેતન ન મળતું હોય ઉપરાંત ઓવર ટાઈમ પણ ચૂકવવામાં આવતું નથી. આ સંદર્ભે આજે મેયર સહિતના પદાધિકારીઓ અને મ્યુનિ.કમિશનર સહિતના અધિકારીઓને રજૂઆત કરવામાં આવી હતી.



ફાયર બ્રિગેડ શાખામાં કોન્ટ્રાક્ટ બેઈઝ ફરજ બજાવતા ૮૧ ડ્રાઈવરોએ આજે કરેલી રજૂઆતમાં જણાવ્યું હતું કે તેઓને દર મહિને ૮,૮૭૪ રૂપિયા પગાર મળે છે. સરકાર દ્વારા નિયમ કરાયેલા લઘુત્તમ વેતન જેટલો પણ નથી. આ ઉપરાંત વાવાઝોડું, હોનારત કે કોઈપણ અકસ્માતના બનાવોમાં તેઓને કામગીરી સોંપવામાં આવે છે પરંતુ મેડિકલ સહાય ચુકવવામાં આવતી નથી. ઓવર ટાઈમનું પણ વેતન આપવામાં આવતુ નથી. ઈમરજન્સી શાખામાં નોકરી કરતા હોવા છતાં તેઓને કોઈ ઓળખપત્ર આપવામાં આવ્યું નથી. જેના કારણે અલગ-અલગ વિભાગોની હેરાનગતિ પણ સહન કરવી પડે છે. જે સેલરી ચુકવવામાં આવે છે તેની કોઈ સ્લીપ આપવામાં આવતી નથી. જેના કારણે તેઓનું પીએફ કેટલું કપાય છે તેનો કોઈ અંદાજ નથી. ઓવર ટાઈમ અપાતો નથી. સાથોસાથ જો કોઈ કારણોસર રજા રાખે તો પણ તેનો પગાર કાપી લેવામાં આવે છે. પડત્તર માંગણીઓનો યોગ્ય નિવેડો લાવવા રજૂઆત કરવામાં આવી છે. અન્યથા આગામી દિવસોમાં અચોક્કસ મુદ્તની હડતાળ પર ઉતરી જવાની પણ ચીમકી ઉચ્ચારી છે.

# વધુ ૧૧ નશર્માઓને જાહેરમાં થુંકવા બદલ દંડ

**અબતક રાજકોટ**

શહેરમા સફાઈ અંગે જાગૃતિ આવે અને પ્લાસ્ટીક મુકત કરવા સફાઈ અંગેની ફરિયાદોનાં ઝડપી નિવારણ તેમજ લોકો માં સફાઈ અંગે જાગૃતિ આવે તે માટે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર દ્વારા ન્યુસન્સ પોઈન્ટ ખાતે કચરો ફેંકતા લોકોને તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટીક વાપરનારા, જાહેરમાં ન્યુસન્સ કરતા આસામીઓને તેમજ જાહેરમાં પાન-ફાકી ખાઈ થુંકનારને સીસીટીવી કેમેરાનાં માધ્યમ દ્વારા ઝડપી લઈ દંડ વસુલાત ની કામગીરી હાથ ધરવામાં આવે છે. જે અંતર્ગત ૧૧ વ્યક્તિઓને સીસીટીવી કેમેરા મારફત જાહેરમાં પાન-ફાકી ખાઈને થુંકતા તેઓને ઈ-ચલણ દ્વારા દંડ કરવામાં આવ્યો છે.

કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના કુલ ૨૦૦૦ કેમેરા દ્વારા દિનભરમાં ૨૨૦૦ લોકેશન ચેક કરવામાં આવેલ, જે અંતર્ગત કુલ ૮૦૦ સફાઈ કામદારોની સફાઈ કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવ્યુ છે. અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની સફાઈ બાબતની ૨૮ ફરિયાદો સીસીટીવી કન્ટ્રોલ રૂમ દ્વારા ફરિયાદી બની કરવામાં આવી હતી. આ ફરિયાદોનું ફોલોઅપ જે તે વિસ્તારનાં સેનીટરી ઈન્સ્પેકટર પાસેથી મેળવી ૨૪ કલાકમાં ફરિયાદનુ નિવારણ કરવામાં આવી છે.

# પોલીસ સહિતના ૧૮ સરકારી વિભાગોને વેરો ભરવા કોર્પોરેશનની નોટિસ

## સરકારી વિભાગો પાસે ૧૪૦ કરોડ રૂપિયા બાકીઃ નોટિસ મળતા વેરો ભરવાનું શરૂ

**અબતક, રાજકોટ**

કોર્પોરેશનની વેરા વસૂલાત શાખાને ચાલુ નાણાકીય વર્ષમાં ૪૩૦ કરોડ રૂપિયાનું તોતીંગ લક્ષ્યાંક આપવામાં આવ્યો છે. જે હાંસલ કરવા માટે હાર્ડ રિકવરી શરૂ કરી દેવામાં આવી છે. પોલીસ સહિતના ૧૮ સરકારી વિભાગોને ચડત વેરો ભરવા માટે નોટિસ ફટકારવામાં આવતા અનેક વિભાગોએ બાકી વેરો ભરવાનું શરૂ કરી દીધું હોવાનું જાણવા મળી રહ્યું છે.

રેલવે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, કલેક્ટર તંત્ર, સમરસ હોસ્ટેલ, સિટી પોલીસ, પીડબલ્યૂડી, મેડિકલ કોલેજ, દૂરદર્શન, બીએસએનએલ, રૂરલ પોલીસ, પાણી પૂરવઠા બોર્ડ, ઈએસઆઈસી, અપંગ બાળગૃહ, એમ.જી. હોસ્ટેલ, ગર્વમેન્ટ પ્રેસ, કોર્ટ અને પોસ્ટ ઓફિસ સહિત અલગ-અલગ સરકારી કચેરી પાસેથી વેરા પેટે રૂ.૧૪૦ કરોડ બાકી નીકળે છે.

જેની વસૂલાત કરવા માટે ટેક્સ બ્રાન્ચ દ્વારા તાજેતરમાં તમામ સરકારી વિભાગોને બાકી વેરો ભરપાઈ કરી દેવા સંદર્ભે નોટિસ ફટકારવામાં આવી છે. જે અંતર્ગત કેટલાક વિભાગો દ્વારા વેરો ભરવાનું શરૂ પણ કરી દેવામાં આવ્યું છે. વર્ષોથી સરકારી વિભાગો દ્વારા વેરો ભરપાઈ કરવામાં આવ્યો નથી. જેના કારણે બાકીવેરાનો આંક દોઢ અબજ આસપાસ પહોંચી ગયો છે.

# ભરતીના નિયમમાં સુધારાની અમલવારી પૂર્વે કોર્પોરેશન દ્વારા કોર્ટમાં કેવીયેટ દાખલ

## કોઈ વ્યક્તિ કે સંસ્થા ભરતીના નવા નિયમો સામે મનાઈ હુકમ માંગે તે પહેલા કોર્પોરેશનને સાંભળવા કરાય માંગ

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની અલગ-અલગ શાખાઓમાં વિવિધ કેડરની જગ્યાઓ ભરવા માટેના નિયમોમાં સુધારો કરવામાં આવ્યો છે. ગત મહિને મળેલી જનરલ બોર્ડની બેઠકમાં પણ નવા નિયમોને બહાલી આપવામાં આવી છે. મહેકમ શાખા દ્વારા આગામી દિવસોમાં વિવિધ જગ્યાઓ ભરવા માટે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવનાર છે. જે સંદર્ભે કોઈ વ્યક્તિ કે સંસ્થા ભરતીના નવા નિયમો સામે મનાઈ હુકમ માંગે તે પૂર્વે કોર્પોરેશને કોર્ટમાં કેવિયેટ દાખલ કરી દીધી છે.

કોર્પોરેશનના લીગલ ઓફિસર આશિષ વાય.શાહ દ્વારા પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ સમક્ષ દાખલ કરવામાં આવેલી કેવીયેટમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે કોર્પોરેશનની અલગ-અલગ શાખાઓમાં વિવિધ કેડરની ભરતી કરવા માટે જે નિયમોમાં સુધારો કરવામાં આવ્યો છે તેની અમલવારી આગામી દિવસો કરવામાં આવનાર છે. જે સંદર્ભે કોર્પોરેશન સામે કોઈપણ કાયમી કે કામ ચલાઉ મનાઈ હુકમની માંગણી કરે તો પ્રથમ મહાપાલિકાને સાંભળ્યા બાદ જ હુકમ ફરાવવા માટેની માંગણી કરવામાં આવી છે.

# ભાજપના નગરસેવિકા દ્વારા રાજ્યના મુખ્ય સચિવના પૂતળા દહનનો કાર્યક્રમ મુલત્વી

## વોર્ડ નં.૧૪ના કોર્પોરેટર ભારતીબેન મકવાણાએ ઉચ્ચારી હતી મુખ્ય સચિવના પૂતળા દહનની ચીમકી

**અબતક, રાજકોટ**

પંચાયતથી લઈ પાર્લામેન્ટ સુધી ભાજપની સરકાર હોવા છતાં અનેક વિસ્તારોમાં વિકાસ કામો સામે અધિકારીઓ અડચળ ઉભી કરી રહ્યા છે. વોર્ડ નં.૧૪ના ભાજપના નગરસેવિકા ભારતીબેન બકુલભાઈ મકવાણાએ રાજ્ય સરકારના મુખ્ય સચિવનું પૂતળુ બાળવાની ચીમકી ઉચ્ચારી હતી. જો કે, પક્ષમાંથી પ્રેશર આવતા આજે પૂતળા દહનનો કાર્યક્રમ મુલત્વી રાખવાની ઘોષણા કરવામાં આવી છે અને ૧૫ દિવસની મુદ્ત પાડવામાં આવી છે.

વોર્ડ નં.૧૪ના નગરસેવિકા ભારતીબેન મકવાણાએ થોડા દિવસ પહેલા મ્યુનિ.કમિશનરને એક પત્ર લખ્યો હતો. જેમાં જણાવ્યું હતું કે તેઓના વિસ્તારમાં વિકાસ કામોને લઈ અનેક રજૂઆત કરવામાં આવી હોવા છતાં તંત્ર દ્વારા પુરતું ધ્યાન આપવામાં આવતુ નથી.

જેના કારણે ૧૧ ડિસેમ્બર એટલે કે આજે કોર્પોરેશન કચેરીમાં જ રાજ્ય સરકારના મુખ્ય સચિવના પુતળા દહનનો કાર્યક્રમ આપવામાં આવશે.


તેવી ચીમકી આપી હતી. દરમિયાન પક્ષમાંથી દબાણ આવતા ગત શનિવારે તેઓએ મ્યુનિ.કમિશનરને બીજો એક પત્ર લખ્યો હતો. જેમાં મુખ્ય સચિવના પૂતળા દહનનો કાર્યક્રમ ૧૫ દિવસ મુલત્વી રાખવાની ઘોષણા કરવામાં આવી છે.

# ખાસ ઝુંબેશના ચાર દિવસોમાં ૩૧ હજારથી વધુ યુવાનોએ કરાવી નોંધણી

## આધાર લિંક કરવા ૫૦૮૧, નામ કમી કરવા ૧૧૫૭૯ અને સુધારા-વધારા માટે ૩૪૨૬૯ મળી કુલ ૮૧,૯૫૪ અરજીઓ ચૂંટણી તંત્રને મળી

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં મતદારયાદી ખાસ સુધારણા કાર્યક્રમ અંતર્ગત ખાસ ઝુંબેશના ચાર દિવસ રાખવામાં આવ્યા હતા. જેમાં ચૂંટણી તંત્ર સમક્ષ ૩૧ હજારથી વધુ યુવાઓએ મતદાર યાદીમાં નામ ઉમેરવા માટે નોંધણી કરાવી હતી.



રાજકોટ જિલ્લામાં તા.૯ના રોજ મતદારયાદી માટે ખાસ ઝુંબેશ યોજાઈ હતી. જિલ્લામાં તમામ મતદાન મથકો ઉપર આ માટે ચૂંટણી સ્ટાફ ફરજ ઉપર મુકવામાં આવ્યો હતો. આ ઝુંબેશના દિવસ દરમિયાન તંત્રને નવા નામ ઉમેરવા માટે ૮૯૧૩, આધાર લિંક કરવા ૧૨૭૬, નામ કમી કરવા ૨૮૬૬ અને સુધારા-વધારા માટે ૧૦૮૯૫ મળી કુલ ૨૩૯૫૦ અરજીઓ ચૂંટણી તંત્રને મળી હતી.

અગાઉ ૫ નવેમ્બરના રોજ પણ ખાસ ઝુંબેશ યોજાઈ હતી. જેમાં આ ઝુંબેશમાં દિવસ દરમિયાન તંત્રને નવા નામ ઉમેરવા માટે ૩૭૩૯, આધાર લિંક કરવા ૫૭૩, નામ કમી કરવા ૧૦૨૦ અને સુધારા-વધારા માટે ૪૮૫૭ મળી કુલ ૧૦,૧૮૯ અરજીઓ ચૂંટણી તંત્રને મળી હતી.જ્યારે ૨૬ ડિસેમ્બરના રોજ મતદારયાદી માટે ખાસ ઝુંબેશ યોજાઈ હતી. ઝુંબેશના દિવસ દરમિયાન તંત્રને નવા નામ ઉમેરવા માટે ૫૪૫૨, આધાર લિંક કરવા ૭૫૯, નામ કમી કરવા ૨૧૪૦ અને સુધારા-વધારા માટે ૫૬૫૨ મળી કુલ ૧૪,૦૦૨ અરજીઓ ચૂંટણી તંત્રને મળી હતી.

ચાર દિવસોમાં ચૂંટણી તંત્રને નવા નામ ઉમેરવા માટે ૩૧૦૨૫, આધાર લિંક કરવા ૫૦૮૧, નામ કમી કરવા ૧૧૫૭૯ અને સુધારા-વધારા માટે ૩૪૨૬૯ મળી કુલ ૮૧૯૫૪ અરજીઓ ચૂંટણી તંત્રને મળી છે.

# એઈમ્સ, રેલવે ડબલિંગ અને હીરાસર એરપોર્ટના કામની સમીક્ષા કરતી કેન્દ્ર સરકાર

## પીએમ ગતિશક્તિ પ્રોજેક્ટ અન્વયે ચાલુ પ્રોજેક્ટની કામગીરીનો તાગ મેળવવા કલેકટર સાથે ઉચ્ચ અધિકારીઓની વીડિયો કોન્ફરન્સ

**અબતક, રાજકોટ**

રાજકોટમાં એઈમ્સ, રેલવે ડબલિંગ અને હીરાસર એરપોર્ટ તથા તેને લગતા જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પ્રોજેક્ટની કેન્દ્ર સરકાર દ્વારા સમીક્ષા હાથ ધરવામાં આવી છે. પીએમ ગતિશક્તિ પ્રોજેક્ટ અન્વયે આ મામલે આજે સાંજે વિડીયો કોંફરન્સ યોજાઈ હતી.

આ અંગે જિલ્લા કલેકટર પ્રભવ જોશીએ બપોરના સમયે જણાવ્યું કે પીએમ ગતિ શક્તિ પ્રોજેક્ટની આજે સાંજે ચાર વાગ્યે વિડીયો કોંફરન્સ છે. જેમાં રાજકોટ નજીક નિર્માણ પામી રહેલ એઈમ્સ, કાનાલુસ રાજકોટ રેલવે ડબલ લાઈન અને હીરાસર એરપોર્ટને લગતા પ્રોજેક્ટની સમીક્ષા હાથ ધરવામાં આવશે.

વધુમાં તેઓએ વિગતો આપતા જણાવ્યું કે રાજકોટ કાનાલુસ ડબલ લાઈન પ્રોજેક્ટ માટે આખરી જાહેરનામાની પ્રસિદ્ધિ બાદ ૧ વર્ષમાં કામ પૂર્ણ કરવાનું હતું. પણ જિલ્લા વહીવટી તંત્રએ આ કામ ૬ જ મહિનામાં પૂર્ણ કરી દીધું છે. ૧૩ ગામોની જમીનનો કબજો રેલવેને સોંપી દેવામાં આવ્યો



છે. ૨૧ કેસો એવા છે જેમાં ખાતેદારોએ પોતાના વારસાઈ સહિતના આંતરિક વિવાદોને કારણે એવોર્ડ સ્વીકાર્યા નથી. તેઓ ત્રીજી નોટિસ પણ અપાઈ ગઈ છે.

જિલ્લા કલેકટર પ્રભવ જોશીએ વધુમાં જણાવ્યું કે રાજકોટની ભાગોળે પરાપીપળીયા નજીક એઈમ્સનું નિર્માણ થઈ ગયું છે. અહીં ૨૫૦ બેડની આઈપીડી સેવા ડિસેમ્બર અંત સુધીમાં ચાલુ થઈ જશે. ત્યાં મોરબી રોડ તરફનો જે બ્રિજ છે તે પણ આ મહિનાના અંતે તૈયાર થઈ જવાનો છે. વધુમાં જામનગર રોડ તરફના બ્રિજ માટે જમીન અધિગ્રહણની પ્રક્રિયા ચાલી રહી છે.

જિલ્લા કલેકટરે વધુમાં ઉમેર્યું કે હીરાસર એરપોર્ટ નજીક ફ્લાયઓવરનું નિર્માણ કરવાનું છે. જેના માટે ફોરેસ્ટ ક્લિયરન્સ એડવાન્સ સ્ટેજમાં છે. આમ આ ત્રણ મહત્વના પ્રોજેક્ટને લઈને પીએમ ગતિ શક્તિ યોજના અન્વયે સમીક્ષા હાથ ધરવામાં આવનાર છે.

# કોર્પોરેશનના કર્મચારીઓ રોષે ભરાયાઃ બુધવારે ડીએમસીની ચેમ્બરમાં બોલાવશે રામધૂન

## કર્મચારીઓના પ્રશ્નોનો ઉકેલવા દર મહિનાના પહેલા શનિવારે મિટીંગ બોલાવવાની ખાતરી બાદ કોઈ કાર્યવાહી ન થતાં અંતે ધીરજ ખૂટી

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગપાલિકા કર્મચારી પરિષદના નેજા હેઠળ આગામી બુધવારે કર્મચારીઓ ડીએમસીની ચેમ્બરમાં રામધૂન બોલાવી તંત્રને ઢંઢોળવાનો પ્રયાસ કરશે.

કર્મચારી પરિષદના મહામંત્રી મૌલેશભાઈ વ્યાસ અને પ્રેરિત જોષીના જણાવ્યાનુસાર કોર્પોરેશનના તમામ કર્મચારીઓના હિતના પ્રશ્નના નિરાકરણ અર્થે મ્યુનિ.કમિશનર દ્વારા ૩૦ નવેમ્બર સુધીમાં કમિટીની મિટીંગ બોલાવવા તથા કર્મચારીઓને અન્યાય કરતા અનેક પ્રશ્નોનું પણ નિરાકરણ થઈ શકે તે હેતુ માટે દર મહિનાના પ્રથમ શનિવારે યુનિયન તથા વહિવટી તંત્ર વચ્ચે મિટીંગ યોજવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવી હતી. પરંતુ તાબા હેઠળના અધિકારીઓ દ્વારા આજ સુધી કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી નથી. જેનાથી કોર્પોરેશનના કર્મચારીઓમાં રોષની લાગણી વ્યાપી જવા પામી છે. તંત્રને ઢંઢોળવા માટે આગામી બુધવારે બપોરે ૧૧:૩૦ કલાકે કર્મચારીઓ દ્વારા નાયબ મ્યુનિ.કમિશનરની ચેમ્બરમાં રામધૂન યોજવામાં આવશે. તેવી જાહેરાત કરવામાં આવી છે.

મેટોડા રાજકોટ શિવ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી આયોજિત

# ગોપાલ સ્નેક્સ લિમિટેડ ના સમુહ લગ્નમાં દીકરીઓને લાખેણા કરિયાવર સાથે સાસરે વળાવાશે

## અબતકની મુલાકાતમાં શિવ એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ ઉમેદગીરી ગોસ્વામી અને આગેવાનોએ લગ્ન ઉત્સવ ની વિગતો આપી જરૂરિયાત મંદ પરિવારોને ફોર્મ ભરવા કર્યો અનુરોધ

**અબતક રાજકોટ**

'માનવ સેવા એ જ પ્રભુ સેવાના'' મંત્રને ખરાબમાં ચરિતાર્થ કરવા માટે ગોપાલ સ્નેક્સ લિમિટેડ અને શિવ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમાજમાં જરૂરિયાત મંદ પરિવારોની દીકરીઓના સમયસર લગ્ન થઈ જાય તે માટે પુરા માન સન્માન અને પરંપરા સાથે સમૂહ લગ્નનું આયોજન કરવાની એકે આગવી અને સફળ પરંપરા સર્જાય છે..

ગોપાલ સ્નેક્સ લિમિટેડ અને શિવ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી ૨૧ માં સર્વ જ્ઞાતિ સમૂહ લગ્ન ઉત્સવ નું આયોજન કરવામાં આવ્યું છે, અબતકની મુલાકાતે આવેલા શિવ એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ ના પ્રમુખ ઉમેદગીરી ગોસ્વામી ,યોગેશગીરી ગોસ્વામી અને આગેવાનોએ જણાવ્યું હતું કે સમાજમાં જરૂરિયાતમંદ પરિવારની દીકરીઓને પરણાવવાની પરિવારને ખૂબ જ ચિંતા હોય છે, આ દીકરીઓને માનભેર પરણાવવા માટે સમૂહ લગ્નની પરંપરા સમાજ માટે ''આશીર્વાદરૂપ'' બની છે.. ગોપાલ સ્નેક્સ લિમિટેડ ના ડાયરેક્ટર



તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

બીપીનભાઈ હદવાણીએ એ તેમના પિતા સ્વ વિઠલભાઈ હરિભાઈ હદવાણી ના સેવાના સંસ્કારોને ઉજાગર કરી ''પ્રેરણામૂર્તિ' બનાવી માનવસેવા યજ્ઞ પ્રજલવિત કરી સેવાની પરંપરા રૂપ સમૂહ લગ્ન ના આયોજનની એક આગવી પરંપરા ઊભી કરી છે.ગોપાલ સ્નેક્સ લિમિટેડ દ્વારા અત્યાર સુધી સફળ રીતે ૨૦ સમૂહ લગ્ન માં ૭૧૫ થી વધુ દીકરીઓને ઘર સંસારની જીવન જરૂરી ચીજ વસ્તુઓ માનસન્માન સાથે સાસરે વળાવી છે ,આ પરંપરા ને આગળ વધારી આ વર્ષે ૧૧ ફેબ્રુઆરી૨૪ ના રોજ રાજકોટ ખાતે ૨૧ માં સમૂહ લગ્ન નુ આયોજન કરવામાં આવ્યું છે.પરિવાર અને ખાસ કરીને દીકરીના પિતાને પોતાની દીકરીને સમયસર સાસરે વળાવવાની ચિંતા કોરીખાતી હોય ત્યારે સમૂહ લગ્ન પરિવાર માટે આશીર્વાદ બને છે.

રાજકોટ ખાતે તારીખ ૧૧ ફેબ્રુઆરીએ આ સમૂહ લગ્ન માં વહેલા તે પહેલાના ધોરણે ફોર્મ ભરવાનું શરૂ થયું છે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨૫ જાન્યુઆરી સુધીમાં જરૂરિયાતમંદ પરિવારના વાલીઓએ માધાપર ચોકડી રામપાર્ક સોસાયટી શેરી નંબર ૨ બ્લોક નંબર ૪ શિવ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ કાર્યાલય પ્રમુખ ઉમેદગીરી ગોસ્વામી ૯૮૨૪૦ ૬૨૮૭૫ અને ૯૭૨૭૯ ૬૨૩૭૧ નો સંપર્ક કરી વહેલા તે પહેલા ના ધોરણે ફોર્મ ભરી દેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

આ સમૂહ લગ્નમાં ઘરવખરીની ૬૦ જેટલી વસ્તુઓનું દીકરીઓને લાખેણો કરિયાવર આપવામાં આવશે આ સમૂહ લગ્ન નો લાભ લેવા ઉમેદગીરી ગોસ્વામી અને ગોપાલ સ્નેક્સ લિમિટેડ ના ડાયરેક્ટર બીપીનભાઈ હદવાણી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે

(પહેલા પાનાનું ચાલું)

### સિંહ

વરિષ્ઠ અધિકારીએ સિંહોની સંખ્યામાં વધારો થવા પાછળ છેલ્લા કેટલાક દાયકાઓમાં લાગુ કરાયેલી વિવિધ સંરક્ષણ વ્યૂહરચનાઓ અને હસ્તક્ષેપોને આભારી છે. તેમાં વધુ લોકોની ભાગીદારી અને સમર્થન, બહેતર રહેઠાણ વ્યવસ્થાપન, શિકારના આધારમાં વધારો, માનવ-સિંહ સંઘર્ષમાં ઘટાડો અને આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ સામેલ છે.

૧૯૯૦માં, સિંહો માટેનો સંરક્ષિત વિસ્તાર ૬,૬૦૦ ચોરસ કિમીનો હતો, જે ૨૦૦૧માં વધીને ૧૨,૦૦૦ ચોરસ કિમી અને ૨૦૧૦માં ૨૦,૦૦૦ ચોરસ કિમી થયો હતો. બૃહદ ગીર અભયારણ્ય ૩૦,૦૦૦ ચોરસ કિમીને આવરી લેતા સિંહો માટેના સંરક્ષિત વિસ્તારનું કદ વધશે. સિંહોના આકસ્મિક મૃત્યુને રોકવા માટે નવા વિસ્તારોમાં ખુલ્લા કુવાઓની આસપાસ પેરાપેટ દિવાલો અથવા બેરિકેડ પણ સ્થાપિત કરવામાં આવશે.

### સ્માર્ટ મિટર

અમે આગામી બે વર્ષમાં ૧.૬૧ કરોડ સ્માર્ટ કન્ઝ્યુમર મીટર્સ ઈન્સ્ટોલ કરવા જઈ રહ્યા છીએ. આ મહિને પીજીવીસીએલ દ્વારા સરકારી કચેરીઓમાં ઈન્સ્ટોલેશન પ્રક્રિયા શરૂ કરાશે, અને સપ્લાય ડેટા મેળવવા માટે વિતરણ ટ્રાન્સફોર્મર અને ફીડર પર મીટર ઈન્સ્ટોલ કરાશે. અમે સૌર ઉર્જા ઉત્પાદનમાં ઝડપી વધારો જોઈ રહ્યા છીએ અને આ રીતે દિવસ દરમિયાન વીજળી સસ્તી થઈ ગઈ છે, તેમણે કહ્યું. જોકે, ગ્રાહકો હાલમાં પ્રતિ યુનિટ ફ્લેટ ટેરિફ ચૂકવે છે. સ્માર્ટ મીટર મિનિટ-ટુ-મિનિટ વપરાશ ડેટા પ્રદાન કરશે, જેનાથી ગ્રાહકો દિવસના પ્રકાશના કલાકો દરમિયાન સસ્તી વીજળી મેળવી શકશે. તેઓ પ્રીપેડ મોડને પણ મંજૂરી આપશે, પરંતુ અમે ખાતરી કરીશું કે જો ગ્રાહકોનું બિલ લગભગ બે દિવસ સુધી ચૂકવવામાં ન આવે તો તેમની વીજળી ડિસ્કનેક્ટ કરવામાં આવશે નહીં. ગ્રાહકોને તેમના મોબાઈલ ફોન પર તેમના વીજળીના વપરાશ વિશે માહિતી મળશે.

બીજી તરફ પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા સૌરાષ્ટ્ર-કચ્છમાં રેસિડેન્સિયલ, કોમર્શિયલ અને ઔદ્યોગીક વીજ જોડાણોમાં કુલ ૫૫.૮૩ લાખ સ્માર્ટ પ્રિ-પેઈડ મીટર લગાવવાની કામગીરી ડિસેમ્બર માસના અંતથી શરૂ કરવામાં આવનાર છે અને તેના માટે પાયલોટ પ્રોજેક્ટ તરીકે સૌપ્રથમ રાજકોટ શહેરના મહિલા કોલેજ સબ ડિવિઝનની પસંદગી કરવામાં આવી છે.

### જમ્મુ-કાશ્મીર

ડીવાય ચંદ્રચુડે કહ્યું કે, જજોએ આ કેસમાં ત્રણ નિર્ણયો લખ્યા છે. ૫ ઓગસ્ટ, ૨૦૧૯ ના રોજ સંસદે જમ્મુ અને કાશ્મીરમાંથી અનુચ્છેદ ૩૭૦ ની અસર નાબૂદ કરી અને રાજ્યને બે ભાગો, જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખમાં વિભાજિત કરી અને બંનેને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવ્યા. કેન્દ્રના આ નિર્ણયોને પડકારવામાં આવ્યા હતા.

મોદી સરકારને સોમવારે સુપ્રીમ કોર્ટમાંથી મોટી રાહત મળી છે. સુપ્રીમ કોર્ટે જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવાના નિર્ણયને યથાવત રાખ્યો છે. ચીફ જસ્ટીસ ડી વાય ચંદ્રચુડે કહ્યું છે કે, જમ્મુ-કાશ્મીર ભારતનો અભિન્ન અંગ છે. તેની કોઈ આંતરિક સાર્વભૌમતૃ નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવાનું બંધારણીય રીતે માન્ય છે. આ રીતે સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે કેન્દ્ર સરકાર દ્વારા લેવાયેલો નિર્ણય એકદમ યોગ્ય હતો.

ચીફ જસ્ટિસે કહ્યું, જમ્મુ-કાશ્મીરના બંધારણમાં સાર્વભૌમત્વનો કોઈ ઉલ્લેખ નથી. જો કે, ભારતના બંધારણની પ્રસ્તાવનામાં તેનો ઉલ્લેખ છે. જયારે ભારતીય બંધારણ અસ્તિત્વમાં આવ્યું, ત્યારે જમ્મુ અને કાશ્મીરમાં કલમ ૩૭૦ લાગુ થઈ. ચીફ જસ્ટિસે કહ્યું કે, કલમ ૩૭૦ નાબૂદ કરવાની સૂચના આપવાની રાષ્ટ્રપતિની સત્તા જમ્મુ અને કાશ્મીરની બંધારણ સભાના વિસર્જન પછી પણ અમલમાં છે. કલમ ૩૭૦ની જોગવાઈઓને હટાવવાનો અધિકાર જમ્મુ-કાશ્મીરના એકીકરણ માટે છે. કલમ ૩૭૦ નાબૂદ કરવાનો રાષ્ટ્રપતિનો આદેશ બંધારણીય રીતે માન્ય છે

સુપ્રીમ કોર્ટના નિર્ણયની મહત્વપૂર્ણ બાબતોની જો વાટ કરવામાં આવે તો અદાલતે નોંધ્યું છે કે, રાષ્ટ્રપતિ પાસે કલમ ૩૭૦ હટાવવાનો અધિકાર છે. કલમ ૩૭૦ હટાવવાનો નિર્ણય બંધારણીય રીતે સાચો હતો. બંધારણની તમામ જોગવાઈઓ જમ્મુ-કાશ્મીરને લાગુ પડે છે. આ નિર્ણય જમ્મુ-કાશ્મીરના એકીકરણ માટે હતો. કલમ ૩૭૦ હટાવવામાં કોઈ દ્વેષ નથી. જમ્મુ-કાશ્મીરમાં વહેલી ચૂંટણી માટે પગલાં લેવા જોઈએ. જમ્મુ-કાશ્મીરમાં ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં ચૂંટણી યોજવી જોઈએ. જમ્મુ-કાશ્મીરમાં રાજ્યનો દરજ્જો જલ્દીથી પુનઃસ્થાપિત થવો જોઈએ. કલમ ૩૭૦ અસ્થાયી જોગવાઈ હતી. જમ્મુ કાશ્મીર ભારતનો અભિન્ન અંગ છે. જમ્મુ અને કાશ્મીરમાં કોઈ આંતરિક સાર્વભૌમતૃ નથી.

ચુકાદો આપતી વખતે ચીફ જસ્ટિસે કહ્યું કે, કલમ ૩૭૦ અસ્થાયી જોગવાઈ હતી. જમ્મુ કાશ્મીર ભારતનો અભિન્ન અંગ છે. જમ્મુ અને કાશ્મીરમાં કોઈ આંતરિક સાર્વભૌમતૃ નથી. ચીફ જસ્ટીસ માને છે કે, કલમ ૩૭૦ નાબૂદ કરવાની જાહેરાત માન્ય હતી કે નહીં તે હવે સંબંધિત નથી. ચીફ જસ્ટિસે ડિસેમ્બર ૨૦૧૮ માં જમ્મુ અને કાશ્મીરમાં લાદવામાં આવેલા રાષ્ટ્રપતિ શાસનની માન્યતા પર શાસન કરવાનો ઈનકાર કર્યો હતો કારણ કે તેને અરજદારો દ્વારા ખાસ પડકારવામાં આવ્યો ન હતો.

### ચૂંટણી

કરવામાં આવી હતી. આ કામચલાઉ છે અને બદલી શકાય છે. તેને રદ કરવા માટે કેન્દ્ર સરકારે પ્રક્રિયા મુજબ નિર્ણય લીધો હતો. જમ્મુ અને કાશ્મીર રાજ્ય ભારતનો અભિન્ન અંગ છે. ભારતના બંધારણની કલમ ૧ અને ૩૭૦ થી આ સ્પષ્ટ છે. ભારતમાં વિલીનીકરણ બાદ જમ્મુ અને કાશ્મીર હવે સાર્વભૌમ રાજ્ય નથી રહ્યું. જમ્મુ અને કાશ્મીરમાં હવે તેની બંધારણ સભા નથી. આ ઉપરાંત કોર્ટે ૩૦ સપ્ટેમ્બર સુધીમાં ચૂંટણી કરવાનો આદેશ કર્યો છે.

(ત્રીજા પાનાનું ચાલું)

### કમલેશ શાહ

ભાજપ લીગલ સેલ દ્વારા સમરસ પેનલમાં ક્રિમીનલ, રેવન્યુ, સિવિલ અને આઈ.ટી.ક્ષેત્રે વર્કલાત કરતા નિષ્ણાંત એડવોકેટોની ટીમ બનાવવામાં આવી છે. આથી વકીલોનું હિત જળવાય અને વાહન ગૌરવ વધે તેમજ સૌને સાથે રાખી કામગીરી કરવાનો કોલ આપ્યો છે.

હાલની બોડીના પ્રયાસથી નવ નિર્મિત કોર્ટ બિલ્ડીંગનાં ગ્રાઉન્ડમાં વકીલો માટે સુવિધાભર બાર રૂમ બનાવવા માટે ૩.૫૦ કરોડની ગ્રાંટ સરકારમાંથી મંજૂર કરાવવામાં આવી છે. તે બાર રૂમના બિલ્ડીંગમાં જૂનિયર વકીલોને ટેકનોલોજીના યુગમાં જ્ઞાન સાથે માહિતી મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવશે.વકીલો બુધ્ધીજીવી છે. કોને મત આપવો અને કોણ બારનું ગૌરવ વધારી શકે અને કામ કરી શકે તે માટે એડવોકેટોએ મન બનાવી લીધું છે. તેમ અંતમાં કમલેશભાઈ શાહે જણાવ્યું હતુ. આ તકે શહેર ભાજપ લીગલ સેલના સહકન્વીનર કમલેશ ડોડીયા અને ચેતનાબેન કાછડીયા સહિતના એડવોકેટો હાજર રહ્યા હતાં.

(ચોથા પાનાનું ચાલું)

### નંદ મહોત્સવ

ગોકુલોત્સવજી મહારાજ દ્વારા બ્રહ્મસંબંધ દીક્ષા મહોત્સવ તેમજ નિઃસંતાન દંપતિઓ માટે પુજા અને ચરુ પ્રસાદ માટેની વ્યવસ્થા માટે કાર્યાલયના સંપર્ક કરવા માટે યાદીમાં જણાવ્યું છે.

આજ સોમવારે સાંજે ૭ થી ૧૦ નંદ મહોત્સવ ની ઉજવણી રાખેલ હોવાથી કમિટી એ દરેક વૈષ્ણવો ને વધુ ને વધુ સંખ્યા માં હાજર રહી લાભ લેવા જણાવેલ હતું.રવિવાર ના દિવસે હજારો ની સંખ્યા માં લોકો એ યજ્ઞ ના દર્શન, પરિક્રમા અને પ્રસાદનો લાભ લીધો હતો. નીતિનભાઈ પાટડિયા , વિરેનભાઈ પારેખ, નારણભાઈ ઓડ, વિજયભાઈ કરિઆ, પરેશભાઈ જનાણી, વિનય કારિયા, અરવિંદભાઈ ભેસાનીયા, મુકેશભાઈ રાધનપુરા, કિશોરભાઈ મેહતા, મેહુલ ભગત, અશ્વિનભાઈ રાણપરા, પીન્તુભાઈ પારેખ, કુમારભાઈ ધાણક, ભરતભાઈ પારેખ, હસમુખભાઈ પાટડિયા, ધીરુભાઈ માંડલિયા, અશ્વિનભાઈ વિઠલાની, વિજય પાટડીયા તથા અન્ય સેવા ભાવિકો અવિરત સેવા આપીને યજ્ઞની બધીજ વ્યવસ્થા નું સંચાલન કરી રહ્યાનું યાદીમા જણાવવા માં આવેલ હતું.

### ધીરગુરૂદેવ

કળશનો લાભ કિરણભાઈ દોશીએ લાભ લીધેલ.

ઘાટકોપરના મુકેશ કામદાર, મનસુખ કોઠારી, ભરત જસાણીનું અભિવાદન તેમજ ગૌતમ પ્રસાદના લાભાર્થી ટ્રસ્ટ સુરેશ અજમેરા, નવીન તુરખીયા, પ્રફુલ દેસાઈનું સન્માન કર્યા બાદ ૯ સુવર્ણ ગીની ભાગ્ય વિજેતાને અર્પણ કરાયેલ.

અધ્યાત્મ સૌરભ ઓપનબુક એફઝામ પુસ્તક ની અર્પણવિધી હરીશ બાટવીયા, મંજુલા બાટવીયા વગેરેના હસ્તે કરવામાં આવેલ.

સાંજે દેવાંગ પારેખના નિવાસે સ્થીરતા કરી તા.૧૧ ના સતારા, કરાડ, સાંગલી, કોલ્હાપુર તરફ વિહાર થયેલ છે. પુના સંઘે ચાતુર્માસની સંઘ પ્રમુખ શૈલેશ ઉદાણીના સુરમાં સૂર પુરાવી જોરદાર વિનંતી કરેલ. ઉપપ્રમુખ નીતા દોશી વગેરેએ સુંદર વ્યવસ્થા સંભાળી હતી.

### અભિલાપ

ફિલ્મોમાંથી જીવનમાં શીખવાલાયક પાઠ અંગે ચર્ચા કરી હતી.જયેશ શાહ દ્વારા માર્ગ અકસ્માતનો ભોગ બનેલ વ્યક્તિને કેવી રીતે મદદ કરી શકાય તેની સમજ આપી હતી. પ્રો. ભક્તિ તન્ના એ સંપ્રદાયો અને સંપ્રદાયિકરણ એક નિર્દોષ ધર્મ કે સંભવિત ખતરો વિશે પોતાના વિચારો રજુ કર્યા હતા. દશરથ દાસ દ્વારા પ્રેમનો સાચો અર્થ શું? સમજાવવામાં આવ્યું હતું. અભિષેક દવે એ સર્જનાત્મક અભિગમ થકી સમસ્યાઓનું નિરાકરણ કેવી રીતે કરવું તે અંગે પ્રકાશ પાડયો હતો. મુઝ્ઝમિલ સુધગુનિયા દ્વારા પગાર ઉપરાંતનો ઉછેર વિશે વિચારો વ્યક્ત કર્યા હતા. મનિષ પારેખ દ્વારા સપનાઓથી વાસ્તવિકતા સુધીની તેમની સફળતાની સફર અંગે વાર્તાલાપ કર્યો હતો.' ડો. નિમેશ જોટાંગિયા એ સંસ્થાકિય તેમજ વ્યક્તિગત પુસ્તકાલયનો વિકાસ અને જાળવણી કેવી રીતે કરવી તે અંગે સમજુતી આપી હતી. પ્રો. રચિતા મેહતા એ બાળકો માટે તેની અંદર છુપાયેલી પ્રતિભાઓને ઓળખવા માટે બહુવિધ બુધ્ધિ પરીક્ષણ અંગે પોતાના વિચારો રજુ કર્યા હતા. ઈવેન્ટના બીજા દિવસે ઓરિસ્સાના ચિલકા લેક બચાવો આંદોલનના પ્રણેતા ચિતરંજન સારંગી કાર્યક્રમમાં ખાસ હાજરી આપી હતી

અભિલાપ ટોકસના સફળ આયોજનમાં સ્વામિનારાયણ ગુરુકુલના સંતો, શૈક્ષણિક નિયામક શ્રીકાંત તન્નાના માર્ગદર્શનમાં શાળાના શિક્ષકો અને બિન શૈક્ષણિક સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવી હતી.

### શિક્ષણ કાર્ય

તરીકે દિપક સાગઠિયા (યુ.આર.સી.) ની નિમણુક કરવામા આવી છે નગર શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમ પુજારા અને વાઈસ ચેરમેન પ્રવિણભાઈ નિમાવતના માર્ગદર્શનથી આવું સફળ કાર્ય સંભવ થઈ રહ્યું છે આગામી દિવસોમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા બાળકોના હિતમાં આવા ઘણા કાર્યો થવા જઈ રહ્યા છે.

### મહિલા મોરચા

ભાનુબેન બાબરીયા ઉપસ્થિત રહયા હતા અને દિપ પ્રાગટય કરવામાં આવેલ, પ્રદેશ ભાજપ મહિલા મોરચાના પ્રમુખ દિપીકાબેન સરડવાએ પ્રાસંગિક પ્રવચન કરેલ હતું.

આ તકે ડો.દર્શિતાબેન શાહ, શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયા, કિરણબેન હરસોડા, દેવીકાબેન રાવલ, નયનાબેન પેઢડીયા, બીનાબેન આચાર્ય, ડો.ઉવર્શીબેન પંડયા સહિતના બહેનો ઉપસ્થિત રહયા હતા.

આ તકે પ્રદેશ ભાજપ મહિલા મોરચાના પ્રમુખ દિપીકાબેન સરડવાએ નવનિયુક્ત મહિલા મોરચાના પ્રમુખ, મહામંત્રી અને શહેર કારોબારી સભ્યોને શુભેચ્છા પાઠવતા જણાવ્યુ હતું કે મહિલા મોરચાના આ ટીમની નેતૃત્વમાં લોકસભાની ચુંટણી આવી રહી છે યુનેસ્કોમાં આપણા ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતા ગરબાઓને વિશ્વકક્ષાએ સ્થાન અપાવી દેશની જનતાનુ ગૌરવ વધાયું છે ત્યારે આ નિર્ણયને વધાવવા શહેર ભાજપ મહિલા મોરચાના બહેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયા, મહામંત્રી કિરણબેન હરસોડા, દેવીકાબેન રાવલએ જહેમત ઉઠાવી હતી

(અગિયારમાં પાનાનું ચાલુ)

### સ્માર્ટ શહેર

૧૨૩૧૯૭૩ કે વોટ્સએપ ચેટબોટ નંબર ૯૫૧૨૩ ૦૧૯૭૩ ના માધ્યમથી લોકો ફરિયાદ કરી શકે છે. ગ્રિવન્સ રિસ્ટોરેશન સોફ્ટવેર એપની મદદથી આ ફરિયાદનું નિરાકરણ સેનેટરી વિભાગ દ્વારા કરવામાં આવે છે. જે તે વિસ્તારમાં વોર્ડ ઓફિસ દ્વારા સફાઈ કરાયા બાદ ફરિયાદીને મેસેજ આવે તે બાદ જ આ ફરિયાદ ક્લોઝ થાય છે. આ એપ સિસ્ટમ માટે મહાનગરપાલિકાને એવોર્ડ્સ પણ મળ્યા છે.

આઈવે પ્રોજેક્ટ મહાનગરપાલિકા સાથે પોલીસ વિભાગ પણ શેરીન્ગ કરે છે. પોલીસ તંત્ર દ્વારા ટ્રાફિક નિયમ ભંગ માટે આ જ પ્રકારે કંટ્રોલ રૂમ કાર્યરત છે, તેમજ ગુનાઓના ડિટેકશન માટે પણ સી.સી.ટી.વી કેમેરા ખુબ ઉપયોગી સાબિત થઈ રહ્યા છે. ત્યારે સ્વચ્છ ભારત નિર્માણ સાથે વિકસિત ભારતની સંકલ્પના પરિપૂર્ણ કરવામાં ડિજિટલ ઈન્ડિયા મહત્વનું યોગદાન પૂરું પાડી રહ્યું છે.

# કાશ્મીરમાં ૩૭૦મી કલમ હટાવવાના સરકારના નિર્ણયને સુપ્રિમની મહોર

## બંધારણીય બાબતના સુપ્રીમ કોર્ટના મહત્વના ચુકાદાને પૂર્વ કુલપતિ કમલેશભાઈ જોષીપુરાએ વધાવ્યો

**અબતક, રાજકોટ**

સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકાર દ્વારા અનુચ્છેદ ૩૭૦ હટાવવાના નિર્ણયને યોગ્ય ગણાવી અને ૩૭૦મી કલમને સંપૂર્ણપણે અસ્થાયી વ્યવસ્થા ઠરાવવાનો આપેલ છે તે ઐતિહાસિક બની રહેશે અને સાથોસાથ ભારતીય એકાત્મકતાની દ્રષ્ટિથી આ ચુકાદો સીમાચિન્હ રૂપ બની રહેશે તેમ લીગલ રિસર્ચ ફાઉન્ડેશનના ચેર પર્સન અને કાયદા વિદ્યા શાખાના પ્રોફેસર પ્રોફેસર કમલેશ જોશીપુરાએ પ્રતિભાવો આપતાં જણાવ્યું છે.

પ્રો.કમલેશ જોષીપુરાએ જણાવ્યું છે કે અદાલતનું નિરૂપણ ખૂબ જ અગત્યનું બની રહેશે કારણ કે સર્વોચ્ચ અદાલતે તેના ચુકાદામાં સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે જમ્મુ અને કાશ્મીરને પોતાની આંતરિક સાર્વભૌમત્વની સ્થિતિ હોય જ ન શકે અનુચ્છેદ-૩૭૦ હટાવવા માટે રાજ્ય સરકારની અનુમતિની કોઈ જ આવશ્યકતા નથી., અનુચ્છેદ ૩૭૦ હટાવવાના સંદર્ભ ની અંદર સમગ્ર રીતે કેન્દ્ર સરકાર દ્વારા જે ખૂબ જ વ્યૂહાત્મક રીતે અને સંપૂર્ણપણે કાનૂની નિયમોને અનુસરી અને સંસદ ના માધ્યમથી નિર્ણય લેવામાં આવ્યો તેને સર્વોચ્ચ અદાલતે સંપૂર્ણ બંધારણીય ઠરાવેલો છે તે ખૂબ જ મહત્વપૂર્ણ ઘટના બની રહેશે આ ઉપરાંત લદાખને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવાના નિર્ણયને પણ વ્યાજબી ગણાવેલ છે.

### રેલનગર બ્રિજ

કે વોર્ડ નં.૩માં રેલનગર વિસ્તારમાં આવેલ રેલનગર અન્ડર બ્રીજમાં પાણી ભરાવવાની સમસ્યા હતી. જે અંદાજીત રૂ.૬૨ લાખના ખર્ચે પી.યુ. પ્રેસર ગ્રાઉટીંગ તથા આર.સી.સી. સ્લેબ ભરી વચ્ચેના ભાગે રીપેરીંગ કામ પૂર્ણ કરવામાં આવેલ છે. આ કામગીરી કરવાથી શહેરીજનોને હાલાકીમાંથી મુક્તિ મળશે. નાગરિકોના સરળ પરિવહન માટે બ્રિજ પુનઃ ખુલ્લો મુકવામાં આવેલ છે.

આ બ્રિજમાં રૂ.૧૨ લાખના ખર્ચે નવા રંગરોગાન અને બ્યુટીફિકેશન તથા પેઈન્ટિંગ પણ કરવામાં આવેલ છે. ભવિષ્યમાં બ્રિજના સાઈડના એપ્રોચમાં પણ આ કામગીરી કરવામાં આવશે.

રેલનગર અન્ડરબ્રિજ પુનઃ શરૂ થવાથી રેલનગર અને બ્રિજની બંને તરફના વિસ્તારોના નાગરિકોને પરિવહન માટે સુગમતા રહેશે.

(૧૨માં પાનાનું ચાલુ)

### વોર્ડ નં.૧૩માં સરકારી યોજનાકીય કેમ્પ

નં.૬૯, શ્રીમતી સરોજીની નાયડુ ગર્લ્સ હાઈસ્કુલ કેમ્પસ, અંબાજી કડવા પ્લોટખાતેનો કેમ્પ

આમ, વોર્ડ નં.૧૩માં યોજાયેલ વિકસિત ભારત સંકલ્પ યાત્રા અને યોજનાકિય કેમ્પનો કુલ ૩૨૦૩ લાભાર્થીઓએ વિવિધ યોજનાઓનો લાભ મળેલ હતો.

આ કાર્યક્રમમાં સાંસદસભ્ય મોહનભાઈ કુંડારિયા, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિ. કમિશનર આનંદ પટેલ, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, શાસકપક્ષ દંડક મનીષભાઈ રાડીયા, શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલિયા, શહેર ભાજપ મંત્રી વિજયભાઈ ટોળીયા, વોર્ડ નં.૧૩ના કોર્પોરેટર નીતિનભાઈ રામાણી, સોનલબેન સેલારા, જયાબેન ડાંગર, વોર્ડ નં.૧૭ના કોર્પોરેટર વિનુભાઈ ઘવા, સ્થાનિક અગ્રણીઓ, વોર્ડના સહિતના મહાનુભાવો તથા બહોળી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહેલ.

### ઈન્ડિયન મેડિકલ એસોસિએશન

ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA) રાજકોટ બ્રાન્ચ દ્વારા ગઈકાલે હેમુગઢવી હોલ ખાતે જાહેર પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં સમગ્ર રાજકોટમાંથી યુવાધન ઉમટી પડ્યું હતું તથા પોતાના પ્રશ્નોનું નિરાકરણ મેળવ્યું હતું. આ બાબતે ઉપસ્થિતોને પદ્મશ્રી ડોક્ટર તેજસ પટેલ દ્વારા સંપૂર્ણ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું તથા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા પણ કરવામાં આવી હતી. ત્યારબાદ સાઈરામ દવે દ્વારા હળવી શૈલીમાં આ મુદ્દે વાતચીત કરવામાં આવી હતી.

### ઈસ્ટ દિલ્હી પ્રીમિયર લીગ

અમે આ સફળ કાર્યક્રમનું આયોજન કરી શક્યા છીએ. જો ભારત રમશે તો ભારતનો વિકાસ થશે, તેથી જ અમારી સરકારે ૨૦૧૩-૨૦૧૪ની સરખામણીમાં ૨૦૨૩-૨૦૨૪માં સ્પોર્ટ્સ બજેટમાં ૩ ગણો વધારો કર્યો છે અને ૧૦૦૦ ખેલો ઈન્ડિયા કેન્દ્રો ખોલ્યા છે જેથી પાયાના સ્તરે રમતગમતની ઈકોસિસ્ટમને મજબૂત કરી શકાય. તેમણે વિજેતા ટીમો અને સ્પર્ધામાં ભાગ લેનાર તમામ ટીમોને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે, 'વિશ્વ શાંતિ કેન્દ્ર'નાં સ્થાપક આદરણીય આચાર્ય લોકેશજી, ભારતીય જનતા પાર્ટીનાં રાષ્ટ્રીય મહાસચિવ તરુણ ચુગજી અને પૂર્વ દિલ્હીનાં સાંસદ, જાણીતા ક્રિકેટર ગૌતમ ગંભીર સહિતનાઓએ પુરસ્કારોનું વિતરણ કર્યું હતું. કાર્યક્રમમાં એમ.સી.ડી કાઉન્સિલર (નોમિનેટેડ) મનોજ જૈન પણ હાજર હતા.

### પૂ.ત્યાગ વલ્લભ સ્વામી

ચાન્સેલર ડો. શિવ કુમાર ત્રિપાઠીએ ભ્રષ્ટાચાર વિરુદ્ધ લડવામાં આવનારૂ ભવિષ્ય શૈક્ષણિક સંસ્થાઓ અને યુનિવર્સિટીઓમાં ભણતા વિદ્યાર્થીઓની મહત્વની ભૂમિકા અંગે માર્ગદર્શન આપ્યું. આ કાર્યક્રમમાં યુએન ગ્લોબલ કોમ્પેક્ટ નેટવર્ક ઈન્ડિયા (યુ.એન.જી.સી.એન.આઈ.) ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી રત્નેશ ઝાએ ભ્રષ્ટાચારના કેટલાક તારણો ઉદાહરણો સાથે જણાવ્યા હતા. જીસીએનઆઈના ડેપ્યુટી ડાયરેક્ટર ડૉ. સોમનાથ સિંહે સરકારના કેટલાક ભ્રષ્ટાચાર વિરોધી કાયદાઓ અને તેમાં દંડની જોગવાઈઓ પર પ્રકાશ પાડ્યો હતો.

યુનાઈટેડ નેશન્સ ગ્લોબલ કોમ્પેક્ટ, ન્યૂયોર્કના ગેસ્ટ ઓફ ઓનર ઓલાજોબી માકિન્વાએ ભ્રષ્ટાચાર સામે લડવામાં ખાનગી ક્ષેત્રની ભૂમિકા પર ભાર મૂક્યો હતો. જેમાં ડીઝીટલ કરન્સીને ભ્રષ્ટાચાર નિવારણના એક ઉકેલ તરીકે ગણાવ્યો હતો. ડો. અર્ન્સ્ટ વોન કિમાકોવિટ્ઝના, સહ-સ્થાપક, હ્યુમેનિસ્ટિક મેનેજમેન્ટ નેટવર્ક, સ્વિટ્ઝર્લેન્ડે ભ્રષ્ટચાર એ માનવતાવાદી અભિગમ તરીકેનો ઉલ્લેખ હતો. આ પ્રસંગે, ભ્રષ્ટાચાર સામે લડવા માટે શ્રેષ્ઠ પ્રેક્ટિસ કેસ સ્ટડીઝનું સંકલન (જી.સી.એન.આઈ. દ્વારા પ્રકાશિત અને આસુતોષ મિશ્રા, અબનેય લીગલ દ્વારા તૈયાર કરાયેલ) નું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વિશાલ રબારી, એસીપી, સાયબર ક્રાઈમ, રાજકોટ,ડો. કરણ ઠાકુર, વાઈસ પ્રેસિડેન્ટ, એપોલો હોસ્પિટલ; શ્રી પવન વર્મા, વૈશ્વિક વિકાસ સંસ્થાન; દિનેશ અગ્રવાલ, કોન્સોસિયા એડવાઈઝરી; ડો. રાજેશ ચિત્રે, મર્ક ઈન્ડિયા; વિશાલ સરવૈયા, વામ ઈન્ડસ્ટ્રીઝ; પ્રોફેસર રૂૈયા જોશી, એસપીજેએમઆર અને ચરણમૃત સચદેવા વગેરે પેનલના સભ્યોમાં સમાવેશ થયો હતો. પેનલ ચર્ચા બાદ, ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલના ભૂતપૂર્વ અધ્યક્ષ ડેલિયા ફરેરા રુબિયોના પ્રારંભિક વક્તવ્ય સાથે ઓનલાઈન વૈશ્વિક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. પેનલને આ ક્ષેત્રના અનેક પ્રતિષ્ઠિત વૈશ્વિક વિદ્વાનો દ્વારા સંબોધિત કરવામાં આવી હતી

# દુઃખદ અવસાન

## સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**રાજુલાઃ** રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ તથા સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ ભાનુભાઈ રાજગોરના પત્ની મુક્તાબેન (ઉ.વ.૮૦) તે પારૂલબેન તેરૈયા (અમદાવાદ), જ્યોતિબેન લાલાણી (રાજકોટ), લીનાબેન ચાઉ (બોબીબેન) ના માતા, દોલુભાઈ પ્રતાપભાઈ, સ્વ કનુભાઈ, , સ્વ વસંતભાઈ જીતેન્દ્રભાઈ, સ્વ શિવભાઈ, સ્વ ધીરુભાઈ બેબી બહેન મધુબેનના ભાભીનું તા. ૧૦ ના રોજ અવસાન થયેલ છે.



**વિસાવદરઃ** વિસાવદર બાર એસો.ના પ્રમુખ કમલેશભાઈ જોષીના પિતા ભનુભાઈ હરીભાઈ જોષીનું (ઉ.વ.૭૪) નું અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૪ ને ગુરુવારના રોજ તેમના નિવાસ સ્થાને ભુવાના પડામાં, જીવાપરા વિસાવદર ખાતે રાખવામાં આવ્યું છે.

**રાજકોટઃ** રાજકોટ નિવાસી સેજપાલ હસમુખાઈ અમૃતલાલ (ઉ.વ.૬૭) તે સ્વ. અમૃતલાલ કેશવલાલ સેજપાલના પુત્ર, નિકાવા નિવાસી રમેશચંદ્ર અમૃતલાલ મીરાણીના બનેવી, કુસુમબેનના પતિ, મયુરભાઈ, લિનાબેનના પિતા, દિનેશભાઈ, હર્ષદભાઈ, પ્રવિણભાઈના ભાઈનું તા. ૯ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તેમજ સસરા પક્ષની સાદડી તા. ૧૧ ને સોમવારના રોજ સાંજે ૪ થી ૫ ચાર મંદિર, પ્રજાપતિ નગર પેડક રોડ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** મુ. હળવદ હાલ રાજકોટ નિવાસી સુર્યકાંત (સૂર્યપ્રસાદ) હરિકૃષ્ણભાઈ રાવલ તે પુષ્પાબેનના પતિ, નિલેશભાઈ, સુનિલભાઈ (સીબીઆઈ), યોગેશભાઈ (બીએનએનએલ), નિખીલભાઈના પિતા, ચિરાગભાઈ (એલઆઈસી), મૌલિકભાઈ (આઈડી), ડો. રિધ્ધી દવેના દાદાનું તા. ૯ ને શનિવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૧ ને સોમવારે સાંજે ૪ થી ૬ કલાકે હળવદ બ્રાહ્મણ બોડીંગ એસ્ટ્રોન ચોક પાસે, રાજકોટ મુકામે રાખેલ છે.

**રાજકોટઃ** ઠાકરશી કલ્યાણજી બુધ્ધદેવના પુત્ર મોહનલાલ ઠાકરશી બુધ્ધદેવ (એસ.ટી.વાળા) તે પ્રભુદાસભાઈ, મનસુખલાલ, અરવિંદભાઈ ચંદ્રકાન્તભાઈ, જગદીશભાઈના ભાઈ, વિમલભાઈ, સુનીલભાઈ, જાગૃતિબેનના પિતાનું તા. ૧૦ ના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું તેમજ પીયર પક્ષની સાદડી તા.૧૧ ના સાંજે ૪.૩૦ થી ૫.૩૦ મોહનેશ્વર મહાદેવના મંદિર પુનિત નગર રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

## આવકવેરા વિભાગની અત્યાર સુધીની સૌથી મોટી રિકવરી

# કોંગી સાંસદને ત્યાંથી અધધધ ૩૫૧ કરોડની રોકડ મળી: હજુ ગણતરી ચાલુ

### ધીરજ સાહુ અને તેની સાથે જોડાયેલ લોકો ઉપર આવકવેરા વિભાગનું ઓપરેશન: ટેક્સ વિભાગ અને વિવિધ બેંકોના લગભગ ૮૦ લોકોની ટિમોએ ૨૪X૭ શિફ્ટમાં કામ કરી આટલી મોટી રકમની ગણતરી કરી

**અબતક, નવી દિલ્હી**

કોંગ્રેસ સાંસદ ધીરજ સાહુ સાથે જોડાયેલા બિઝનેસ ગ્રૂપ સામે ઈન્કમ ટેક્સના દરોડામાં અત્યાર સુધીમાં ૩૫૧ કરોડ રૂપિયાની રોકડ રિકવર કરવામાં આવી છે અને નોટોની ગણતરી હજુ ચાલુ છે. કોંગ્રેસ સાંસદના પરિવારની માલિકીની ઓડિશા સ્થિત ડિસ્ટિલરી કંપની સામે આવકવેરા વિભાગની શોધમાં જપ્ત કરાયેલી રોકડ ગણતરીના પાંચ દિવસ પછી રૂ. ૩૫૧ કરોડ હોવાનો અંદાજ છે. આ અત્યાર સુધીની સૌથી વધુ રિકવરી છે.

વિભાગ દ્વારા સર્ચ દરમિયાન ઝારખંડના કોંગ્રેસના રાજ્યસભા સાંસદ ધીરજ પ્રસાદ સાહુના રાંચી અને અન્ય સ્થળોએ પણ સર્ચ કરવામાં આવ્યું હતું. બૌધ ડિસ્ટિલરી પ્રાઈવેટ લિમિટેડ, તેના પ્રમોટર્સ અને અન્યો સામેના દરોડા રવિવારે પાંચમા દિવસે પણ ચાલુ રહ્યા હતા. ટેક્સ અધિકારીઓ દ્વારા ૬ ડિસેમ્બરે કરચોરી અને ''ઓફ-ધ-બુક'' વ્યવહારોના આરોપસર દરોડા પાડવામાં આવ્યા હતા.

ગણતરીમાં ટેક્સ વિભાગ અને વિવિધ બેંકોના લગભગ ૮૦ લોકોની નવ ટીમો સામેલ હતી, જે ૨૪x૭ શિફ્ટમાં કામ કરતી હતી. જયારે ટેક્સ અધિકારીઓને કેટલાક અન્ય સ્થળો ઉપરાંત રોકડથી ભરેલી ૧૦ કેબિનેટ મળી ત્યારે સુરક્ષા કર્મચારીઓ, ડ્રાઈવરો અને અન્ય સ્ટાફ સહિત ૨૦૦ અધિકારીઓની બીજી ટીમ જોડાઈ હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે લગભગ ૨૦૦ બેગ અને ટ્રંકનો ઉપયોગ રોકડને ઓડિશાની વિવિધ બેંક શાખાઓમાં જમા કરાવવા માટે કરવામાં આવ્યો હતો. ડિપાર્ટમેન્ટનું માનવું છે કે ચલણનો આખો સ્ટોક બિઝનેસ જૂથો, વિતરકો અને અન્ય લોકો દ્વારા દેશી દારૂના રોકડ વેચાણમાંથી મેળવેલા બિનહિસાબી નાણાં છે.

#### સાહુ ગ્રુપ દારૂના વ્યવસાય સાથે જોડાયેલું

ધીરજ સાહુનો પરિવાર કથિત રીતે દારૂ બનાવવાના મોટા વ્યવસાય સાથે સંકળાયેલો છે અને તે ઓડિશામાં આવી ઘણી ફેક્ટરીઓ ધરાવે છે. દરમિયાન, મોટી રકમની રિકવરી બાદ કોંગ્રેસે ધીરજ સાહુથી દૂરી લીધી છે. પાર્ટીના મહાસચિવ જયરામ રમેશે કહ્યું કે, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસને સાંસદ ધીરજ સાહુના વ્યવસાય સાથે કોઈ લેવાદેવા નથી. ફક્ત તે જ સમજાવી શકે છે અને તેણે એ પણ સમજાવવું જોઈએ કે આવકવેરા અધિકારીઓ દ્વારા તેના સ્થાનો પરથી કથિત રીતે આટલી મોટી રોકડ કેવી રીતે રિકવર કરવામાં આવી છે.



#### આટલું કાળું નાણું લોકો ક્યાંથી લઈ આવે છે?: સાહુનું જુનું ટ્વીટ ચર્ચામાં

ધીરજ સાહુએ ૧૨ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ એક ટ્વીટ કર્યું હતું જર અત્યારે ખૂબ ચર્ચામાં આવ્યું છે. જેમાં ધીરજ સાહુએ ટ્વિટ કર્યું હતું કે, 'નોટબંધી પછી પણ દેશમાં આટલું કાળું નાણું અને ભ્રષ્ટાચાર જોઈને દિલ દુખી થઈ જાય છે. મને સમજાતું નથી કે લોકો આટલું કાળું નાણું ક્યાંથી લઈ આવે છે. આ દેશમાંથી જો કોઈ ભ્રષ્ટાચારને જડમૂળથી ઉખેડી શકે છે તો તે માત્ર કોંગ્રેસ પાર્ટી છે.

# લખનઉના બારાબંકી યાર્ડ રિમોડલિંગના કારણે રાજકોટ ડિવિઝનની ટ્રેનોને અસર

**અબતક, રાજકોટ**

૨૦૨૩ ઉત્તર રેલવેના લખનૌ ડિવિઝનમાં સ્થિત બારાબંકી યાર્ડના રિમોડલિંગના કામને કારણે રેલ ટ્રાફિકને અસર થશે. રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી અસરગ્રસ્ત ટ્રેનોમાં ઓખા-ગોરખપુર એક્સપ્રેસ ૧૭., ૨૪, ૩૧, ૭ જાન્યુઆરી અને ૧૪ જાન્યુઆરી ના રોજ રદ રહેશે.

ગોરખપુર-ઓખા એક્સપ્રેસ ૧૪, ૨૧, ૨૮, ૦૪.જાન્યુઆરી અને ૧૧જાન્યુઆરીના રોજ રદ રહેશે.

તથા ઓખા-ગુવાહટી એક્સપ્રેસ ૧૫, ૨૨, ૨૯, ૫.જાન્યુઆરી અને ૧૨જાન્યુઆરીના રોજ અને ટ્રેન નંબર ૧૫૬૩૬ ગુવાહટી-ઓખા એક્સપ્રેસ ૧૮., ૨૫, ૧જાન્યુઆરી અને ૮જાન્યુઆરી સુધી આંશિક રીતે ડાયવર્ટ કરેલા રૂટ વાયા કાનપુર સેન્ટ્રલ, પ્રયાગરાજ, મિર્ઝાપુર અને પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંકશન થઈને ચાલશે.

જે સ્ટેશનો પર આ ટ્રેનો નહીં જાય તેમાં લખનૌ, અયોધ્યા કેન્ટ, અકબરપુર અને વારાણસીનો સમાવેશ થાય છે.

ગાંધીધામ-કામાખ્યા એક્સપ્રેસ ૧૬, ૨૩, ૩૦, ૬ જાન્યુઆરી અને ૧૩જાન્યુઆરીના રોજ અને ટ્રેન નં. ૧૫૬૬૮ કામાખ્યા એક્સપ્રેસ ૨૦ , ૨૭ . ૨૩, ૩ જાન્યુઆરી અને ૧૦ જાન્યુઆરી સુધી આંશિક રીતે ડાયવર્ટ કરેલા રૂટ વાયા કાનપુર સેન્ટ્રલ, પ્રયાગરાજ, મિર્ઝાપુર અને પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંકશન થઈને ચાલશે. જેસ્ટેશનો પર આ ટ્રેનો નહીં જાય તેમાં લખનૌ, અયોધ્યા કેન્ટ અને વારાણસીનો સમાવેશ થાય છે.

પોરબંદર-મુઝફ્ફરપુર મોતીહારી એક્સપ્રેસ ૧૪, ૧૫, ૨૧, ૨૨, ૨૮, ૨૯, ૪. જાન્યુઆરી, ૫. જાન્યુઆરી, ૧૧જાન્યુઆરી અને ૧૨ જાન્યુઆરી નારોજ અને ટ્રેન નંબર ૧૯૨૭૦ મુઝફ્ફરપુર-પોરબંદર એક્સપ્રેસ ૧૭ , ૧૮ , ૨૪ , ૨૫.૧૨.૨૦૨૩, ૩૧ , ૧જાન્યુઆરી , ૭ જાન્યુઆરી, ૮ જાન્યુઆરી અને ૧૪ જાન્યુઆરી નારોજ,આંશિક રીતે ડાયવર્ટ કરેલા રૂટ વાયા બુઢવલ, સીતાપુર શહેર અને શાહજહાંપુર થઈને ચાલશે. જે સ્ટેશનો પર આ ટ્રેનો નહીં જાય તેમાં લખનૌનો સમાવેશ થાય છે.

માર્ગ માં રેગ્યુલેટ (મોડી થનાર) ટ્રેનો: ૧૦ના રોજ ઓખાથી દોડતી ટ્રેન ઓખા-ગોરખપુર એક્સપ્રેસ ૧ કલાક અને ૩૦ મિનિટ માટે રેગ્યુલેટ કરવામાં આવશે.

# ગુજરાત હાઈકોર્ટમાં મનિષાબેન શાહ અને મિતેશકુમાર અમીનની એડિશનલ એડવોકેટ જનરલ તરીકે નિમણૂંક

**અબતક-રાજકોટ**

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવ વ્રત દ્વારા ગુજરાત હાઈકોર્ટ એડિશનલ એક એડવોકેટ જનરલ તરીકે મનીષા લવ કુમાર શાહ અને મિતેશ અમીન ની નિમણૂક કરવામાં આવી છે આ અંગે ગુજરાત રાજ્યના કાયદા વિભાગ દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું હતું મનીષા લવ કુમાર શાહ ગુજરાતના પ્રથમ મહિલા એડિશનલ એડવોકેટ જનરલ બન્યા છે.

જ્યારે મિતેશ અમીન અને મનીષા શાહ સરકારી એડવોકેટ તરીકે ગુજરાત હાઈકોર્ટમાં પબ્લિક પ્રોસિપ્યુટર અને સરકારી પ્રિડર તરીકે ફરજ બજાવતા હતા વર્તમાન સમયમાં દેશમાં આવેલી તમામ હાઈકોર્ટમાં ફક્ત ગુજરાત હાઈકોર્ટમાં જ મહિલા ચીફ જજ સેવા આપી રહ્યા છે અને એડવોકેટ જનરલ તરીકે કમલ ત્રિવેદી કાર્યરત છે



**મનીષા લવકુમાર શાહ :** એ મુંબઈની એલિફન્ટ કોલેજમાંથી પોલિટિકલ સાયન્સમાં ગ્રેજ્યુએશન કર્યું છે મુંબઈ યુનિવર્સિટીમાં પોસ્ટ ગ્રેજ્યુએશનમાં તેમનો બીજો નંબર આવ્યો હતો તેમણે અમદાવાદની પ્રખ્યાત એલએ શાહ લોકોને જમાથી ૧૯૦૩ માં એલએલબી ની ડીગ્રી મેળવી હત તેમણે કે એચ કાજી ફરમથી ૧૯૯૩ માં વકીલાતની શરૂઆત કરી હતી તે ગવર્મેન્ટ ફીડર એડિશનલ પબ્લિક પ્રોસિટર કેન્દ્ર સરકારના સિનિયર સ્ટેન્ડિંગ કાઉન્સિલ તરીકે સેવા આપી ચૂક્યા છે આ ઉપરાંત તેમણે ગુજરાત હાઈકોર્ટમાં પ્રથમ મહિલા સરકારી પ્રિડર તરીકે નું બહુમાન મેળવ્યુ છે અને ગુજરાત હાઈકોર્ટના સિનિયર મહિલા વકીલ ની માન્યતા મેળવનાર બીજા મહિલા બન્યા છે

**મિતેશભાઈ અમીન:** મિતેશ અમીને ૧૯૮૪માં સિવિલ કોર્ટમાંથી વકીલાતની શરૂ કરી હતી. ૧૯૯૦માં તેમણે સેશન કોર્ટમાં પ્રેક્ટિસ શરૂ કરી હતી જ્યારે ૨૦૦૧ માં હાઈકોર્ટમાં એન્ટ્રી થઈ હતી તેમને કુલ ૩૯ વર્ષનો વકીલાતનો અનુભવ છે અને ક્રિમિનલ કેસોમાં વિશેષતા ધરાવે છે તે માણેકલાલ નાણાવટી લોકોને અમદાવાદમાં પાર્ટ ટાઈમ પ્રોફેસર તરીકે પણ સેવા આપતા હતા

# માર્કેટ અપડેટ્સ

| ચંદ્રેશ કોઠારી | પલક કોઠારી |
| --- | --- |
| મો.98250 77269 | મો.94295 77269 |



## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- દ્રોણાચાર્ય એરિયલ ઈનોવેશન્સ લિ.એ જણાવ્યું છે કે કંપનીએ પુણેમાંડી.વાય. પાટિલ ઈન્ટરનેશનલ યુનિવર્સિટી (ડીવાયપીઆઈયુ) સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ ભાગીદારીનો હેતુ ડ્રોન-કેન્દ્રિત અભ્યાસક્રમો ઓફર કરવાનો છે, જે ડીજીસીએ-પ્રમાણિત મુખ્ય તાલીમ, ડ્રોન નિર્માણ, જીઆઈએસ, પાયથોનકોડિંગ અને કૃષિ અને આપત્તિ વ્યવસ્થાપનમાં વિશિષ્ટ એપ્લિકેશનોનેઆવરી લેવામાં આવશે. કંપની કેમ્પસમાં એક ડ્રોનએક્સેલન્સ કેન્દ્ર સ્થાપિત કરશે, જે વિદ્યાર્થીઓ માટે રિસર્ચ અને ઈન્ડસ્ટ્રિયલપ્રદર્શનને પ્રોત્સાહન આપશે. આ આભ્યાસક્રમોયુનિવર્સિટીના૧૫,૦૦૦વિદ્યાર્થીઓની ક્ષમતા માટે જ નહી પરંતુ નોન-યુનિવર્સિટી વિદ્યાર્થી માટે પણ ઉપલબ્ધ રહેશે. આ સહયોગ ગુણવત્તાયુકત શિક્ષણ પર ડીવાયપીઆઈયુનાફોકસનેઅનુરુપ છે અને ૨૦૩૦ સુધીમાં વૈશ્વિક ડ્રોનહબ બનાવવાના ભારતના લક્ષ્ય સાથે સંરેખિત છે.
- ઈમેજિકા વર્લ્ડ એન્ટરટેન્ટમેન્ટ લિ.એ જણાવ્યું છે કે ૮ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ યોજાયેલી ગ્લોબલ ઈન્વેસ્ટર સમિટ ૨૦૨૩માં કંપનીએ ઉત્તરાખંડ રાજ્યમાં એન્ટરટેઈન્ટમેન્ટ પાર્કની સ્થાપના કરવા માટે ઉત્તરાખંડ સરકાર સાથે સમજૂતી કરાર કર્યા છે.
- ટીવીએસ મોટર કંપની લિ.એઅખબારી યાદી દ્વારા જણાવ્યું છે કે કંપનીએ ટીવીએસઅપાચેઆરટીઆર૧૬૦ ૪વીનેડ્યુઅલ ચેનલ એબીએસ અને વોઈસઆસિસ્ટ સાથે લોન્ચ કરી છે.
- શોપર્સ સ્ટોપ લિ.એ જણાવ્યું છે કે કંપનીએ આશીર્વાદ હાઈસ્ટ્રીટ મોલ, સિટી લાઈટ મેઈન રોજ, સુરત, ગુજરાત - ૩૯૫૦૦૭ સ્થિત તેના નવા સ્ટોર - શોપર્સ સ્ટોર ડિપાર્ટમેન્ટલસ્ટોરમાં૮ ડિસેમ્બર, ૨૦૨૩થી વેપારી ધોરણે કામગીરી શરી કરી છે.
- ડો. રેડ્ડી'ઝ લેબોરેટરીઝ લિ.એ જણાવ્યું છે કે યુનાઈટેડ સ્ટેટ્સ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (યુએસએફડીએ)એ ૮ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ બચુપલ્લી, હૈદરાબાદ સ્થિત કંપનીના આરએન્ડી સેન્ટર (ઈન્ટિગ્રેટેડ પ્રોડક્ટ ડેવલપમેન્ટ ઓર્ગનાઈઝેશન અથવા આઈપીડીઓ) સ્થિત જીએમપી અને પ્રી-એપ્રિવલઈન્સ્પેક્શન (પીએઆઈ) પૂર્ણ કર્યું છે. આ નિરીક્ષણ ૪ ડિસેમ્બર, ૨૦૨૩થી ૮ ડિસેમ્બર, ૨૦૨૩ દરમિયાન કરવામાં આવ્યું હતું. કંપનીને ત્રણ ઓબ્ઝર્વેશન સાથે ફોર્મ૪૮૩ઈશ્યુ કરવામાં આવ્યું છે, જેને કંપની નિર્ધારિત સમયગાળામાં સંબોધિત કરશે.
- અદાણી એન્ટરપ્રાઈઝીસ લિ.એ જણાવ્યું છે કે કંપનીની સંપૂર્ણ માલિકીની સબસિડિયરીએએમજીનેટવર્ક્સલિ. (એએમએનએલ)એ ક્વિન્ટિલિયન બિઝનેસ મીડિયાલિ. (ક્યુબીએમએલ)નો બાકીનો ૫૧ ટકા હિસ્સોને હસ્તગત કરવાના પ્રક્રિયા ૮ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ પૂર્ણ કરી છે. પરિણામે ક્યુબીએમએલ હવે એએમએનએલની સંપૂર્ણ માલિકિનીસબસિડિયરી બની ગઈ છે.
- પર્સિસટન્ટ સિસ્ટમ્સલિ.એ જણાવ્યું છે કે કંપનીને ચાર કેટેગરી - યુનિવર્સલ ઈન્ડસ્ટ્રી, ક્લાઉડનેટીવ, બીએફએસઆઈ તેમ જ હેલ્થકેર એન્ડ ફાર્માસ્યુટિકલ્સમાં૨૦૨૩આઈએસજી સ્ટાર ઓફ એક્સલેન્સના એવોર્ડ મળ્યા છે.
- અલ્ટ્રાટેક સિમેન્ટ લિ.ની બોર્ડ મીટિંગ ૧૯ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ યોજાશે, જેમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

**IPO UPDATES વિશે માહિતી?**

| COMPANY NAME | OPEN | CLOSE | STATUS | OFFER PRICE | SHARES | AMOUNT |
| --- | --- | --- | --- | --- | --- | --- |
| DOMS INDUSTRIES LIMITED | 13/12 | 15/12 | UPCOMING | 750/790 | 18 | 14,790 |
| INDIA SHELTER FINANCE CORPORATION LIMITED | 13/12 | 15/12 | UPCOMING | 469/493 | 30 | 14,220 |
| INOX INDIA LIMITED | 14/12 | 18/12 | UPCOMING | 627/660 | 22 | 14,520 |
| MOTISONS JEWELLERS LIMITED | 15/12 | 18/12 | UPCOMING | - | - | - |
| SURAJ ESTATE DEVELOPERS LIMITED | 18/12 | 20/12 | UPCOMING | - | - | - |

**SME UPDATES વિશે માહિતી?**

| COMPANY NAME | OPEN | CLOSE | STATUS | OFFER PRICE | LOT | AMOUNT |
| --- | --- | --- | --- | --- | --- | --- |
| ACCENT MICROCELL LIMITED | 8/12 | 12/12 | CURRENT | 133/140 | 1000 | 1,40,000 |
| PRESSTONIC ENGINEERING LIMITED | 11/12 | 13/12 | CURRENT | 72 | 1600 | 1,15,200 |
| S J LOGISTICS (INDIA) LIMITED | 12/12 | 14/12 | UPCOMING | 121/125 | 1000 | 1,25,000 |
| SIYARAM RECYCLING INDUSTRIES LIMITED | 14/12 | 18/12 | UPCOMING | 43/46 | 3000 | 1,38,000 |
| SHREE OSFM E-MOBILITY LIMITED | 14/12 | 18/12 | UPCOMING | 65 | 2000 | 1,30,000 |

**કયું સેક્ટર આજે રોકાણકારો માટે લાભદાયક રહેશે?**

| | | |
| --- | --- | --- |
| NEWSBASE | | |

**08/12/2023 ની ટોપ PICKS નું અવલોકન?**

| | | | |
| --- | --- | --- | --- |
| IIFL SECURITIES LTD Rs +16.40 +14% | APOLLO TYRES LTD Rs +10.55 +2.30% | IRB INFRASTRUCTURE DEVELOPERS LTD Rs +2.52 +6.50% | OLECTRA GREENTECH LTD Rs +38.80 +3.10% |

25.90% નો નફો રોકાણકારો એ પ્રાપ્ત કરેલ છે. આથી રોકાણકારો ને દરરોજ શેર માર્કેટ દ્વારા બેન્ક ના વાર્ષિક વ્યાજદરો ની તુલના થી દૈનિક વધુ નફો આપવામાં આવે છે.

**આજ ની ટોપ PICKS શું રહેશે? (2 થી 3 દિવસ ની સમય મર્યાદા મુજબ)**

| | | | |
| --- | --- | --- | --- |
| SUBROS LTD | AMBER ENTERPRISES INDIA LTD | MAZAGON DOCK SHIPBUILDERS LTD | LUDLOW JUTE & SPECIALITIES LTD |

**આજ ના શેર માર્કેટ ને અસર કરતાં પરિબળો**

GIFT NIFTY – POSITIVE ZONE

ક્રૂડ – 76.19 USD

INDIAN MARKET TREND – POSITIVE TREND

**સુચના: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે- વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પૂરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**

# હવે નર્મદા કેનાલ ઉપર સોલાર પેનલ મૂકી વીજળી ઉત્પન્ન કરાશે

### અમદાવાદથી ગાંધીનગર વચ્ચે પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરાશે, પ્રોજેક્ટ સફળ રહેશે તો અનેક સ્થળોએ આ પ્રકારની સિસ્ટમ ગોઠવવા સરકાર સજ્જ

**અબતક, અમદાવાદ**

ટૂંક સમયમાં જ અમદાવાદથી ગાંધીનગર વચ્ચે નર્મદા કેનાલની બંને બાજુ પાણી પર તરતી સોલાર પેનલ જોઈ શકશે. સરકાર દ્વારા આ પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવશે. જેનાથી ૩ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરશે.

આ પ્રોજેક્ટ, જેને રાજ્ય સરકાર તરફથી સૈદ્ધાંતિક મંજૂરી મળી છે, તે પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટીઅને ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ દ્વારા હાથ ધરવામાં આવશે. પીડીઈયુના ડાયરેક્ટર જનરલ પ્રોફેસર એસ સુંદર મનોહરને ૨ ડિસેમ્બરના રોજ યુનિવર્સિટીના કોન્વોકેશન દરમિયાન કહ્યું હતું કે તેને જીએસઈસીએલ તરફથી અગ્રણી ફ્લોટિંગ સોલાર પેનલ પ્રોજેક્ટ માટે રૂ. ૨૬ કરોડના પ્રોજેક્ટ માટે સૈદ્ધાંતિક મંજૂરી મળી ગઈ છે. ૩ મેગાવોટની સુવિધા ૧.૫ મેગાવોટ/કલાકના સંગ્રહ સાથે જોડવામાં આવશે, એમ તેમણે ઉમેર્યું હતું.

ગુજરાત સરકારના મુખ્ય સચિવ (ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ) મમતા વર્માએ જણાવ્યું કે પાયલોટ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. એકવાર પ્રોજેક્ટ સફળ થયા પછી તે અન્યત્ર પણ શરૂ કરવામાં આવશે. રાજ્ય સરકારની નવી રિન્યુએબલ એનર્જી સેક્ટર પોલિસીમાં આવા પ્રોજેક્ટ્સને મોટા પાયે પ્રોત્સાહિત કરવા માટે વિશેષ જોગવાઈ કરવામાં આવી છે, તેણીએ જણાવ્યું હતું. અમને આશા છે કે પીડીઈયુ પ્રોજેક્ટ આ ક્ષેત્રમાં ભવિષ્ય માટે ખૂબ ફાયદાકારક નીવડશે.

રિન્યુએબલ એનર્જી સેક્ટરના નિષ્ણાતોએ જણાવ્યું હતું કે સોલાર ક્ષેત્રે ગુજરાત ૭,૦૦૦ મેગાવોટથી વધુ ક્ષમતા સાથે પહેલાથી જ અગ્રેસર છે. તેઓએ ધ્યાન દોર્યું કે પ્રતિ ૧ મેગાવોટ ક્ષમતા માટે લગભગ છ એકર જમીનની જરૂર છે. બીજી તરફ, જળાશયો અને નહેરોમાં પાણીની સપાટીનો ઉપયોગ તરતા ઉપકરણો માટે કરી શકાય છે જે જમીનને બચાવશે અને ગરમીમાં ઘટાડો સાથે વધુ સારું ઉત્પાદન સુનિશ્ચિત કરશે.

પ્રોફેસર મનોહરને જણાવ્યું હતું કે 'ફ્લોટોવોલ્ટેઈક્સ' અથવા ફ્લોટિંગ ફોટોવોલ્ટાઈક્સ, તેની સંભવિતતા સાથે સમગ્ર ભારતમાં રસનું ક્ષેત્ર છે. ભારતમાં, છેલ્લા બે વર્ષમાં ઘણી મોટી પહેલ કરવામાં આવી છે. અમારો પ્રસ્તાવિત પ્રોજેક્ટ કેનાલની બાજુઓ પર સોલાર પેનલ વડે ફ્લોટને જોડશે. તેને કોઈ વધારાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂર નથી, તેમણે કહ્યું.સરકારી અધિકારીઓએ જણાવ્યું હતું કે રાજ્યમાં ૪૦ થી વધુ મોટા જળાશયો છે જ્યાં નાના સોલાર પ્લાન્ટ શક્ય છે.

## ૨૦૨૪માં કોંગ્રેસ જાય જાય'ના નારા સાથે

# કોંગ્રેસના સાંસદ ધીરજ સાહુના ભ્રષ્ટાચારનો વિરોધ કરતું જિલ્લા ભાજપ

**અબતક, રાજકોટ**

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની સ્વચ્છ પ્રતિભા અને ભારતીય જનતા પાર્ટી સતત દેશના સર્વાંગી વિકાસ અને ભ્રષ્ટાચાર નાબુદી માટે અથાગ પ્રયત્નો કરી રહી છે એવા સમયે કોંગ્રેસના સાંસદ ધીરજ સાહુના ઘરેથી અકલ્પનીય રોકડ ૨૦૦ કરોડ કરતા પણ વધુ ભ્રષ્ટાચારની રોકડ મળી આવતા દેશમાં ખળભળાટ મચી ગયો છે. આ અનુસંધાને ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના આદેશ અનુસાર અને રાજકોટ જીલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, જીલ્લા મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, રવિભાઈ માંકડિયાની ઉપસ્થિતિમાં ઈન્કમટેક્સની રેડની કાર્યવાહીમાં ઝારખંડના કોંગ્રેસ સાંસદ ધીરજ સાહુ સાથે ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં સંકળાયેલા બિઝનેસ ગ્રૂપ પાસેથી રૂ.૨૦૦ કરોડથી વધુની રોકડ જપ્ત કરવામાં આવી. જેના વિરોધમાં રાજકોટ જીલ્લા ભાજપ કાર્યાલય 'કમલમ' ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.



વધુમાં, જીલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયાએ જણાવ્યું હતું કે, એક તરફ ઘમંડી ગઠબંધન છે જ્યાં ભ્રષ્ટાચાર, કમીશન લેવું, લૂંટની ગેરંટી છે અને બીજી બાજુ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ગેરંટી છે કે ભ્રષ્ટાચારને જડમૂળથી ખતમ કરવા માટે પ્રતિબધ્ધ છે. જનતા પાસેથી પૈસા લૂંટવામાં આવ્યો છે જે પાઈ પાઈ પાછી આપવી પડશે, તે મોદીની ગેરંટી છે. મોદીની ગેરંટીનો મતલબ કે બેઈમાનો પાસેથી પાઈ પાઈ વસુલ કરવાની ગેરંટી. જો કોંગ્રેસના સાંસદ ૨૦૦ કરોડની રોકડ સાથે પકડાય છે તો બાકીના તમામ કોંગ્રેસી સાંસદો પાસે કેટલી રોકડ હશે? કોંગ્રેસની મોહબ્બતની દુકાનમાંથી ચલણી નોટોનો પહાડ મળી આવ્યો હતો અને મહોબ્બતની દુકાનની ફ્રેન્ચાઈસમાંથી ૨૦૦ કરોડની નોટો મળી આવી છે. આ રીતે ઘણો પ્રેમ વેચાયો અને પછી માત્ર હિન્દુત્વ અને સનાતનથી નફરત બચી છે. જ્યાં કોંગ્રેસનો જનપ્રતિનિધિ હશે ત્યાં ગેરંટી છે કે તે ચોક્કસ ભ્રષ્ટાચાર કરશે. આવા કૌભાંડો અને ભ્રષ્ટાચાર કેન્દ્રનું નામ ગાંધી કરપ્શન સેન્ટર રાખવામાં આવે તો ખોટું નહીં હોય કારણ કે આવા તમામ કામોની તાલીમ તેમના દ્વારા આપવામાં આવે છે. આ વિરોધ કાર્યક્રમમાં જીલ્લા ઉપપ્રમુખ પ્રફુલભાઈ ટોળિયા, ખોડાભાઈ ખસીયા, જીલ્લા મંત્રીઓ મનોજભાઈ રાઠોડ, વિશાલભાઈ ફાગલીયા, જસ્મીનભાઈ પીપળીયા, જીલ્લા પંચાયત ઉપપ્રમુખ રાજેશભાઈ ડાંગર, જીલ્લા બક્ષીપંચ મોરચા પ્રમુખ નવીનપરી ગૌસ્વામી, મહામંત્રીઓ કમલેશભાઈ વરૂ, અશોકભાઈ ચાંવ, જીલ્લા મહિલા મોરચા મહામંત્રી વર્ષાબેન ખુંટ સહિત જિલ્લા તાલુકાના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શેરબજારે ઈતિહાસ રચ્યો: સેન્સેક્સ પહેલીવાર ૭૦ હજારને પાર

## સેન્સેક્સે ૭૦૦૫૭ અને નિફ્ટીએ ૨૧૦૨૬ની નવી સર્વોચ્ચ સપાટી હાસલ કરી

**અબતક, મુંબઈ**

ભારતીય શેરબજારે આજે ઈતિહાસ રચ્યો છે. સેન્સેક્સ પફરી એકવાર નવી ઓલ ટાઈમ હાઈ બનાવી છે. ટ્રેડિંગ દરમિયાન સેન્સેક્સ પ્રથમ વખત ૭૦ હજારને પાર કરીને ૭૦,૦૪૮ના સ્તરને સ્પર્શ કરી ગયો હતો. નિફ્ટી પણ ૨૧,૦૧૯ના સ્તરને સ્પર્શ્યો હતો. અગાઉ શુક્રવારે પણ શેરબજારે ઓલ ટાઈમ હાઈ બનાવ્યું હતું.

આજે સવારે માર્કેટ ઓપન થતાની સાથે જ સેન્સેક્સ ૧૦૦ પોઈન્ટના ઉછાળા સાથે ૬૯,૯૨૫ પર ખુલ્યો હતો. નિફ્ટીમાં પણ ૮૨ પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો હતો, નિફ્ટી ૨૦,૯૬૫ના સ્તરે ખુલ્યો હતો. શરૂઆતના ટ્રેડિંગ દરમિયાન સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૧૭માં વધારો અને ૧૩માં ઘટાડો જોવા મળ્યો હતો.

ગ્લોબલ બજારોમાંથી સારા સંકેતો, એશિયામાં મજબૂતી જોવા મળી રહી છે. શુક્રવારે અમેરિકન બજારોમાં તેજી રહી હતી. એસ એન્ડ પી ૫૦૦ ઈન્ડેક્સ સતત છઠ્ઠા સપ્તાહે તેજી સાથે આ વર્ષે નવી ટોચે પહોંચ્યો હતો. સતત ૬ દિવસના ઘટાડા બાદ ક્રૂડમાં રિકવરી આવી છે. કિંમત ૨% થી વધુ વધીને લગભગ ૭૬ ડોલર થઈ ગઈ છે.

આ પહેલા શુક્રવારે (૮ ડિસેમ્બર) શેરબજારે ઓલ ટાઈમ હાઈ બનાવ્યું હતું. ટ્રેડિંગ દરમિયાન, સેન્સેક્સ ૬૯,૮૯૩.૮૦ ના સ્તરને સ્પર્શ્યો જ્યારે નિફ્ટી ૨૧,૦૦૬.૧૦ ના સ્તર પર પહોંચ્યો હતો. જોકે, ટ્રેડિંગના અંતે સેન્સેક્સ ૩૦૩.૯૧ પોઈન્ટ વધીને ૬૯,૮૨૫.૬૦ પર બંધ થયો હતો. આજે સેન્સેક્સે ૭૦૦૫૭.૮૩ અને નિફ્ટીએ ૨૧૦૨૬.૧૦ની સપાટી હાસલ કરી હતી.

# લોકસભા ચૂંટણી પૂર્વે માયાવતીનો મોટો નિર્ણય: ભત્રીજા આકાશને બસપાની કમાન સોંપી

## વર્ષ ૨૦૧૭થી રાજકારણમાં સક્રિય થયેલા આકાશ હાલ સુધી પક્ષના સંયોજકની ભૂમિકા ભજવતા'તા

**અબતક, નવી દિલ્લી**

આગામી વર્ષ ૨૦૨૪માં લોકસભાની ચૂંટણી યોજાનાર છે જેની તૈયારીઓ તમામ રાજકીય પક્ષોએ આરંભી દીધી છે તેવું ચોક્કસ કહી શકાય ત્યારે લોકસભા ચૂંટણી પૂર્વે બહુજન સમાજ પાર્ટી વડા માયાવતીએ મોટો નિર્ણય લીધો છે. લાંબા સમયની અટકળો પછી બસપાના વડા માયાવતીએ આખરે તેમના ઉત્તરાધિકારીની જાહેરાત કરી દીધી છે. ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉમાં યોજાયેલી બેઠકમાં બસપા સુપ્રીમો માયાવતીએ તેમના ભત્રીજા આકાશ આનંદને તેમના ઉત્તરાધિકારી તરીકે જાહેર કર્યા છે. આ બેઠકમાં બીએસપી સુપ્રીમોએ તમામ રાષ્ટ્રીય પદાધિકારીઓ અને રાજ્યોના મુખ્ય અધિકારીઓને બોલાવ્યા હતા.

બહુજન સમાજ પાર્ટીના આગામી ઉત્તરાધિકારી અંગે લાંબા સમયથી અટકળો ચાલી રહી હતી. આકાશ આનંદને પાર્ટીની કમાન મળશે કે કેમ તે અંગે ઘણા સમયથી અટકળો ચાલી રહી હતી એવામાં માયાવતીએ જાહેરાત કરી કે એમનો વારસો ભત્રીજા આકાશ આનંદને સોંપ્યો છે. હવે આગામી લોકસભાની ચૂંટણી અને તેની તૈયારીઓને લઈને આકાશ આનંદનું કદ વધવાના સંકેત મળી રહ્યા છે. સાથે જ અનેક જાણકારોનું કહેવું છે કે બેઠકમાં કરવામાં આવેલી આ જાહેરાતથી ઉત્તર પ્રદેશની રાજનીતિ અને પાર્ટીની રાજકીય લાઈન પર મોટી અસર પડી શકે છે.



આકાશ આનંદની જો વાત કરવામાં આવે તો તેઓ હાલમાં બહુજન સમાજ પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક છે અને માયાવતીના નાના ભાઈ આનંદ કુમારના પુત્ર છે. માયાવતીના ભત્રીજા આકાશે લંડનમાંથી એમબીએની ડિગ્રી મેળવી છે. તેઓ વર્ષ ૨૦૧૭માં માયાવતી દ્વારા આયોજિત એક રેલીથી રાજકારણમાં સક્રિય થયા હતા. આ વર્ષે જૂનમાં આકાશ આનંદે પાર્ટીના નેતા અશોક સિદ્ધાર્થની પુત્રી પ્રજ્ઞા સાથે લગ્ન કર્યા છે. આકાશ આનંદ સોશિયલ મીડિયા પર સતત એક્ટિવ રહે છે. ટ્વિટર પર તેના લગભગ ૨ લાખ ફોલોઅર્સ છે. ફેસબુક પર ૫૨ હજાર ફોલોઅર્સ છે. ઈન્સ્ટાગ્રામ પર તેના ૩૭ હજારથી વધુ ફોલોઅર્સ છે.

બે રાષ્ટ્રીય પક્ષો કોંગ્રેસ અને ભાજપ પછી હિન્દી પટ્ટામાં સૌથી વધુ સમર્થન ધરાવતા પક્ષની જવાબદારી આકાશ આનંદના ખભા પર આવી ગઈ છે. ૨૦૧૨ થી ચૂંટણીમાં સતત હાર હોવા છતાં બીએસપીએ રાષ્ટ્રીય પક્ષનો દરજ્જો જાળવી રાખ્યો છે. પાર્ટીએ એમપી અને રાજસ્થાનમાં ઘણી સીટો પર બીજા ક્રમે રહીને કોંગ્રેસની રમત બગાડી છે.

આકાશ આનંદે રાજસ્થાન ચૂંટણી દરમિયાન બસપાની જવાબદારી સંભાળી હતી. તેમણે ઘણા દિવસો સુધી રાજ્યમાં પગપાળા યાત્રા પણ કરી હતી. પાર્ટીએ વિધાનસભા ચૂંટણીમાં ૨ બેઠકો જીતી હતી. પાર્ટીએ રાજ્યમાં ૫ ટકાથી વધુ મત મેળવ્યા છે. આ પછી આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને આકાશ આનંદની જવાબદારી વધારવાની વાત થઈ હતી. એવાં હવે માયાવતીએ રવિવારે લખનઉમાં યોજાયેલી બેઠક દરમિયાન આકાશ આનંદને તેમના ઉત્તરાધિકારીની જવાબદારી સોંપવાની જાહેરાત કરી છે. આ બેઠકમાં ૨૮ રાજ્યોના બસપાના હોદેદારો હાજર રહ્યા હતા.

# કોકાકોલા-ઈન્ડિયાની આલ્કોહોલ ક્ષેત્રમાં એન્ટ્રી: નવી પ્રોડક્ટનું પાયલોટ પરીક્ષણ

## લેમન-ડ્યુ નામની આલ્કોહોલિક રેડી-ટુ-ડ્રિંક બેવરેજ મહારાષ્ટ્ર અને ગોવામાં લોન્ચ કરી દેવાઈ

**અબતક, નવી દિલ્લી**

કોકાકોલા ઈન્ડિયાએ પણ આલ્કોહોલ ક્ષેત્રમાં પ્રવેશ કર્યો છે. કોકાકોલા લેમન ડ્યુના રૂપમાં એક ડ્રિંક લાવ્યું છે, જેમાં બ્રાન્ડી અને વોડકા જેવા જ ડિસ્ટિલ્ડ આલ્કોહોલ અને લીંબુનો સ્વાદ મળશે. તમને જણાવી દઈએ કે કંપનીએ તેના વૈશ્વિક આલ્કોહોલિક રેડી-ટુ-ડ્રિંક બેવરેજ લેમન-ડ્યુથી શરૂ કરીને આલ્કોહોલ સેગમેન્ટમાં તેનું પહેલું પગલું ભર્યું છે. કંપનીએ ગોવા અને મહારાષ્ટ્રના ભાગોમાં તેનું પાયલોટ પરીક્ષણ શરૂ કર્યું છે.

કોકા-કોલા ઈન્ડિયાએ જણાવ્યું હતું કે, આ પીણાંની તૈયારી અને વિતરણ ભારતમાં સમર્પિત અને સ્વતંત્ર સુવિધાઓમાં અલગથી કરવામાં આવે છે, જે તેના બિન-આલ્કોહોલ, રેડી-ટુ-ડ્રિંક બેવરેજીસ તૈયાર કરે છે અને તેનું વિતરણ કરે છે તેનાથી અલગ છે.

લેમન-ડ્યુને ચુહાઈ તરીકે ઓળખવામાં આવે છે, જે જાપાનમાં ઉત્પન્ન થતી આલ્કોહોલિક કોકટેલ છે. આ ટેસ્ટ લોન્ચ તબક્કામાં તેની કિંમત ૨૫૦ મિલી કેન માટે ૨૩૦ રૂપિયા રાખવામાં આવી છે.

કંપની કોકા-કોલા, કોક, સ્પ્રાઈટ, થમ્સ અપ, ફેન્ટા, લિમ્કા ફ્રિઝ, માઝા, મિનિટ મેઈડ જ્યુસ, કિન્લી વોટર, હોનેસ્ટ ચા અને કોફી બ્રાન્ડ્સ જ્યોર્જિયા અને કોસ્ટા કોફીનું વેચાણ કરે છે. ભારતમાં પુનઃપ્રવેશ કર્યાના ત્રણ દાયકા બાદ કંપનીએ આલ્કોહોલિક ડ્રિંક્સ સેક્ટરમાં પ્રવેશ કર્યો છે.

કોકા-કોલાના ગ્લોબલ માર્કેટિંગ ચીફ માનોલો એરોયોએ તાજેતરના એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, આલ્કોહોલ એ ખૂબ મોટી શ્રેણી છે અને અમે જાણી જોઈને પ્રયોગ કરવાનું નક્કી કર્યું છે. ગ્રાહકો કેવા પ્રકારના પીણાંની માંગ કરી રહ્યા છે તે અંગે અમે ખૂબ જ સ્પષ્ટ છીએ.

# પેટીએમ વૈશ્વિક પેમેન્ટ પ્લેટફોર્મ વિકસાવવા ગિફ્ટ સિટીમાં પ્રવેશશે

## ગિફ્ટ સિટીમાં રૂ. ૧૦૦ કરોડનું રોકાણ કરશે, વાયબ્રન્ટ ગુજરાત સમિટમાં થશે સત્તાવાર જાહેરાત

**અબતક, નવી દિલ્હી**

ભારતનું અગ્રણી ફિનટેક પ્લેટફોમ પેટીએમ વૈશ્વિક પેમેન્ટ પ્લેટફોર્મ વિકસાવવા માટે ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી (ગિફ્ટ સિટી) માં આશરે રૂ. ૧૦૦ કરોડનું રોકાણ કરવાની યોજના ધરાવે છે. ગિફ્ટ સિટીમાં તેની હાજરી સાથે, પેટીએમ પણ અહીં વધતી ફિનટેક ઈકોસિસ્ટમમાં ભાગીદાર બનવાની તકનો લાભ લેવાનું લક્ષ્ય ધરાવે છે.

અહેવાલ અનુસાર, પેટીએમના સ્થાપક અને સીઈઓ વિજય શેખર શર્માએ કહ્યું, અમે અહીં અમારી યોજનાઓ અંગે ગિફ્ટ સિટીના અધિકારીઓ સાથે વાતચીત કરી રહ્યા છીએ. ગિફ્ટ સિટી સ્વીફ્ટ અને ભારતીય ફિનટેક ઈનોવેશન્સ જેવી વૈશ્વિક પેમેન્ટ સિસ્ટમ્સ પર વિસ્તરણ કરવાની તક પૂરી પાડે છે. અમે ગિફ્ટમાં રોકાણના હેતુઓ માટે નોંધપાત્ર રકમ અલગ રાખી છે. તકની અનુભૂતિ કરીને, પેટીએમ વૈશ્વિક પેમેન્ટ પ્લેટફોર્મ વિકસાવવા માટે રૂ. ૧૦૦ કરોડનું રોકાણ કરવાની યોજના ધરાવે છે. સંભવતઃ અમે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની આસપાસ અમારી ઔપચારિક પ્રતિબદ્ધતાઓ સાથે બહાર આવીશુ.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ ૧૦ જાન્યુઆરીથી ૧૨ જાન્યુઆરી સુધી સુનિશ્ચિત થયેલ છે. શર્માએ ગાંધીનગરમાં 'ઈન્ફિનિટી ફોરમ ૨.૦' ના પ્રસંગે જણાવ્યું હતું. ફિનટેક ઈકોસિસ્ટમ પર આધારિત વિશાળ તકો ગિફ્ટ સિટીમાં આવી રહી છે. એક્સિલરેટર પ્રોગ્રામ માટે ગિફ્ટની યોજનાઓ સાથે, વિશ્વભરમાં અન્ય ઘણી ફિનટેક નવીનતાઓ થઈ રહી છે અને અમે આ તકોનો લાભ ઉઠાવવાની યોજના બનાવીએ છીએ. શર્માએ વધુમાં જણાવ્યું હતું કે, પેટીએમના એકંદર વ્યવસાયમાં ગુજરાતનું મુખ્ય યોગદાન રહ્યું છે. પાસ પેટીએમના કુલ બજાર હિસ્સામાં આશરે ૧૫% હિસ્સો ધરાવે છે અને આ અમને ગિફ્ટ સિટીમાં અમારી ભાવિ યોજનાઓ વિશે વધુ આત્મવિશ્વાસ બનાવે છે. વધુમાં, ગિફ્ટ સિટીમાં બિઝનેસ વૃદ્ધિ માટે આતુર હોવાના મુખ્ય કારણોમાંનું એક છે. તે મદદ કરશે. અમે ફાઈનાન્સમાં બિઝનેસ અને બીટુબી સેગમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ.

# અન્ડર ૧૯ એશિયા કપમાં ભારતનો પાકિસ્તાન સામે આઠ વિકેટે પરાજય

## પાકિસ્તાનના અઝાનની અણનમ સદી: ૨૬૦નો ટાર્ગેટ બે વિકેટે પાર પાડ્યો

**અબતક, નવી દિલ્હી**

દુબઈમાં રમાઈ રહેલા અંડર-૧૯ એશિયા કપમાં ભારતીય ટીમને પાકિસ્તાનના હાથે કારમી હારનો સામનો કરવો પડ્યો છે. ભારતની આ યુવા ટીમ પાકિસ્તાન સામે ૮ વિકેટે હારી ગઈ છે. અહીં પ્રથમ બેટિંગ કરતા ભારતીય ટીમે નિર્ધારિત ૫૦ ઓવરમાં ૯ વિકેટ ગુમાવીને ૨૫૯ રન બનાવ્યા હતા. જવાબમાં પાકિસ્તાનની ટીમે માત્ર બે વિકેટ ગુમાવીને આસાનીથી લક્ષ્ય હાંસલ કરી લીધું હતું. અહીં પાકિસ્તાન તરફથી મોહમ્મદ ઝીશાને શાનદાર બોલિંગ કરી અને અઝાન અવૈસે શાનદાર અણનમ સદી ફટકારી હતી.ગ્રુપ-એની આ મેચમાં પાકિસ્તાનના કેપ્ટન સાદ બેગે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ભારતીય ઓપનિંગ જોડીએ ધીમી અને સ્થિર



શરૂઆત આપી હતી. ભારતીય ટીમને ૯મી ઓવરમાં ૩૯ના કુલ સ્કોર પર પહેલો ઝટકો લાગ્યો હતો. અર્શિન કુલકર્ણી (૨૪)ને અમીર હસને પેવેલિયન મોકલ્યો હતો. આ પછી રુદ્ર પટેલ (૧) પણ ત્યાંથી નીકળી ગયો હતો. તેને મોહમ્મદ જીશાને આઉટ કર્યો હતો.આદર્શ સિંહ અને કેપ્ટન ઉદય શરણે ત્રીજી વિકેટ માટે ૧૨૦ બોલમાં ૯૩ રનની ભાગીદારી કરી હતી. ભારતીય ટીમ અહીં સારી સ્થિતિમાં હોય તેવું લાગી રહ્યું હતું. પરંતુ આદર્શ સિંહ (૬૨) પેવેલિયન પરત ફરતાની સાથે જ બેક ટુ બેક વિકેટો પડવા લાગી. મુશીર ખાન (૨), અરવેલી અવનીશ (૧૧) સસ્તામાં આઉટ થયા હતા. ૨૬૦ રનના આ લક્ષ્યનો પીછો કરતી વખતે પાકિસ્તાનની શરૂઆત ખરાબ રહી હતી. શામિલ હુસૈનુ (૮) સસ્તામાં પેવેલિયન પરત ફર્યો હતો. ૨૮ રનના કુલ સ્કોર પર પ્રથમ ફટકો સહન કર્યા બાદ પાકિસ્તાનનો દાવ એટલો પાછો ફરી ગયો કે તેણે બાકીની મેચમાં પ્રભુત્વ જમાવ્યું. બીજી વિકેટ માટે શાઝેબ ખાન અને અઝાન ઔવેસ વચ્ચે ૧૧૦ રનની ભાગીદારી થઈ. શઝૈબ (૬૩) કુલ ૧૩૮ના સ્કોર પર પેવેલિયન પરત ફર્યો હતો.અહીંથી અઝાને કેપ્ટન સાદ બેગ સાથે મળીને ૧૨૫ રનની અણનમ ભાગીદારી કરી અને પાકિસ્તાનને જીત તરફ દોરી ગયું. આ દરમિયાન અઝાને ૧૩૦ બોલમાં ૧૦૫ રનની સદીની ઈનિંગ રમી હતી. જ્યારે સાદ બેગે ૫૧ બોલમાં ઝડપી ૬૮ રન બનાવ્યા હતા. ભારત તરફથી માત્ર મુરુગન અશ્વિનને વિકેટ મળી હતી. પાકિસ્તાને માત્ર ૪૭ ઓવરમાં જ જીતનો લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો.

# નમાઝ માટે મળતો અડધો કલાકનો બ્રેક રાજ્યસભામાં નાબૂદ કરાયો

## રાજ્યસભાના અધ્યક્ષ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કર્યો બદલાવ

**અબતક, ગાંધીનગર**

રાજ્યસભામાંથી એક મોટાં સમાચાર સામે આવ્યા છે. સંસદ સત્ર દરમિયાન દર શુક્રવારે નમાઝ માટે મળતો અડધો કલાકનો બ્રેક રાજ્યસભામાં ખતમ કરવામાં આવ્યો છે. આ બદલાવ રાજ્યસભાના અધ્યક્ષ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કર્યો છે. સાથે જ તેને લગતા નિયમોમાં પણ ફેરફાર કરવાનો નિર્દેશ આપ્યો છે. હાલમાં, રાજ્યસભામાં લંચ બ્રેક દર શુક્રવારે બપોરે ૧:૦૦ થી ૨:૩૦ વાગ્યા સુધી હોય છે, જ્યારે લોકસભામાં લંચ બ્રેક બપોરે ૧:૦૦ થી ૨:૦૦ વાગ્યા સુધી હોય છે. રાજ્યસભામાં આ વધારાનો અડધો કલાક નમાઝ માટે આપવામાં આવ્યો હતો, જેને હવે અધ્યક્ષે નિયમોમાં ફેરફાર કરીને ખતમ કરી દીધો છે. આ મામલો ૮મી ડિસેમ્બર એટલે કે શુક્રવારનો છે. રાજ્યસભામાં શુક્રવારે લંચ પછી, જ્યારે ગૃહની બેઠક બપોરે ૨ વાગ્યે ફરી શરૂ થઈ, ત્યારે ડીએમકેના સાંસદ તિરુચી શિવાએ આ મુદ્દો ઉઠાવ્યો, તેમણે કહ્યું કે દર શુક્રવારે ગૃહની બેઠક બપોરે ૨.૩૦ વાગ્યે શરૂ થતી હતી. આ વખતે ૨ વાગ્યે શરૂ કરવામાં આવ્યું છે, તેનો સમય ક્યારે બદલાયો, આ ફેરફાર કેમ થયો તેની સભ્યોને ખબર નથી. તેના પર અધ્યક્ષે જવાબ આપ્યો કે આ ફેરફાર આજથી નથી, આ ફેરફાર તેઓ પહેલા જ કરી ચુક્યા છે, તેમણે આનું કારણ પણ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે લોકસભાની કામગીરી ૨ વાગ્યાથી શરૂ થાય છે, બંને લોકસભા અને રાજ્યસભા સંસદનો હિસ્સો છે, કામકાજના સમયમાં સમાનતા હોવી જોઈએ, તેથી તેઓએ આ અંગે પહેલાથી જ નિયમો બનાવ્યા હતા.

# ખેલ અભિરૂચી પરીક્ષામાં માત્ર ૫૦ટકા ઉમેદવારો જ પાસ!!

## જાહેર કરાયેલા પરિણામમાં ૧૭૮૫ ઉમેદવારો પાસ અને ૧૭૫૫ ઉમેદવારો નાપાસ થયા

**અબતક, અમદાવાદ**

રાજ્યની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વ્યાયામ શિક્ષકની નિયુક્તિ માટે તાજેતરમાં ખેલ અભિરુચી કસોટી લેવામાં આવી હતી. આ કસોટીનું પરિણામ શનિવારે જાહેર કરી દેવામાં આવ્યું છે. આ પરીક્ષા માટે કુલ ૪૮૪૨ ઉમેદવારોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જે પૈકી ૩૫૪૦ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. જેની સામે ૧૩૦૨ ઉમેદવારો જુદા જુદા કારણોસર ગેરહાજર રહ્યા હતા. જાહેર કરાયેલા પરિણામમાં ૧૭૮૫ ઉમેદવારો પાસ અને ૧૭૫૫ ઉમેદવારો નાપાસ થતાં પરિણામ ૫૦.૪૨ ટકા આવ્યું હતું. આ પરીક્ષામાં કુલ ૧૭૫૫ ઉમેદવારો એવા છે કે જેઓ ૫૦ ગુણથી પણ ઓછા માર્કસ લાવ્યા છે. આ જ રીતે ૫૦થી ૫૯ ગુણ મેળવનારા ઉમેદવારોની સંખ્યા ૯૯૨, ૬૦થી ૬૯ ગુણ મેળવનારા ઉમેદવારની સંખ્યા ૫૩૦, ૭૦થી ૭૯ ગુણ મેળવનારા ૨૩૩ અને ૮૦થી ૮૯ ગુણ મેળનારા ઉમેદવારોની સંખ્યા ૩૦ છે. આમ, કુલ ૩૫૪૦ ઉમેદવારો પાસ થયા છે. આ પરિણામ પહેલા ૭મી ડિસેમ્બરના રોજ ફાઈનલ આન્સર કી જાહેર કરવામાં આવી હતી. જેના આધારે શનિવારે પરિણામ જાહેર કરી દેવામાં આવ્યું છે. મહત્વની વાત એ કે, જેટલી જગ્યાઓ ખાલી છે તેની સરખામણીમાં ઓછા ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. આજે જાહેર કરાયેલા પરિણામમાં ૫૦ ટકા ઉમેદવારો જ પાસ થયાં છે. આમ, પરિણામ જાહેર થયા પછી પણ મોટાભાગની બેઠકો ખાલી રહેશે.

# છત્તીસગઢમાં મુખ્યમંત્રીનો તાજ આદિવાસી સમુદાયના વિષ્ણુદેવ સાયના શિરે

## અનુસૂચિત જનજાતિની ૨૯ અનામત બેઠકોમાંથી ૧૭ બેઠકોમાં ભવ્ય જીત અપાવ્યા બાદ આદિવાસી સમુદાયને ભાજપની રિટર્ન ગિફ્ટ

**અબતક, નવી દિલ્હી**

છત્તીસગઢના નવા મુખ્યમંત્રી તરીકે ભાજપે આદિવાસી સમુદાયના વિષ્ણુ દેવ સાઈના નામની જાહેરાત કરી છે. કારણ કે ભાજપ દ્વારા છત્તીસગઢમાં આદિવાસી મતદારોને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લીધો છે. આ પહેલા પણ ભાજપે આદિવાસી મતદારોને રીઝવવા માટે ઘણી જાહેરાતો કરી હતી.

છત્તીસગઢમાં આદિવાસી મતદારોને ખૂબ જ મહત્વ આપવામાં આવે છે. કારણ કે છત્તીસગઢ રાજ્યની ૩૪ ટકા વસ્તી આદિવાસી છે અને ૨૯ બેઠકો અનુસૂચિત જનજાતિ માટે અનામત છે. એવું માનવામાં આવે છે કે આદિવાસી મતદારોને મહત્વ આપ્યા વગર છત્તીસગઢમાં કોઈપણ પાર્ટી સરકાર બનાવી શકે નહીં.


તેથી જ આ વખતે છત્તીસગઢની ચૂંટણીમાં ભાજપે અનુસૂચિત જનજાતિની ૨૯ અનામત બેઠકોમાંથી ૧૭ બેઠકો જીતી છે. આ પરિસ્થિતિનું નિર્માણ ૨૦૧૮ના વર્ષમાં કોંગ્રેસ થયું હતું. પરંતુ આ વખતે આ વોટબેંકનો સમૂહ બીજેપીના પક્ષમાં આવ્યો છે, જેનું મુખ્ય કારણ વિષ્ણુદેવ સાંય છે. આ વખતે ભાજપ પાર્ટી દ્વારા રમણસિંહને સીએમના ફેસ તરીકે જાહેર કરવામાં આવ્યા નહીં. તેનો ફાયદો ભાજપને મોટા પ્રમાણ થયો છે. કારણ કે ૨૦૧૮માં સલવા જુડુમ કાર્યક્રમમાં આદિવાસી મતદારો રમણસિંહથી નાખુશ થઈ ગયા હતાં. તેથી ભાજપ સરકારને ૨૦૧૮ના વર્ષમાં છત્તીસગઢમાં હારનો સામનો કરવો પડ્યો હતો.

વિષ્ણુ દેવે સરપંચ તરીકે રાજકીય કારકિર્દી શરૂ કરી હતી

વિષ્ણુદેવ સાયનો જન્મ ૨૧ ફેબ્રુઆરી ૧૯૬૪ના રોજ જશપુરના બગિયા ગામમાં થયો હતો. ખેડૂત પરિવારમાંથી આવતા, વિષ્ણુદેવે લાંબી રાજકીય યાત્રા કરીને ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું. રાજ્ય અને દેશના રાજકારણમાં સક્રિય રહ્યા.વિષ્ણુદેવ સાયે પોતાની રાજકીય કારકિર્દી ગામડાના રાજકારણથી શરૂ કરી હતી. તેઓ ૧૯૮૯-૧૯૯૦માં અવિભાજિત મધ્ય પ્રદેશમાં ટપકારાની બગિયા ગ્રામ પંચાયતમાંથી સરપંચ તરીકે બિનહરીફ ચૂંટાયા હતા. આ પછી તેઓ ૧૯૯૦માં ભાજપની ટિકિટ પર પહેલીવાર ટપકારા બેઠક પરથી ધારાસભ્ય બન્યા હતા. ૮ વર્ષ સુધી ધારાસભ્ય રહ્યા બાદ તેઓ ૨૦૦૪માં રાયગઢથી સાંસદ તરીકે ચૂંટાયા હતા. લોકસભાની આ યાત્રા ૨૦૧૪ સુધી ચાલુ રહી. સાંસદ તરીકેના કાર્યકાળ દરમિયાન તેમને મોદી સરકારમાં સ્ટીલ મંત્રાલયમાં રાજ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા. દરમિયાન, ૨૦૧૧ અને ફરીથી ૨૦૨૦માં, પાર્ટીએ તેમને છત્તીસગઢ ભાજપના પ્રદેશ અધ્યક્ષ બનાવ્યા. ૨૦૨૨માં ભાજપની રાષ્ટ્રીય કાર્ય સમિતિના સભ્ય બન્યા.

# રંગીલા-સ્માર્ટ શહેરને સ્વચ્છ રાખવા ૧૦૦૦ કેમેરાની 'બાજ' નજર





## રસ્તે પીચકારી કચરો-ગંદકી કરનારાઓની હવે 'ખેર' નહી રહે

**અબતક,રાજકોટ**

રંગીલા-સ્માર્ટ સીટી રાજકોટના રાજમાર્ગો પર ગોબરાવવેડા કરનારાઓની હવે ખેર નહી રહે શહેરમાં ઠેર ઠેર એક હજાર કેમેરાની ચાતક નજર રસ્તાપર થઉંકનારા કચરો ગંદકી ફેલાવનારા પર જ રહેશે.

વિકસિત ભારતની સંકલ્પના સાથે પ્રધાનમંત્રી નરેદ્રભાઈ મોદી દ્વારા શરુ કરાયેલા સ્વચ્છ ભારત અભિયાનને ઝીલી લઈ રાજ્ય સરકાર દ્વારા વધુને વધુ લોકોને અભિયાનમાં જોડી શહેર, ગ્રામ્ય વિસ્તારો સ્વચ્છ બને તે માટે ખાસ ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે.

જેમાં રાજકોટ મહાનગર પણ અનેકવિધ સફાઈના પગલાંઓ લઈ રહી છે. મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલની સૂચનાથી આ અભિયાનમાં ડિજિટલ ટેક્નોલોજીનો સહારો લઈ શહેરમાં ગંદકી ફેલાવતા ઈસમોને સી.સી.ટી.વી. કેમેરા થકી પકડી ઈ-મેમો અને દંડની કડક કાર્યવાહી કરવામાં આવી રહી હોવાનું ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમના નોડલ ઓફિસરશ્રી વત્સલ પટેલે જણાવ્યું છે.

હાલ ૧૦૦૦ જેટલા કેમેરા દ્વારા શહેરના મુખ્ય પોઈન્ટ પર કચરો ફેકી ગંદકી કરતા અને પિચકારી મારી રોડ ગંદા કરતા લોકોને પકડવાની સઘન કામગીરી કરી રહ્યું છે. ૩૦ ઓક્ટોબર થી ૩ ડીસેમ્બર સુધીમાં જાહેરમાં થુકતા, કચરો નાખતા ૧૩૭, જાહેરમાં કચરો સળગાવતા ૪૦, જાહેરમાં કચરો નાખતા કે સળગાવતા પકડાયેલ સફાઈ કામદારો ૧૮ મળીને કુલ ૧૯૫ લોકો વિરુદ્ધ ઈ-મેમો, દંડ ની કાર્યવાહી કરવામાં આવી છે, વર્ષ ૨૦૧૬ થી હાલ સુધીમાં ૨૯૨ જેટલા પોઈન્ટ પર કુલ ૨૬,૮૮,૩૫૦ રૂ. ના ૯,૨૩૯ ચલન ઈશ્યુ કરાયાનું શ્રીવત્સલ જણાવે છે.

કેમેરામાં ગંદકી કરતા કોઈ પકડાય તો તેઓને રૂ. ૨૫૦ અને પિચકારી મારતા વાહન ચાલકોને જી.પી.એમ.સી. એક્ટ હેઠળ રૂ. ૨૦૦ નો ઈ-મેમો આપવામાં આવે છે. જે તેઓએ નજીકની વોર્ડ ઓફિસ કે ઓનલાઈન ભરવાનો રહેતો હોઈ છે. દિવસ ૭ માં આ રકમ ન ભારે તો સેનીટરી ઈન્સ્પેક્ટર તેમના ઘરે જઈ રૂ. ૧૦૦૦ વસુલે છે. દંડ સાથોસાથ હાલ આ લોકોને સમાચાર માધ્યમોમાં ફોટો સાથે હાઈલાઈટ કરવામાં આવતા સામાજિક શરમને કારણે લોકો ગંદકી કરતા ડરી રહ્યા હોવાનું શ્રી પટેલે જણાવ્યું છે.

આ સાથે સફાઈ અંગે ફરિયાદ માટે ટોલફ્રી નંબર ૧૮૦૦

(અનુ. આઠમા પાને)

### સૌથી વધુ ગંદકી ફેલાવતા વિસ્તાર

સ્માર્ટ સીટી હેઠળ આઈવે પ્રોજેક્ટ અંતર્ગત લગાવેલા કેમેરા થકી સી.સી.ટી.વી. ના મોનીટરીંગમાં આવેલા ડેટા સર્વે મુજબ માર્કેટયાર્ડ, પેડક રોડ, એરપોર્ટ ફાટક, પી.ડી.એમ. ફાટક, આજીડેમ ચોકડી, આશાપુરા મંદિર રોડ, ભક્તિનગર સર્કલ, ભગવતી પરા, ચામુંડા ચોક, ઢેબર ચોક, ગુરુ પ્રસાદ ચોક, સિવિલ હોસ્પિટલ ચોક, ઈન્દિરા સર્કલ, જડુસ ચોક, જિલ્લા ગાર્ડન ચોક, જામ ટાવર ચોક, કાંતા સ્ત્રી વિકાસ ગૃહ ચોક અને સૌથી વધુ કે.કે.વી. ચોકમાં ગંદકી કરતા કરતા માલુમ પડ્યું હોઈ સંબંધિત વિસ્તારના લોકોને ઈ-ચલન તેમજ દંડ વસુલ કરાયા છે.

### ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરની કામગીરી

રાજકોટમાં આઈ-વે પ્રોજેક્ટ હેઠળ પી.ટી.ઝેડ ટાઈપના ૧૯૨, એ.એન.પી.આર. ૭૭, આર.એલ.વી.ડી. ૨૭, ૩૬૦ ડિગ્રી ના ૮, ડોમ કેમેરા ૧૦, સ્માર્ટ બસસ્ટેન્ડ પર ૪૦ તેમજ ફિક્સ કેમેરા ૫૭૪ મળી ૧૦૦૦ જેટલા કેમેરાનું નેટવર્ક કાર્યરત છે. ૧૫૦ ફુટ રિંગ રોડ પર, નાના મૌવા સર્કલ પાસેની કોર્પોરેશનની ઓફિસ ખાતેથી ત્રણ શિફ્ટમાં સેન્ટ્રલી મોનીટરીંગની કામગીરી કરવામાં આવી રહી છે.

# રેલનગર બ્રિજ ૭૩ દિવસે ખૂલ્યો: ૬૨ લાખનો ખર્ચ છતાં પાણી ટપકવાની ગેરેન્ટી

## બ્રિજની બંને બાજુથી પાણી પડશે પરંતુ બ્રિજમાં પાણી ભરાયેલું નહિં રહે: રંગરોગાન માટે ૧૨ લાખ વેડફાયા: હવે પાણી ઉલેચવા નવી મશીનરી પણ મુકાશે

**અબતક, રાજકોટ**

રેલનગર અન્ડરબ્રિજનું ખાતમુહુર્ત જાણે ક્યા ચોઘડીયે થયું છે કે જાણે બ્રિજ સુવિધા કરતા દુવિધા વધુ આપી રહ્યો છે. અગાઉ એવી ઘોષણા કરવામાં આવી હતી કે રેલનગર અન્ડરબ્રિજમાં ચોમાસાની સિઝનમાં વરસાદી પાણી ન ભરાય અને બંને બાજુની દિવાલમાંથી સતત પાણી ચાલુ ન રહે તે માટે ૫૬ લાખના ખર્ચે રિપેરીંગ કરવામાં આવશે. મૂળ અંદાજ કરતા ૬ લાખનો વધુ ખર્ચ કરવામાં આવ્યો છે. ૭૩ દિવસથી બંધ બ્રિજને ગઈકાલે સાંજે વાહનચાલકો માટે ખૂલ્લો મૂકી દેવામાં આવ્યો છે. પરંતુ લાખો રૂપિયાનો ખર્ચ જાણે પાણીમાં ગયો હોય તેમ ખૂદ ઈજનેરો રિપેરીંગ બાદ પણ બ્રિજમાં પાણી પડશે તેવી ૧૦૦ ટકા ગેરેન્ટી આપી રહ્યા છે.



તસવીર: શૈલેષ વાડોલીયા

જો કે, પાણીનો ભરાવો થશે નહિં અને તત્કાલ નિકાલ થઈ જશે. બીજી તરફ રંગરોગાન માટે ૧૨ લાખ ફૂંકી મારવામાં આવ્યા છે.

રેલનગર અન્ડરબ્રિજ ચોમાસાની સિઝનમાં વાહનચાલકો માટે મહા મુસીબત સર્જે છે. વરસાદ ન હોય ત્યારે પણ બ્રિજની બંને બાજુથી સતત પાણી ટપકતું રહે છે અને બ્રિજના વચ્ચેના ભાગમાં પાણી ભરાયેલું રહે છે. સતત ત્રણ થી ચાર મહિના સુધી આ પરિસ્થિતિનું નિર્માણ થાય છે. જેના નિવારણ માટે સ્ટેન્ડિંગ કમિટી દ્વારા ૫૬ લાખનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો હતો. ગત ૨૭મી સપ્ટેમ્બરે બ્રિજ રિપેરીંગ માટે વાહનચાલકો માટે બંધ કરી દેવામાં આવ્યો હતો. ૭૩ દિવસ રિપેરીંગની કામગીરી ચાલ્યા બાદ ગઈકાલે સાંજે ફરી બ્રિજ ખોલી દેવામાં આવ્યો છે. જો કે, ઈજનેરો એવું છાતી ઠોકીને કહી રહ્યા છે કે રેલનગર બ્રિજમાં પાણી ભરાવાની સમસ્યા રિપેરીંગથી હલ થશે નહિં. જ્યાંથી પાણી પડે છે તે ટપકતું રહેશે પરંતુ વગર વરસાદે પાણી ભરાય રહેતું હતું તે સમસ્યા હલ થઈ જશે અને બ્રિજની મજબૂતાઈ વધારવા માટે પ્રેશર ગ્રાઉન્ટીંગ કરવામાં આવ્યું છે. આગામી દિવસોમાં વરસાદી પાણીના નિકાલ માટે વધારાના પમ્પ મુકવા અંગે ટેન્ડર પ્રસિદ્ધ કરવાની કામગીરી શરૂ કરવામાં આવશે.

મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિ. કમિશનર આનંદ પટેલ, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા અને બાંધકામ સમિતિ ચેરમેન ભાવેશભાઈ દેથરીયાએ જણાવ્યું હતું

(અનુ. આઠમા પાને)

# વેસ્ટ ઝોન વેઈટ લિફ્ટિંગમાં સૌ.યુનિ.નો દબદબો: ચાર ખેલાડી ઓલ ઈન્ડિયામાં ક્વોલિફાય




**સાઉથ વેસ્ટ ઝોન સ્પર્ધામાં નિધિ ગાંધી ૫૯ કેજી, નયના પરમાર ૭૧ કેજી, ખુશી વરાણ ૭૯ કેજી અને પૂજા પ્રસાદ ૮૧ કેજીમાં મેદાન મારી સૌરાષ્ટ્ર યુનિવર્સીટીનું નામ રોશન કર્યું**







**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ની હેટ્રિક ૧ એમ કુલ ૪ સૌરાષ્ટ્ર યુનિવર્સીટીની ટીમ વેઈટ લિફ્ટીંગ ભાઈઓ/બહેનો ઈન્ટર યુનિવર્સિટી આંધ્રપ્રદેશ ખાતે સાઉથ વેસ્ટ ઝોન સ્પર્ધામાં ૧.નિધિ ગાંધી ૫૯ સલ ૨.નયના પરમાર ૭૧ સલ ૩.ખુશી વરાણ ૭૯ સલ ૪.પૂજા પ્રસાદ ૮૧ સલ ઉપરોક્ત ચાર ખેલાડી ઓ એ ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી સ્પર્ધામાં ક્વાલિફાઈ થઈને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નું નામ રોશન કરેલ છે.

સમગ્ર સ્પર્ધા દરમિયાન સૌ યુની ના કાર્યકારી કુલપતિ ડો નિલંબરીબેન દવે એ સતત કોચ/મેનેજર ના સંપર્ક માં રહી પરિણામ વિશે માહિતી મેળવી અને ખેલાડીઓ ને કોઈ પણ જાત ની તકલીફ ના પડે અને વધારાની કોઈ સુવિધા હોય તો પણ જણાવશો એ મુજબ ખેલાડીઓ ને પ્રોત્સાહિત કર્યા અને અભિનંદન પાઠવ્યા હતા.

ટીમ સાથે ડો હરીશ રાબા , ડો હાસમ ભાલિયા , ડો જયદીપસિંહ ચૌહાણ ,અને અલકેશ ચૌહાણ ગયેલ અને સંપૂર્ણ જવાબદારી સ્વીકારી ખેલાડીઓ એ સખત મહેનત કરી જેના પરિણામ સ્વરૂપે અત્યાર સુધી ના ઈતિહાસ ના કોઈ પણ એક રમત માં સૌથી વધુ ખેલાડીઓ ઈન્ટર યુની માં ક્વોલિફાઈ થયા હોય એ પ્રથમ દાખલો છે. કોચ/ મેનેજર અને દરેક ખેલાડીઓ સૌરાષ્ટ્ર યુનિવર્સીટી અને વિશેષ રૂપ થી કુલપતિ ડો નીલાંબરીબેન દવેનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.

# દ્વારકામાં પૂજા કરાયેલી ધ્વજાજીનું અયોધ્યા રામ મંદિરમાં આરોહણ થશે

## શ્રીરામ જયરામ જય જય રામ આ ૧૩ અક્ષરો-જય દ્વારકાધીશ ધ્વજાજી પર અંકિત કરાવી ૧૩ ગજની ધ્વજા આરોહણ થશે

**અબતક, દ્વારકા**

ભગવાન રામલ્લાના જન્મસ્થળ અયોધ્યામાં નવનિર્મિત ભગવાન રામચંદ્રજી મંદિરના શિખર પર ગુગ્ગળી બ્રાહ્મણ જ્ઞાતિ-દ્વારકા દ્વારા પૂજા કરાયેલી ધ્વજાજીનુ ધ્વજારોહણ કરવામાં આવશે. શનિવારે દ્વારકાની બ્રહ્મપુરી ખાતે ધ્વજાજીનું મંત્રોચ્ચાર સાથે વિધીપૂર્વક પૂજન કરાયું હતું. આગામી ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ ભારતના સનાતન ધર્મના મુખ્ય આરાધ્યદેવ ભગવાન રામચંદ્રજીના નવ નિર્મિત અયોધ્યા ખાતેના મંદિર શિખર પર ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ પ્રથમ ધ્વજા આરોહણ દ્વારકાધીશ જગત મંદિરમાં સેવા પૂજા યજમાન વૃત્તિ કરનારા દ્વારકાની ગુગ્ગળી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા પૂજા કરેલ ધ્વજાજીનું ધ્વજારોહણ કરવામાં આવશે. દ્વારકા ગુગ્ગળી બ્રાહ્મણ જ્ઞાતિના પ્રયાસો દ્વારા અયોધ્યા રામ મંદિર પર ધ્વજા આરોહણ માટેની પરવાનગી અયોધ્યા સ્થિત ટ્રસ્ટ પાસેથી પ્રાપ્ત કરી યજમાનનો સંકલ્પપૂર્ણ થશે. શ્રીરામ જયરામ જય જય રામ આ ૧૩ અક્ષરો તથા જય દ્વારકાધીશ ધ્વજાજી પર અંકિત કરાવી ૧૩ ગજની ધ્વજા આરોહણ થશે. બ્રહ્મપુરી નંબર ૧ પાસે આવેલ ધ્વજા પૂજન હોલમાં મંત્રોચ્ચાર સાથે અયોધ્યા રામ મંદિર ધ્વજાજીનું પૂજન કરવામાં આવ્યું હતુ.



જેમાં ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિના સહમંત્રી,મધ્યસ્થ સભાના સદસ્યો વિશેષ ઉપસ્થિત રહ્યા.આગામી દિવસોમાં ધ્વજાજી દ્વારકાધીશજીના ચરણ સ્પર્શ બાદ અયોધ્યા ખાતે મોકલવામાં આવશે જ્યાં ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ નવનિર્મિત શિખર પર આ ધ્વજાજીનુ આરોહણ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, દ્વારકા ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિના સહમંત્રી તેમજ દ્વારકાધીશ જગત મંદિરના પૂજારી ચેતનભાઈ પુજારી દ્વારા આ કાર્યમાં વિશેષ યોગદાન રહ્યું છે.

# શહેર ભાજપ અનુસુચિત જાતી મોરચાની વોર્ડવાઈઝ ટીમ જાહેર

## પ્રમુખ-મહામંત્રી શહેર કારોબારીને ભાજપના રાજકીય અગ્રણીઓ દ્વારા શુભેચ્છાઓની વર્ષા

**અબતક,રાજકોટ**

સંગઠન સંરચના અંતર્ગત સૌરાષ્ટ્ર ઝોન પ્રભારી અને પ્રદેશ મહામંત્રી વિનોદભાઈ ચાવડા, રાજકોટ સંગઠન પ્રભારી પ્રકાશભાઈ સોની, પ્રદેશ ભાજપ અનુસુચિત જાતી મોરચાના પ્રમુખ ગૌતમભાઈ ગેડીયા સાથે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે અને વિરેન્દ્રસિંહ ઝાલા સહિતના સાથે અનુસુચિત જાતી મોરચાના પ્રમુખ રતાભાઈ પરમાર, મહામંત્રી સંજય બગડા, અજય વાઘેલાએ વિચાર વિમર્શ કરી શહેર ભાજપની વોર્ડવાઈઝ અનુસુચિત જાતી મોરચાની વોર્ડવાઈઝ પ્રમુખ, મહામંત્રી અને શહેર કારોબારીની ટીમ જાહેર કરેલ છે.



આ વરણીને શહેર ભાજપ સંગઠન પ્રભારી પ્રકાશભાઈ સોની, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ડો. ભરતભાઈ બોધરા, બીનાબેન આચાર્ય, મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, ભાનુબેન બાબરીયા, ઉદય કાનગડ, ડો. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીંલાળા, નયનાબેન પેઢડીયા, વગેરેએ આવકારી અભિનંદન પાઠવ્યા છે.

વોર્ડ નં.૧ પ્રમુખ પ્રકાશભાઈ ડોલેરા, મહામંત્રી ભરતભાઈ બાબરીયા ,વોર્ડ નં.૩ પ્રમુખ પ્રવિણભાઈ સોઢા, મહામંત્રી અરૂણભાઈ સોલંકી, વોર્ડ નં.૪ પ્રમુખ નરેશભાઈ ચૌહાણ, મહામંત્રી કાળુભાઈ વાઘેલા, વોર્ડ નં. ૫ પ્રમુખ રાજેશભાઈ ચાવડા, મહામંત્રી ડાયાભાઈ વેગડા, વોર્ડ નં.૬ પ્રમુખ મીત વાઘેલા, મહામંત્રી નિશસ્ત્ર સોનારા,વોર્ડ નં. ૭ પ્રમુખ લલિતભાઈ પરમાર, મહામંત્રી શંકરભાઈ વાઘેલા, વોર્ડ નં. ૮ પ્રમુખ કિર્તીભાઈ ટુંડીયા,મહામંત્રી નાગરભાઈ રાઠોડ, વોર્ડનં. ૧૦ પ્રમુખ જયંતીભાઈ ખાંભુ, મહામંત્રી નાનજીભાઈ ખીમસુરીયા, વોર્ડ નં. ૧૧ પ્રમુખ સુનીલભાઈ સાગઠીયા, મહામંત્રી રાજેશભાઈ ચાવડા, વોર્ડ નં.૧૨ પ્રમુખ કિશોરભાઈ પરમાર,

મહામંત્રી ભગવાનજીભાઈ ધાંધલ, વોર્ડ નં.૧૩ પ્રમુખ રમેશભાઈ વિંઝુડા,મહામંત્રી જયંતીભાઈ ચૌહાણ, વોર્ડ નં.૧૪ પ્રમુખ રમેશભાઈ મકવાણા,મહામંત્રી બકુલભાઈ ચંદ્રપાલ, વોર્ડ નં.૧ ૫ પ્રમુખ ગીરીશભાઈ ખીમસુરીયા,મહામંત્રી રતાભાઈ વાઘેલા, વોર્ડ નં. ૧૮ પ્રમુખ રમેશભાઈ સાગઠીયા તથા મહામંત્રી રણજીતભાઈ સાગઠીયાનો સમાવેશ થાય છે.

# વોર્ડ નં.૧૩માં સરકારી યોજનાકીય કેમ્પનો ત્રણ હજાર બસ્સોથી વધુ લાભાર્થીને મળ્યા લાભ

## વિકસીત ભારત સંકલ્પ યાત્રાનો શુભારંભ કરતા ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ









**અબતક, રાજકોટ**

વિકસિત ભારતની કલ્પનાને ચરિતાર્થ કરવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વડપણ હેઠળની રાજ્ય સરકાર દ્વારા વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ જન કલ્યાણકારી યોજનાઓની માહિતી અને લાભો દરેક ઘર સુધી પહોંચાડવાનાં હેતુથી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. આ યાત્રા એટલે છેવાડાના પ્રત્યેક માનવી સુધી સરકારની યોજનાઓના લાભ પહોંચાડી તમને સશક્ત બનાવવાનો સંકલ્પ છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૦૯/૧૨ ના રોજ સવારના ૯:૩૦ કલાકે વોર્ડ નં.૧૩માં સવારે કે.કે.કોટીચા સ્કૂલ, પુનિતનગરના પાણીના ટાંકાની બાજુમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા અને યોજનાકીય કેમ્પનો શુભારંભ ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહનાં વરદ હસ્તે ખુલ્લો મૂકવામાં આવેલ. આ અવસરે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ચ્યુલ ઉપસ્થિતિમાં સમગ્ર દેશ સહિત ગુજરાતના લાભાર્થીઓ સાથે સંવાદ કરવામાં આવ્યો અને આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યુ. જ્યારે બપોરબાદ ૩:૩૦ કલાકે વોર્ડ નં.૧૩માં શાળા નં.૬૯, સરોજીની નાયડુ ગર્લ્સ હાઈસ્કુલ કેમ્પસ, અંબાજી કડવા પ્લોટ ખાતે યોજાયેલ વિકસિત ભારત સંકલ્પ યાત્રા અને યોજનાકીય કેમ્પનો શુભારંભ સાંસદસભ્ય મોહનભાઈ કુંડારિયાનાં વરદ હસ્તે ખુલ્લો મૂકવામાં આવેલ.

આ વોર્ડમાં યોજાયેલા ઉપરોક્ત બંને યોજનાકીય કેમ્પમાં સરકારશ્રીની જનહિતની વિવિધ યોજનાઓનો કુલ ૩૨૦૩ લાભાર્થીઓએ લાભ લીધેલ હતો. જેમાં વોર્ડ નં.૧૩માં સવારે કે.કે.કોટીચા સ્કૂલ, પુનિતનગરના પાણીના ટાંકાની બાજુમાં ખાતેના કેમ્પમાં ૧૩૫૯ લોકોને અને વોર્ડ નં.૧૩માં શાળા નં.૬૯, શ્રીમતી સરોજીની નાયડુ ગર્લ્સ હાઈસ્કુલ કેમ્પસ, અંબાજી કડવા પ્લોટખાતેના કેમ્પમાં ૧૮૪૪નાગરિકોને વિવિધ સરકારી યોજનાઓનો લાભ પ્રાપ્ત થયો હતો.

વોર્ડ નં.૧૩માં શાળા

(અનું. આઠમાં પાને)

# ઈન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા હાર્ટએટેકના વધતા પ્રમાણને અટકાવવા જાહેર પરિસંવાદ યોજાયો

## ડો.તેજસ પટેલ દ્વારા ઉપસ્થિતોને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું





**રિપોટરઃ દેવાંશ બગથરીયા**
**કેમેરામેનઃ નિશિત ગઢીયા**
**અબતક,રાજકોટ**

ઈન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા હાર્ટએટેકના વધતા પ્રમાણને અટકાવવા જાહેર પરિસંવાદ યોજાયો હતો.જેમાં બહોળી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા તથા ઉપસ્થિતોને ડોક્ટર તેજસ પટેલ દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

હાર્ટઅટેકના કેસો થોડા સમયથી વધી રહ્યા હોય તેમાં પણ યુવાનોમાં આ સમસ્યામાં ઉછાળો આવ્યો હોય જેને ધ્યાને લઈ

(અનું. આઠમાં પાને)

### હૃદયની સમસ્યાઓ માટે શરીરના અનેક પરિબળો પણ જવાબદાર : ડો.ભરત કાકડીયા



ઈન્ડિયન મેડિકલ એસોસિએશન ગુજરાત પ્રમુખ ડોક્ટર ભરત કાકડીયા અબતકને જણાવે છે કે, સાંપ્રત સમયમાં હાર્ટ અટેક ના કિસ્સાઓનું પ્રમાણ ખૂબ વધી રહ્યું હોય અને યુવાનોમાં પણ આ સમસ્યાનું પ્રમાણ ખૂબ વધતું જોવામાં આવી રહ્યું છે ત્યારે ઈંખઅ દ્વારા જાહેર પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું જેનાથી યુવા ધનના મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ આવ્યું હતું.પદ્મશ્રી ડોકટર તેજસ પટેલે સંપૂર્ણ માર્ગદર્શન યુવાધનને પૂરું પાડ્યું હતું તથા સાઈરામ દવે દ્વારા હળવી શૈલીમાં આ મુદ્દે વાતચીત કરવામાં આવી હતી.હાર્ટને લગતી સમસ્યા આવવી એ શરીરના ઘણા કારણોને લઈ હોય શકે છે.

# ટ્રાફિક જ્ઞાન ચકાસણી પરિક્ષામાં વિરાણી કન્યા શાળાની છાત્રાનું શ્રેષ્ઠ પ્રદર્શન



**અબતક, રાજકોટ**

વલ્લભ કન્યા કેળવણી મંડળ સંચાલીત કડવીબાઈ વીરાણી કન્યા વિદ્યાલયમાં વિદ્યાર્થીનીઓને શિક્ષણની સાથે સાથે જ્ઞાન, સંસ્કાર અને કેળવણી પણ આપવામાં આવે છે.

તે અનુસંધાને શાળામાં રાજકોટ શહેર પોલીસ તથા આર.ટી.ઓ. દ્વારા ટ્રાફીક જ્ઞાન ચકાસણી પરીક્ષા અંતર્ગત શાળાની વિદ્યાર્થીની નકુમ સોનિયા વિજયભાઈએ રાજકોટ શહેરની વિવિધ શાળાના વિદ્યાર્થીઓ સાતમું સ્થાન પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધારેલ છે.

# કાશી વિશ્વનાથધામમાં તેર કરોડ ભક્તોએ કર્યા દર્શનઃસર્જાયો રેકોર્ડ



**અબતક, રાજકોટ**

ઉત્તર પ્રદેશના કાશી વિશ્વનાથ ધામમાં છેલ્લા ૨ વર્ષમાં રેકોર્ડ બ્રેક શ્રદ્ધાળુઓએ દર્શન કર્યા છે. કાશી વિશ્વનાથ ધામમાં દર્શન માટે આવતા ભકતો માટે સુવિધા વધારવા માટે યોગી સરકારની અતૂટ પ્રતિબદ્ધતાના પરિણામે છેલ્લા બે વર્ષમાં કાશી વિશ્વનાથ ધામ ખાતે ૧૬૦૦૦ આંતરરાષ્ટ્રીય વિઝિટર્સ સહિત ૧૩ કરોડથી વધુ ભક્તોએ દર્શન કર્યા છે.

કાશી વિશ્વનાથ ધામ અને સ્પેશિયલ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટીના મુખ્ય કાર્યકારી અધિકારી સુનિલ વર્માએ જણાવ્યું છે કે ૧૩ ડિસેમ્બર ૨૦૨૧થી ૬ ડિસેમ્બર ૨૦૨૩ સુધી ૧૫૯૩૦ વિદેશી ભક્તોએ વિશ્વ વિખ્યાત કાશી વિશ્વનાથ મંદિરના દર્શન માટે બૂકિંગ કરાવ્યું હતું.પીએમ મોદીએ ૧૩ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ કાશી વિશ્વનાથ કોરિડોરનું લોકાર્પણ કર્યા બાદ ધામમાં આવતા શ્રદ્ધાળુઓની સંખ્યામાં ખાસ્સો વધારો થયો છે. વર્માએ કહ્યું કે ૨૦૨૨ની સરખામણીમાં ૨૦૨૩માં દર્શન માટે બૂકિંગ લગભગ બમણું થઈ ગયું છે.

**તીર્થસ્થળમાં ધાર્મિક પર્યટનમાં ખાસ્સો વધારો થયો**

૧૩ ડિસેમ્બર ૨૦૨૧થી ૬ ડિસેમ્બર ૨૦૨૩ સુધી રેકોર્ડ તોડ ૧૨ કરોડ ૯૨ લાખ શ્રદ્ધાળુઓએની સાથે તીર્થસ્થળમાં ધાર્મિક પર્યટનમાં ખાસ્સો વધારો થયો છે. ડિસેમ્બર ૨૦૨૧માં વિદેશી ભક્તોની સંખ્યા ૪૦, ૧ જાન્યુઆરી ૨૦૨૨થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૨ દરમિયાન ૪૫૪૦ અને ૧ જાન્યુઆરીથી ૬ ડિસેમ્બર દરમિયાન ૧૧૩૫૦ રહી હતી.

# ઈસ્ટ દિલ્હી પ્રીમિયર લીગની પૂર્ણાહુતિ પર ઈનામ વિતરણ સમારોહનું આયોજન

## યુવાનોનું સમાજમાં કરોડરજ્જુ જેવું મહત્વનું સ્થાન છેઃ આચાર્ય લોકેશજી







**અબતક, રાજકોટ**

આધ્યાત્મિક જગતનાં ચમકતા સિતારા જૈનાચાર્ય લોકેશજી ધર્મ, આધ્યાત્મિકતા, સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રમતગમત વગેરે ક્ષેત્રોમાં પ્રતિભાઓને આગળ વધારવામાં હંમેશા અગ્રેસર રહે છે. આ અંતર્ગત, ''ખેલો ઈન્ડિયા'' - એમ.પી રમત સ્પર્ધા અંતર્ગત પૂર્વ દિલ્હી પ્રીમિયર લીગ ૨ નાં ઈનામ વિતરણ સમારોહમાં, 'અહિંસા વિશ્વ ભારતી'નાં સ્થાપક, પૂજ્ય આચાર્ય લોકેશજી, પ્રખ્યાત ક્રિકેટર ગૌતમ ગંભીર અને ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ સાથે શ્રી તરુણ ચુગે ભાગ લીધો.

વિજેતા ટીમોને પુરસ્કાર આપતાં આચાર્ય લોકેશજીએ જણાવ્યું હતું કે, ''કરોડરજ્જુને શરીરમાં જે સ્થાન છે, તે જ સ્થાન સમાજમાં યુવાનોનું છે. યુવાધન ઉર્જાનો સ્ત્રોત છે, યુવા પેઢી સ્વસ્થ અને સશક્ત હોય તો દેશ અને સમાજ મજબૂત બને છે. રમતગમત દ્વારા સમાજમાં સંપ, સદભાવ, સકારાત્મકતા, પ્રેમ અને ભાઈચારો વધે છે. જ્યારે યુવા પેઢી સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રમતગમત વગેરે તમામ ક્ષેત્રોમાં વિકાસ કરે છે ત્યારે સમાજનો સર્વાંગી વિકાસ થાય છે.

ભાજપનાં મહાસચિવ તરુણ ચુગજીએ કાર્યક્રમનાં આયોજન માટે પ્રેરણા આપનાર પૂર્વ દિલ્હીનાં સાંસદ અને પ્રખ્યાત ક્રિકેટર ગૌતમ ગંભીરની પ્રશંસા કરતા કહ્યું કે, યુવા પેઢીની ઉર્જા સકારાત્મક દિશામાં વહેતી હોવાથી તેઓ ડ્રગ્સથી પણ દૂર રહે છે.

પૂર્વ દિલ્હી પ્રીમિયર લીગના કલ્પનાકાર અને પ્રમોટર, પૂર્વ સાંસદ ક્રિકેટર ગૌતમ ગંભીરે એવોર્ડ વિતરણ સમારોહમાં ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા બદલ પ્રખ્યાત જૈન આચાર્ય લોકેશજી અને ભાજપનાં મહાસચિવ તરુણ ચુગજીનો આભાર વ્યક્ત કર્યો અને કહ્યું કે, સફળ વડાપ્રધાન દેશના યુવાનોને આગળ લઈ જવાની નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી જ

(અનું. આઠમાં પાને)

# બાળલકવા નાબૂદી અભિયાનઃ ૧.૪૨ લાખ બાળકોને અપાય પોલિયો રસી



**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં બાળ લકવા નાબુદી અભિયાન અંતર્ગત આજે પોલિયો રવિવારના દિવસે ૯૧૯ રસીકરણ બુથ ઉપર ૧,૭૫૩ રસીકરણ ટીમો દ્વારા ૧,૪૧,૯૫૮ બાળકોને પોલિયો વિરોધી રસી આપવામાં આવી હતી. પ્રથમ દિવસે જ ૮૨.૬૧% લક્ષ્યાંક પૂર્ણ થઈ ચૂક્યો છે. બીજા અને ત્રીજા દિવસે આરોગ્ય ટીમ ગામના દરેક ઘરોની મુલાકાત લઈ, કોઈ બાળક બાકી નથી તેની ખાત્રી કરશે અને જો રસીકરણમાં બાળક બાકી હશે તો સ્થળ પર જ રસી આપવામાં આવશે.૨૨૭ મોબાઈલ ટીમ કાર્યરત રહી જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરીના માર્ગદર્શન હેઠળ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.નિલેશ એમ. રાઠોડ તથા તેમની ટીમના આરોગ્ય કર્મચારી, આશા બહેનો, આંગણવાડી કાર્યકર તથા સ્વંયસેવકોએ અંતરીયાળ વિસ્તાર, વાડી વિસ્તારમાં કામગીરી કરવા માટે ૨૨૭ મોબાઈલ ટીમ કાર્યરત રહી હતી. શહેરના રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન તથા મોટી સંખ્યામાં જયાં લોકો એકત્રિત થાય છે તેવી જગ્યાઓ માટે ૪૬ ટ્રાન્ઝીટ ટીમ બનાવાઈ હતી. આ કામગીરી માટે જિલ્લામાં ૧૮૯ સુપરવાઈઝરો નિમાયા હતા.

બાળકોને પોલિયો વિરોધી રસી આપવામાં આવી ભારત સરકાર દ્વારા દેશમાંથી બાળ લકવા નાબુદી માટે ચાલી રહેલા બાળલકવા નાબુદી અભિયાનના સારા પરિણામો મળી રહ્યા છે ત્યારે દેશમાંથી બાળલકવા નાબૂદ થવાની તૈયારીમાં છે. આ અભિયાનના ભાગરૂપે આજે રાજકોટ જિલ્લાના તમામ તાલુકાના ગ્રામ્ય અને નગરપાલિકા વિસ્તારોમાં ૫ વર્ષથી નીચેના તમામ બાળકોને પોલિયો વિરોધી રસી આપવામાં આવી હતી.

# સમાજને ભષ્ટાચાર મૂકત બનાવવાની પહેલ આપણાથી જ થવી જોઇએઃ પૂ.ત્યાગ વલ્લભ સ્વામી

## આત્મીય યુનિ. અને યુએનજીસીએનઆઇ દ્વારા ભ્રષ્ટાચાર નિવારણ અંગે યોજાયો પરિસંવાદ



**અબતક, રાજકોટ**

દિન-પ્રતિદિન સમાજમાં વધતા ભ્રષ્ટાચારથી ચિંતિત આત્મીય યુનિવર્સિટી અને નેશન્સ ગ્લોબલ કોમ્પેક્ટ નેટવર્ક ઈન્ડિયા (યુ.એન.જી.સી.એન.આઈ.) દ્વારા ઓફલાઈન અને ઓનલાઈન એમ બન્ને માધ્યમોથી ભ્રષ્ટાચાર સામે વૈશ્વિક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું. આ પરિસંવાદમાં હ્યુમેનિસ્ટિક મેનેજમેન્ટ નેટવર્ક, રિસ્પોન્સિબલ યુએન પ્રિન્સિપલ્સ ફોર મેનેજમેન્ટ એજ્યુકેશન, એન્ટી કરપ્શન વર્કિંગ ગ્રુપ, બ્લિટ્ઝ ઈન્ડિયા, શાપર વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન અને રોટરી ક્લબ ઓફ પ્રાઈમ જેવી અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનો ભરપૂર સાથ અને સહકાર સાંપડ્યો હતો.

પરમ પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામીએ આશીર્વાદ આપતા જણાવેલ કે, સમાજને ભ્રષ્ટાચાર મુકત બનાવવું હોય તો તેની શરૂઆત આપનાથી જ કરવી પડે પછી જ પરિવાર, સમાજ અને રાષ્ટ્ર ભ્રષ્ટાચાર મુક્ત બને આવા શુભ સંદેશ સાથે દિપપ્રાગટ્યથી આ કાર્યક્રમની શરૂઆત થઈ. આ પરિસંવાદના અધ્યક્ષ તરીકે આત્મીય યુનિવર્સિટીના વાઈસ

(અનું. આઠમાં પાને)

# કોર્પોરેશનના ચોંપડે ડેન્ગ્યૂ અને ચીકન ગુનિયાના કેસમાં ઘટાડો

## શરદી-ઉધરસના ૧૦૮૧, ઝાડા-ઉલ્ટીના ૨૪૦ અને સામાન્ય તાવના ૭૩ કેસઃ મચ્છરોની ઉત્પતિ સબબ ૨૬૮ને નોટિસ

**અબતક, રાજકોટ**

શહેરમાં ડેન્ગ્યૂ અને ચીકન ગુનિયાના રોગચાળાએ ઉપાડો લીધો છે છતાં કોર્પોરેશનની આરોગ્ય શાખાના રેકોર્ડ પર ગત સપ્તાહે ડેન્ગ્યૂ અને ચીકન ગુનિયાના કેસમાં ઘટાડો નોંધાયો છે. એક સપ્તાહમાં માત્ર પાંચ-પાંચ કેસ નોંધાયા હોવાનું જાહેર કરવામાં આવ્યું છે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે મેલેરિયા અને ડેન્ગ્યૂના કેસમાં ઘટાડો






નોંધાયો છે. જ્યારે ચીકન ગુનિયાના કેસ વધ્યા છે.

કોર્પોરેશનની આરોગ્ય શાખા દ્વારા આજે રોગચાળાના સાપ્તાહિક આંકડાઓ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં ગત સપ્તાહે શહેરમાં મેલેરિયાનો નવો એકપણ કેસ નોંધાયો ન હોવાનું જાહેર કરાયું છે. જે થોડું આશ્ચર્યજનક છે. જ્યારે ડેન્ગ્યૂના નવા પાંચ અને ચીકન ગુનિયાના નવા પાંચ કેસ નોંધાયા છે. શરદી-ઉધરસના ૧૦૮૧, સામાન્ય તાવના ૭૩ અને ઝાડા-ઉલ્ટીના ૨૪૦ કેસ મળી આવ્યા છે. રોગચાળાને નાથવા માટે એક સપ્તાહમાં ૫૮,૭૧૨ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી. જ્યારે ૧૭૭૪ ઘરોમાં ફોગીંગની કામગીરી કરવામાં આવી છે. કોમર્શિયલ હેતુની ૫૨૩ મિલકતોમાં મચ્છરની ઉત્પતિ સબબ ચેકીંગ હાથ ધરાયું હતું. જે અંતર્ગત માત્ર ૮ સ્થળોએ મચ્છરનો ઉપદ્રવ જણાતા તેઓને નોટિસ આપવામાં આવી છે. જ્યારે બિનરહેણાંક હેતુની ૨૬૦ મિલકતોમાં મચ્છરનો ઉપદ્રવ મળી આવતા તમામને નોટિસ આપવામાં આવી છે. કોર્પોરેશનના રેકોર્ડ પર ભલે ડેન્ગ્યૂ અને ચીકન ગુનિયાના કેસમાં ઘટાડો નોંધાયો હોય પરંતુ વાસ્તવમાં હજુ રોગચાળાએ શહેરને પોતાના અજગરી ભરડામાંથી મુક્ત કર્યું નથી.

# યાજ્ઞિક રોડ, સંતકબીર રોડ અને ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ૭ મિલકતો સીલ

## ૧૨ બાકીદારોની મિલકતોને ટાંચમાં લેવાયઃ રૂ.૩૧.૩૦ લાખની વસૂલાત



**અબતક, રાજકોટ**

તોતીંગ લક્ષ્યાંકને હાંસલ કરવા માટે કોર્પોરેશનની વેરા વસૂલાત શાખા દ્વારા હાર્ડ રિકવરીનો દૌર શરૂ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત આજે અલગ-અલગ વિસ્તારોમાં સાત બાકીદારોની મિલકત સીલ કરવામાં આવી હતી. જ્યારે ૧૨ મિલકતને ટાંચ જપ્તીની નોટિસ અપાતા રૂ.૩૧.૩૦ લાખની વસૂલાત થવા પામી છે.

વોર્ડ નં.૬માં સંતકબીર રોડ પર રૂ.૨.૪૦ લાખની વસૂલાત માટે બે મિલકતો સીલ કરવામાં આવી હતી. વોર્ડ નં.૭માં યાજ્ઞિક રોડ પર ત્રણ બાકીદારોની મિલકતોને તાળા લગાવી દેવામાં આવ્યા હતા. જ્યારે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ૧.૦૧ લાખની વસૂલાત માટે એક યુનિટ સીલ કરાયું હતું. ચંપકનગર, મવડી, રૈયા રોડ, કોઠારીયા રોડ અને જીઆઈડીસી વિસ્તારમાં બાકીદારોની મિલકતને ટાંચમાં લેવામાં આવી છે.

# પાંચ વોર્ડમાં વોંકળાની સફાઇ ૨૪ ટન ગાર-કચરો નિકળ્યો



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા હેઠળ વોંકળા વિભાગ દ્વારા આજે વોર્ડ નં.૭માં સર્વેશ્વર ચોક પાર્કિંગ એરિયા વોંકળા સફાઈ તથા વોર્ડ નં.૦૩માં આવેલ પરસાણાનગરમાં ૦૫ જે.સી.બી. દ્વારા વોકળા સફાઈ, તથા વોર્ડ નં. ૧૪માં આવેલ ભક્તિનગર-૪માં વોકળા સફાઈ તથા વોર્ડ નં. ૦૬માં આવેલ દુધેશ્વર મહાદેવ પાસે મેન્યુઅલી વોકળા સફાઈ કરવામાં આવેલ તથા પશ્ચિમ ઝોનના વોર્ડ નં.૧૨ આવેલ રામધણ પાસે મેન્યુઅલી વોકળા સફાઈ કામગીરી કરવામાં આવેલ હતી. એમ કુલ ૨ ડમ્પર ફેરા અને ૪ ટ્રેકટર ફેરાથી અંદાજીત ૨૪ ટન ગાર, કચરો વોંકળામાંથી નિકાલ કરવામાં આવેલ છે.

મ્યુનિ. કમિશનર તથા નાયબ કમિશનરની સુચના અનુસાર રાજકોટ શહેરમાં આવેલ તમામ હયાત વોકળાઓની સફાઈ કામગીરી ચાલુ કરવામાં આવેલ છે.

# પુરવઠાની ત્રણેય ઝોનલ કચેરીઓમાંથી સિક્યુરિટી ગાર્ડને છુટા કરી દેવાયા

## કચેરીઓમાં કતારો જામતી હોય, ઓપરેટરોને ભીડને કાબુ કરવાની જવાબદારી નિભાવવી પડતી હોવાની રાવ

**અબતક, રાજકોટ**

પુરવઠાની ત્રણેય ઝોનલ કચેરીઓમાંથી સિક્યુરિટી ગાર્ડને છુટા કરી દેવાયાનું જાણવા મળી રહ્યું છે. આ કચેરીઓમાં કતારો જામતી હોય, ઓપરેટરોને ભીડને કાબુ કરવાની જવાબદારી નિભાવવી પડતી હોવાની રાવ ઉઠી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર શહેરમાં કાર્યરત પુરવઠાની ત્રણેય ઝોનલ કચેરીઓમાં અગાઉ બે - બે સિક્યુરિટી ગાર્ડ ફરજ બજાવતા હતા. તેમાંથી અગાઉ એક- એક ગાર્ડને છુટા કરાયા હતા. ત્યારબાદ હવે એક-એક ગાર્ડ વધ્યા તેમાંથી પણ બધાને છુટા કરી દેવામાં આવ્યા છે. જેને કારણે ઘણી વખત કચેરીઓમાં ઓપરેટરોને સિક્યુરિટી ગાર્ડ તરીકે કામ કરવું પડે તેવી નોબત આવી ગઈ છે. જોકે સૂત્રોના જણાવ્યા અનુસાર તંત્ર એવું કારણ આપી રહ્યું છે કે આ સિક્યુરિટી ગાર્ડ માત્ર કોરોના સમયે ભીડ ન થાય તે માટે જ મુકવામાં આવ્યા હતા. હવે તેઓની જરુર ન હોય તેથી તેને હટાવી દેવામાં આવ્યા છે.

### પુરવઠાના સોફ્ટવેરમાં ખામી, ફિંગરપ્રિન્ટ લેવાની કામગીરી ખોરવાય

પુરવઠાની કામગીરીમાં વપરાતા મંત્રા ડિવાઈસના સોફ્ટવેરમાં કોઈ ફોલ્ટ સર્જાયો હોવાનું જાણવા મળી રહ્યું છે. જેના કારણે થમ્બ અને ફિંગરપ્રિન્ટ લેવાના હોય, તેની કામગીરી ખોરવાય ગઈ છે. પરિણામે અરજદારોને કલાકો સુધી રાહ જોવી પડી રહી છે.

# કોલેજીયને છાત્રાનું નોકરીની લાલચે શિયળ લૂંટાયું

### ક્રાઈમ બ્રાચના કર્મચારી હોવાની ઓળખ આપી દુષ્કર્મ આચરનાર શખ્સ ઝબ્બે

**અબતક, રાજકોટ**

શહેરના કોઠારીયા રોડ ઉપર એક વિસ્તારમાં રહેતી અને કોલેજમાં અભિયાસ કરતી યુવતીને ઉદયપુર અઈઈ ક્રાઈમ બ્રાન્ચમાં નોકરી કરતો હોવાની ઓળખ આપી પરિચય મેળવી પોતાની અન્ડરમાં રાઈટર તરીકે નોકરી અપાવી દેવાની લાલચ આપી અવાર- નવાર અલગ-અલગ સ્થળોએ લઈ જઈ મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચરી તારા માતા પિતાને જેલમાં પૂરાવી દઈશ તેવી ધમકી આપનાર શખસ સામે ફરિયાદ કરતા પ્ર.નગર પોલીસે ગુનો નોંધી આરોપીને સકંજામાં લઈ તેની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, કોલેજીયન યુવતીએ પ્ર.નગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી જેમા આરોપી તરીકે ગંજીવાડામાં રહેતો દેવરાજ વાલજીભાઈ ગોહેલનું નામ આપ્યું હતું. ફરિયાદમાં વધુ જણાવ્યું હતું કે, ચારેક વર્ષ પહેલા યુવતી તેના પિતા સાથે જ્યુબેલી પોસ્ટ ઓફિસમાં આધાર કાર્ડમાં સુધારો કરવા માટે ગઈ હતી તે દરમિયાન તેના પિતા બહાર ગયા હોય ત્યા મળેલા શખસે આધાર કાર્ડ અંગેની વાતચીત કરી હતી અને હું ઉદયપુરમાં અઈઈ ક્રાઈમ બ્રાન્ચમાં નોકરી કરતો હોવાનું કહી તેની સાથે વાતચીત શરૂ કરી હતી અને પોતાનું નામ દેવરાજ ગોહેલ હોવાનું જણાવ્યું હતું અને પોતાની અન્ડરમાં રાઈટર તરીકે જોબવર્ક કરવાનું કહ્યું હતું અને ફોન નંબર આપ્યો હતો. યુવતીએ ઘરે જઈ તેના માતા-પિતાને વાત કરતા તેને નોકરી કરવાની હા પાડી હોય જેથી તેને ફોનમાં વાત કરી હતી અને તેને ઘણા સમયથી નોકરી નહી મળતા તેને ખોટું બોલો છો તેમ કહી હવે મળવા નહી આવું તેમ કહેતા તેને ઝઘડો કરી તું પાંચ વર્ષ સુધી નોકરી કરવા બંધાયેલી છો જો તું ના પાડીશ તો તને અને તારા પિતાને જેલમાં પુરાવી દઈશ તેવી ધમકી આપી હતી. અવાર-નવાર અલગ-અલગ સ્થળે લઈ જઈ બ્લેકમેઈલીંગ કરી મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચર્યાનું જણાવતા પી.આઈ. ગોંડલીયા સહિતના સ્ટાફે યુવતીની ફરિયાદ પરથી ગુનો નોંધી આરોપી દેવારાજની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

# કલેકટરની અધ્યક્ષતામાં ૨૦મીએ લેન્ડગ્રેબિંગ કમિટીની બેઠક

## મિલ્કતો ઉપર કબજો કરવા મામલેના ૫૦ કેસોની સુનાવણી હાથ ધરાશે

**અબતક, રાજકોટ**

જીલ્લા કલેકટર કચેરી ખાતે આગામી ૨૦મીએ લેન્ડગ્રેબિંગ કમિટીની બેઠક યોજાનાર છે. જેમાં લેન્ડગ્રેબિંગના ૫૦ કેસમાં સુનાવણી થવાની છે.


જિલ્લા કલેકટર કચેરી ખાતે તા.૨૦ના રોજ બે મહત્વપૂર્ણ બેઠક થવાની છે. જેમાં લેન્ડગ્રેબિંગ કમિટીની બેઠક યોજાનાર છે. આ બેઠકમાં જિલ્લા કલેકટર પ્રભવ જોશી, જિલ્લા પોલીસ વડા સહિતના અધિકારીઓની ઉપસ્થિતિમાં ૫૦ અરજીઓ અંગે નિર્ણય લેવામાં આવશે. આ ઉપરાંત આજ દિવસે એનએફએસએ માટે જિલ્લા પુરવઠા અધિકારી સુનાવણી કરશે.

# ગ્રીન પાર્કના યુવાને આર્થિક ભીસથી કંટાળી કર્યો આપઘાત

## પંખાના હુક સાથે દોરી બાંધી ગળાફાંસો ખાઇ જીવન ટૂંકાવ્યું

**અબતક,રાજકોટ**

કોઠારિયા રોડ પર આવેલા ગ્રીન પાર્કમાં રહેતા અને માંડા ડુંગર પાસે ભંગારનો ડેલો ધરાવતા પટેલ યુવાને આર્થિક ભીસથી કંટાળી પોતાના ઘરે પંખાના હુક સાથે દોરી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કયાજનું ભક્તિનગર પોલીસમાં નોંધાયું છે. આ અંગેની પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ ગ્રીન પાર્ક મેઈન રોડ પર રહેતા નિલય દામજીભાઈ ભંડેરી નામના ૨૮ વર્ષના પટેલ



યુવાને સવારે પોતાના રુમનો દરવાજો ખોલ્યો ન હોવાથી પરિવારજનોએ ઉપરના માલે નિલય ભંડેરીના રુમનો દરવાજો ખોલીને તપાસ કરી ત્યારે તે પંખાના હુક સાથે દોરી બાંધી ગળાફાંસો ખાધેલી હાલતમાં લટકતો જોવા મળ્યો હતો. ભક્તિનગર પોલીસ દ્વારા નિલય ભંડેરીએ કરેલા આપઘાત અંગે કરેલી તપાસમાં તે ત્રણ બહેન અને એક ભાઈમાં નાનો હોવાનું અને માંડા ડુંગર પાસે ભંગારના ડેલો ધરાવે છે. છેલ્લા કેટલાક સમયથી આર્થિક ભીસ હોવાના કારણે આપઘાત કર્યો હોવાનું બહાર આવ્યું છે.

# ચુનારાવાડની પરિણીતાને મોબાઈલમાં કોલ કરી પજવણી કરનાર સામે રાવ

### મોબાઈલ કોલ ડીટેઈનના આધારે તપાસ

**અબતક, રાજકોટ**

શહેરમાં પરિણીતાને મોબાઈલ પર પજવણી કર્યાનો બનાવ પ્રકાશમા આવ્યો છે. ચુનારાવાડ-૧માં રહેતી પરિણીતાએ અજાણ્યા શખ્સ મોબાઈલમાં વાત કરી પજવણી કરતો હોવાની થોરાળા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. બે વર્ષ પૂર્વે પરણેલી અને રાજકોટમાં જ પિયર ધરાવતી પરિણીતાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, ગત તા.૧૨-૧૧ના મોડી રાતે પરિવાર સાથે હતી. ત્યારે અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ત્યારે શખ્સે તું તારા ઘરમાં એકલી છો, તો તારે મારે તારી સાથે વાત કરવી છે. જેથી પોતે તમને ઓળખતી નહિ હોવાનું કહેતા તેને તુંમને બહુ ગમે છે. હું તને સારી રીતે ઓળખું છું. તને ખુબ જ પ્રેમ કરૂ છું. આઈ લવ યુ. આવા શબ્દો સાંભળી તેનું નામ પૂછવાનો પ્રયાસ કરતા તે જેમ ફાવે તેમ બોલવા લાગ્યો હતો. જેથી ફોન કટ કરી પતિને વાત કરી હતી. પતિએ પણ અનેક વખત તે નંબર પર ફોન લગાડયો હતો. પરંતુ તે ફોન કટ કરી નાંખતો હતો. ત્યાર બાદ ગત તા.૨૧ના પિયર હતી ત્યારે પણ ફોન આવ્યા હતા. પરંતુ પોતે ફોન ઉપાડતી ન હતી. આમ અવારનવાર અજાણ્યા નંબર પરથી શખ્સ પજવણી કરતો હોય પહેલા સાયબર ક્રાઈમમાં ઓનલાઈન ફરિયાદ કરી હતી. જેને પગલે થોરાળા પોલીસના પી અ ે સ અ ા ઈ આર.આર.સોલંકીએ ફરિયાદ નોંધી નંબરના આધારે આરોપીને પકડવા તજવીજ હાથ ધરી છે.

# એન્ટીક ઝવેરાત ખરીદવાની લ્હાયમાં પરાબજારના વૈપારીએ ૬ લાખ ગુમાવ્યા

## ઠેકેદાર હોવાની ઓળખ આપી ખોદકામમાં ધન મળ્યું છે તેમ કહી ૩ શખ્સે પ્રૌઢને શિશામાં ઉતાર્યા

**અબતક, રાજકોટ**

સોનાના જૂના સિક્કા ખરીદવાની લાલચમાં શહેરના વેપારીએ રૂ.૬ લાખ ગુમાવ્યાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. પરાબજાર, કૃષ્ણપરા-૧માં રહેતા અને પરાબજાર, ગોળપીઠમાં તાલપત્રી વેચવાનો વેપાર કરતા તાહિરભાઈ અસગરઅલી હથિયારીએ ત્રણ અજાણ્યા શખ્સ સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. વેપારીની ફરિયાદ મુજબ, દરમિયાન ગત મહિનાના પહેલા અઠવાડિયે પોતે ભાઈ સાથે દુકાને હતા ત્યારે એક વ્યકિત તાલપત્રીની ખરીદ કરવા આવ્યો હતો. બાદમાં તે મોરબીમાં ઠેકેદાર હોવાનું અને તેને ત્યાં એક સ્થળે ખોદકામ કરતી વેળાએ જમીનમાં દાટેલા થેલામાંથી જૂના સોનાના સિક્કા મળ્યા છે જે સિક્કા મારે વેચવા છે. લાંબી રકઝકના અંતે તે વ્યક્તિ અન્ય બે શખ્સ સાથે શનિવારે રાતે દુકાને આવ્યો હતો. જોકે, પહેલા જ આ સિક્કાની ખરાઈ કરવા પોતે નાઈટ્રીક એસિડ લઈ આવ્યા હોય સિક્કા ચેક કરવા છ સિક્કા લીધા હતા. જે ચેક કરવા પ્રવાહીમાં નાંખતા કંઈ અજુગતું લાગ્યું ન હતું. બાદમાં સિક્કાઓના પોટલાનું વજન કરતા પોણા બે કિલો જેવું વજન થયું હતું..

ખરાઈ દરમિયાન કંઈ અજુગતું નહીં લાગતા સોનાના જૂના સિક્કાના બદલામાં તે વ્યક્તિને રૂ.૬ લાખની રકમ આપતા ત્રણેય શખ્સ ત્યાંથી જતા રહ્યાં હતા. બાદમાં સોનાના જૂના સિક્કાનો મુઠ્ઠો ભરી નાઈટ્રીક એસિડ પ્રવાહીમાં નાંખતા જ ધુમાડો નિકળવા લાગ્યો હતો. જેથી આ સોનાના સિક્કા નહીં હોવાનું જાણવા મળતાં બંને ભાઈ ત્રણેય શખ્સને શોધવા પાછળ ગયા હતા. પરંતુ હાથ લાગ્યા ન હતા. આ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

# વિજય હજારે ટ્રોફી પ્રી ક્વાર્ટર ફાઈનલમાં બંગાળનો ગુજરાત ઈલેવન સામે આઠ વિકેટે વિજય

**અબતક-રાજકોટ**

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસો,ના યજમાન પદે ખંઢેરી સ્ટેડિયમમાં ફેલાઈ રહેલ વિજય હજારે ટ્રોફી ૨૦૨૩ ૨૪ વનડે ટુર્નામેન્ટ માં ૯ થી ૧૬ ડિસેમ્બર સુધી ક્રિકેટ મહાજંગ નું નિર્માણ થયું છે પ્રિ કવાટર ફાઈનલમાં આજે ગુજરાત અને બંગાળ વચ્ચેની ટક્કરમાં બંગાળનો આઠ વિકેટથી વિજય થયો હતો, બંગાળે ટોસ જીતીને દાવ આપ્યો હતો, ગુજરાતે ૫૦ ઓવરમાં નવ વિકેટે ૨૮૩ રન કર્યા હતા તેમાં પ્રિયાંકપંચાલ એ નવ ચોક્કા છક્કા ફટકારી ૧૧૪ બોલમાં ૧૦૧ રન કર્યા હતા, ઉમંગ કુમારે ૪૭ બોલમાં ચાર ચોક્કા અને ચાર છક્કા ની મદદથી ૬૫ નો સ્કોર કર્યો હતો, સૌરવ ચૌહાણ એ ૫૩ બોલમાં છ ચોક્કા, ને બે છક્કા સાથે ૫૩ કર્યા હતા સુમનદાસે ૧૦ ઓવરમાં ૪૮ રન આપીને બે વિકેટ લીધી હતી . બંગાળે બે વિકેટ એ ૨૮૬ રન ૪૬ ઓવરમાં પુરા કર્યા હતા સુદીપ એ ૧૩૨ બોલમાં ૯ ચોખા બે છક્કા મળી ૧૧૪ નોટ આઉટ રહ્યો હતો. અનુસપ મજમુદાર તે ૮૮ બોલમાં ૧૦૨ રન કરી રહ્યો હતો ચિંતન ગાજા અને કસન પટેલ એક એક વિકેટ લીધી હતી અને બંગાળે મેચ આઠ વિકેટે જીતીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો

આ જ રીતે ગ્રુપ બે માં કેરળ અને મહારાષ્ટ્ર વચ્ચે ખેલાયેલી રમતમાં કેરળ એ ૧૫૩ રને વિજય મેળવી ક્વોટર ફાઈનલ માં પ્રવેશ કર્યો હતો મહારાષ્ટ્ર ટોસ જીતીને દાવ આપ્યો હતો તેમાં કેરળ એ ૫૦ ઓવરમાં ચાર વિકેટના નુકસાને ૩૮૩ રન કર્યા હતા કેપ્રસાદે ૧૪૪ ,રોહન કુળનુંમલે ૧૨૦ રન ,વિષ્ણુ વિનોદે ૨૩ બોલમાં ૪૩ રન, અબ્દુલ ૩૫ રન, પ્રદીપ દાઢે ,મનોજ ઈંગ્લે, રામકૃષ્ણ ઘોષ અને અજીમ કાજીએ એક એક વિકેટ લીધી હતી.

મહારાષ્ટ્ર ૩૭.૪ ઓવરમાં ૨૩૦ રન એ ઓલ આઉટ થયું હતું, તેમાં ઓમ ભોંસલેના ૭૮, કૌશલતાંબીએ ૫૦ ,નિખીલ શ્રેયાગોપાલે ચાર વિકેટ લીધી વૈશાખ ચંદ્ર ને ત્રણ વિકેટ લીધી હતી કેરલે મહારાષ્ટ્ર સામે ૧૫૩ રને વિજય મેળવી કવાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.

આજે ક્વાર્ટર ફાઈનલ એકમાં હરિયાણા અને બંગાળ વળતર ફાઈનલ બે માં બે માં રાજસ્થાન અને કેરલ ફાઈનલ ત્રણમાં વિદાય અને કર્ણાટિક ફાઈનલ ચારમાં મુંબઈ તામિલનાડુ વચ્ચે જંગ ચાલી રહ્યો છે સ્પોટ્ર્સ ૧૮ ખેલ અને જીઓ સિનેમા પર પ્રસારિત થઈ રહી છે.

# ૨૦મીએ એનએફએસએની બેઠક : બાવન કેસની થશે સુનાવણી

## એનએફએસએના લાભાર્થી બનવા માટે મામલતદાર કક્ષાએથી નામંજૂર થયેલ અરજીઓનો કલેકટરના અધ્યક્ષસ્થાને બનેલી સમિતિ દ્વારા નિર્ણય કરાશે

**અબતક, રાજકોટ**

એનએફએસએના લાભાર્થી બનવા માટે મામલતદાર કક્ષાએથી નામંજૂર થયેલ અરજીઓનો કલેકટરના અધ્યક્ષસ્થાને બનેલી સમિતિ દ્વારા નિર્ણય કરવામાં આવે છે. જે મામલે ૨૦મીએ બેઠક યોજવામાં આવનાર છે.

જેમાં ૫૨ કેસોની સુનાવણી કરવામાં આવશે.

તાલુકા કક્ષાએ તથા મહાનગરપાલિકા વિસ્તાર માટે મામલતદારના અધ્યક્ષસ્થાને રચાયેલ સમિતિ દ્વારા નામંજુર કરવામાં આવેલ અરજીઓ અંગેના નિર્ણય પરત્વે અરજદાર નારાજ થયેલ હોય તો જિલ્લા કક્ષાની કલેકટરના અધ્યક્ષસ્થાને રચાયેલ સમિતિ સમક્ષ અપીલ અરજી રજૂ કરી શકે છે.

જિલ્લા કક્ષાની સમિતિમાં કલેકટર-અધ્યક્ષ, નિવાસી અધિક કલેકટર- સભ્ય નિયામક, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી- સભ્ય અને જિલ્લા પુરવઠા અધિકારી-સભ્ય સચિવ તરીકે સમાવેશ થયેલ છે. જે અન્વયે જિલ્લા કક્ષાની સમિતિ સમક્ષ અત્રેની કચેરીમાં અપીલકર્તાઓની અપીલ રજુ થયેલ છે.

તેઓમાંથી કુલ ૫૨ અપીલકર્તાઓને જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા તા.૨૦ ડિસેમ્બરની મુદતે રૂબરૂ સુનાવણી માટે બોલાવવામાં આવેલ છે.

### કેવી રીતે એનએફએસએનો લાભ લઈ શકાય ?

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ અગતા ધરાવતા કુટુંબોમાં લાભાર્થી તરીકે સમાવેશ કરવા અંગે અરજદાર દ્વારા એન.એફ.એસ.એ. અંગેનું ફોર્મ/અરજી જરૂરી આધાર પુરાવા સાથે સંબંધિત તાલુકા/ઝોનલ કચેરીમાં રજુ કરી શકે છે.

### અરજી નામંજૂર થાય તો અપીલ પણ કરી શકાય છે

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ ગાંધીનગર દ્વારા તા.૨૩/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિર્ણય કરવા માટેની સમિતિઓની રચના કરવામાં આવેલ છે. તાલુકા કક્ષાએ તથા મહાનગરપાલિકા વિસ્તાર માટે મામલતદારના અધ્યક્ષસ્થાને રચાયેલ સમિતિ દ્વારા નામંજુર કરવામાં આવેલ અરજીઓ અંગેના નિર્ણય પરત્વે અરજદાર નારાજ થયેલ હોય તો જિલ્લા કક્ષાની કલેકટરના અધ્યક્ષસ્થાને રચાયેલ સમિતિ સમક્ષ અપીલ અરજી રજૂ કરી શકે છે.

### કોણ કોણ એનએફએસએમાં સમાવિષ્ટ થઈ શકે ?

દિવ્યાગ, વૃધ્ધ પેન્શન મેળવતા લાભાર્થી, ગંગા સ્વરૂપ બહેનો (વિધવા બહેનો),ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ હેઠળ નોંધાયેલ બાંધકામ શ્રમયોગી, ગ્રામ્ય તથા શહેરી વિસ્તાર માટે કુટુંબનો કોઈપણ સભ્ય માસિક રૂ.૧૫૦૦૦/- થી વધુ આવક ધરાવતો હોય તો એટલે કે કુટુંબની વાર્ષિક આવક રૂ.૧,૮૦,૦૦૦/-થી વધુ હોય તો તેનો લાભાર્થી તરીકે સમાવેશ કરી શકાશે નહિ. આ આવક મર્યાદા ધ્યાને લઈને ત્રણ પૈડાવાળા યાંત્રિક વાહન ધરાવતા (ઓટો રિક્ષા/છકડો/મીની ટેમ્પો) સમાવેશ કરી શકાય છે. ગંભીર બીમારી જેવી કે, કેન્સર, ટી.બી., એચ.આઈ.વી. પોઝીટીવ, રક્તપિત જેવી બિમારીના કિસ્સામાં સરકારી હોસ્પિટલ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની તેમજ છેલ્લી સારવાર અંગેના રિપોર્ટની ઝેરોક્ષ આપવાની રહેશે.

# બે દિવસ બાદ કડકડતી ઠંડી પડશે: નલિયાનું ૮.૫, રાજકોટનું ૧૩.૫ ડિગ્રી તાપમાન

## ઓછી ઠંડીનું કારણ અલનીનો અને નબળા પશ્ચિમી વિક્ષેપ

## રાજ્યના સાત શહેરોનું તાપમાન ૧૫ ડિગ્રીથી ઓછું નોંધાયું

**અબતક, રાજકોટ**

રાજ્યમાં સતત ઠંડીનો ચમકારો વધી રહ્યો છે. આજે સોમવારે ૧૫ શહેરોમાં ૨૦ ડિગ્રીથી નીચું તાપમાન નોંધાયુ હતું જેમાં નલિયા સૌથી ઠંડુંગાર રહ્યું હતું. નલિયામાં ૮.૫ ડિગ્રી તાપમાન નોંધાયુ તો અમદાવાદમાં ૧૬.૫ ડિગ્રી તાપમાન રહ્યું હતું.હવામાન વિભાગની આગાહી પ્રમાણે બુધવાર બાદ ઠંડીમાં હજુ પણ વધારો થશે. રાજ્યના અન્ય શહેરોની વાત કરીએ તો પોરબંદરમાં ૧૩.૪ ડિગ્રી, ડીસામાં ૧૩.૮ ડિગ્રી, રાજકોટમાં ૧૩.૫ ડિગ્રી, ભૂજમાં ૧૫.૬ ડિગ્રી તાપમાન રહ્યું તો ગાંધીનગરમાં ૧૪.૮ ડિગ્રી, સુરેદ્રનગરમાં ૧૫.૬ ડિગ્રી, મહુવામાં ૧૬.૧ ડિગ્રી તાપમાન નોંધાયુ હતું. તો વડોદરમાં ૧૬.૬, ભાવનગરમાં ૧૭.૯, વેરાવળમાં ૨૦ અને દ્વારકામાં ૧૮.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.હવામાન વિભાગે આગાહી કરી હતી કે આગામી ૭ દિવસ ગુજરાતમાં કમોસમી વરસાદની કોઈ શક્યતા નથી. જો કે, હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે કરી છે આગાહી કરી હતી કે ગુજરાતના વાતાવરણમાં પલટો આવશે. અંબાલાલ પટેલના મતે અરબ સાગરમાં વાવાઝોડું ઉદભવશે. જોકે આ વાવાઝોડુ ઓમાન તરફ ફંટાઈ જશે. પરંતુ ૧૪ થી ૨૦ ડિસેમ્બર દરમિયાન ગુજરાતમાં માવઠું પડશે. અંબાલાલ પટેલનું કહેવું છે કે, કાલથી ગુજરાતમાં હાડ થીજવતી ઠંડી પણ પડશે.ગુજરાતમાં ઉત્તર ઉત્તરપૂર્વના પવન ફૂંકાઈ રહ્યા છે. આ કારણે બેવડી ૠતુનો અનુભવ થઈ રહ્યો છે. વહેલી સવારે ઠંડા પવનના કારણે ઠંડી લાગે છે જ્યારે બપોર બાદ તાપમાનમાં ફેરાફાર થઈ રહ્યો છે. ઠંડીમાં વધારો ઘટાડો જોવા મળે છે. આ સાથે આગામી ૨-૩ દિવસ તાપમાનમાં કોઈ બદલાવ નહિં આવે. મહત્વનું છે કે, નોર્થ-ઈસ્ટ ગુજરાત તરફથી ઠંડા પવન ફૂંકાઈ રહ્યા છે.અંબાલાલ પટેલે કહ્યુ કે, અત્યારે નબળા પશ્ચિમિ વિક્ષેપના કારણે નથી ઠંડી પડતી. આ સાથે ઠંડી સાથે રાજ્યમાં કમોસમી વરસાદ થવાની પણ સંભાવના વ્યક્ત કરાઈ છે. ૨૨ ડિસેમ્બરથી ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે હિમવર્ષા થશે. જેને લઈ ૨૮ ડિસેમ્બરથી રાજ્યમાં ઠંડીનો ચમકારો અનુભવાશે. તેમણે કહ્યું કે, ઓછી ઠંડીનું કારણ અલનીનો અને નબળા પશ્ચિમી વિક્ષેપ છે.

| ક્યાં શહેરમાં કેટલું તાપમાન | |
|---|---|
| અમદાવાદ | ૧૬.૫ |
| વડોદરા | ૧૬.૬ |
| ભાવનગર | ૧૮.૦ |
| ભૂજ | ૧૫.૬ |
| ડીસા | ૧૩.૮ |
| ગાંધીનગર | ૧૪.૮ |
| કંડલા | ૧૬.૬ |
| નલિયા | ૮.૫ |
| પોરબંદર | ૧૩.૪ |
| રાજકોટ | ૧૩.૫ |
| સુરેન્દ્રનગર | ૧૫.૬ |
| વેરાવળ | ૨૦.૦ |

## હાય રે બેકારી.... ક્યાં છે રોજગારી?

# ગુજરાતી યુવાનોમાં સરકારી નોકરીનું આકર્ષણ કે 'બેરોજગારી'? ૨૫૦૦ સરકારી નોકરીઓ માટે આવી એક લાખ અરજી

## ગુજરાત રાજ્ય ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સરકારી વિવિધ વિભાગોમાં ૨૫૦૦ જગ્યા માટે અરજીઓ મંગાવાય

**અબતક, રાજકોટ**

ગુજરાત જ નહીં સમગ્ર દેશમાં યુવા શિક્ષિત બેરોજગારો ની સંખ્યામાં ઉતરોતર વધારો થતો હોવાની સ્થિતિમાં ગુજરાતમાં પણ યુવા વર્ગને સરકારી નોકરીઓ નું આકર્ષણ રહ્યુ છે.. સ્પર્ધાત્મક યુગમાં યોગ્ય રોજગારી અને આવક યુવા વર્ગમાં મોટો પડકાર છે ભણેલ ગણેલો યુવા વર્ગ માટે સરકારી નોકરી પ્રથમ પસંદગી હોવાની લાગણી આજે પણ અકબંધ હોય તેમ તાજેતરમાં જ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સરકારના વિવિધ વિભાગોની ૨૫૦૦ જગ્યાઓની ભરતી પ્રક્રિયા શરૂ કરી અરજીઓ મંગાવવામાં આવતા ૨૫૦૦ જગ્યા માટે એક લાખથી વધુ અરજી આવી છે.

ગુજરાત સરકારના મહેસુલ આયોજન ઉદ્યોગ ખાણ ખનીજ ખાતા સરકારી પ્રેસ ના વિવિધ વિભાગોમાં ટેકનિશિયન ગ્રાફિક ડિઝાઈન મશીન ઓપરેટર સર્વેયર જુનિયર આસિસ્ટન્ટ સહિતની જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરી છે.

ગુજરાત રાજ્ય ગૌણ સેવા પસંદગી મંડળની વેબસાઈટ ઓજસ પર નોકરીઓ માટે અરજીઓ ની મુદત ૧૭ નવેમ્બરથી બે ડિસેમ્બર સુધી હતી આ દરમિયાન ભરત દારૂનું ભારે ઘસારો રહ્યો હતો યુવાનોને સરકારી નોકરી નું આકર્ષણ હજુ પણ અકબંધ છે તેના કારણે ₹૨૫૦૦ જગ્યાઓ માટે એક લાખથી વધુ અરજીઓ મળી હોવાનું ગૌણ સેવા પસંદગી મંડળના એક વરિષ્ઠ અધિકારીએ પોતાનો મત આપ્યો હતો. વિવિધ વિભાગની ૨૫૦૦ જેટલી જગ્યાઓ માટે ઓબ્જેકટીવ પ્રકારની પરીક્ષા અને અને ત્યારબાદ અલગ અલગ રાઉન્ડમાં રૂબરૂ ઈન્ટરવ્યૂ આપીને વર્ગ ત્રણ ટેકનિકલ પોસ્ટ પર ભરતી કરવામાં આવશેસર્વેયર અને સિનિયર સર્વેયરની જગ્યાઓ માટે લગભગ ૫૦,૦૦૦ અરજીઓ આવી હતી ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આગામી બજેટ સુધી માં આ જગ્યાઓ ભરવાનું આયોજન કરવામાં આવ્યું છે " રાજ્ય સરકારના અલગ અલગ વિભાગોમાં અસંખ્ય જગ્યાઓ ખાલી રહી છે આ જગ્યાઓ ભરવાની મંજૂરી બાદ આ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે જેમાં પ્રથમ તબક્કે ૨૫૦૦ જગ્યાઓ માટે હાથ ધરવામાં આવેલી ભરતી પ્રક્રિયામાં એક લાખથી વધુની ઉમેદવારી નોંધાતા ગુજરાતના યુવાનોમાં બેરોજગારીની સાથે સાથે સરકારી નોકરીનું આકર્ષણ કારણભૂત હોવાનું માનવામાં આવે છે.